દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 89 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર સુદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 April 2024, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૧૫ એપ્રિલ ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૬ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈઝરાયલ પર ઈરાનના ડ્રોન અને મિસાઈલ હુમલા

## ૩૦૦થી વધુ હુમલા ખાળવામાં આવ્યાઃ જાનહાનિ નહિવત્

તેલ અવીવઃ ઇરાને ઇઝરાયલ પર ૩૦૦થી વધુ ડ્રોન અને મિસાઇલ હુમલા કરતા અમેરિકા ધૂંઆપૂંઆ થયું છે અને અમેરિકાના પ્રમુખ જો બાઇડને સાથી દેશોની તાકીદની બેઠક બોલાવી હતી.

ઇરાન, ઇઝરાયલ, પેલેસ્ટાઇન, સિરિયા, જોર્ડન સહિતના કેટલાક દેશોને સંડોવતી લડાઇના સંદર્ભે ‘જી-૭’ના સભ્ય દેશો (કેનેડા, ફ્રાંસ, જર્મની, ઇટલી, જાપાન, અમેરિકા, યુકે અને યુરોપિયન યુનિયન)ના નેતાઓએ વીડિયો કોન્ફરન્સિંગથી ચર્ચા કરી હતી અને ઇરાનને ગંભીર પરિણામ માટે તૈયાર રહેવા ચેતવણી અપાઇ હતી.

દરમિયાન, ઇઝરાયલે દાવો કર્યો હતો કે અમારા પર કરાયેલા ડ્રોન અને મિસાઇલ હુમલામાંના ૯૯ ટકા હુમલાને આકાશમાં જ અટકાવાયા હતા અને કોઇ મોટું નુકસાન નથી થયું.

ઇરાને ઇઝરાયલ પર રવિવારે કદાચ સૌપ્રથમ વખત સીધો હુમલો કર્યો ત્યારે અનેક વિસ્તારમાં સાઇરન વાગી હતી અને નાગરિકોને સલામત સ્થળે જતાં રહેવાની સૂચના અપાઇ હતી.

ઇઝરાયલે આક્ષેપ કર્યો હતો કે ઇરાને રવિવારે સવારે અમારા પર ૩૦થી વધુ ક્રૂઝ મિસાઇલ અને ૧૨૦થી વધુ બેલિસ્ટિક મિસાઇલ છોડ્યાં હતાં. અમે તેમાંના મોટા ભાગના હુમલા અટકાવવામાં સફળ થયા હતા.

ઇઝરાયલના લશ્કરે ઇરાનના પચીસથી વધુ ક્રૂઝ મિસાઇલ આકાશમાં જ તોડી નાખ્યાં હતાં. આ હુમલામાં ઇઝરાયલના હવાઇ મથકને મામૂલી નુકસાન થયું હતું. દક્ષિણ ઇઝરાયલમાં સાત વર્ષની એક છોકરી ગંભીર રીતે ઘાયલ થઇ હતી.

ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ સોશિયલ મીડિયા ‘એક્સ’ પર ટૂંકા સંદેશામાં લખ્યું હતું કે આપણે હુમલા રોક્યા છે. આપણે સાથે રહીને યુદ્ધ જીતીશું.અગાઉ, ભારતે પોતાના નાગરિકોને ઇરાન અને ઇઝરાયલની વચ્ચે વધેલી તંગદિલીને ધ્યાનમાં રાખીને આ બે દેશમાં હાલમાં નહિ જવાની સલાહ આપી હતી. સિરિયામાંની ઇરાનની એલચી કચેરી પર

(જુઓ પાનું ૨) ▶▶

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

ભાજપના ચૂંટણીઢંઢેરાની હાઈલાઈટ્સ ૨

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565

# ટિકિટ પાછી નહીં ખેંચે તો ગુજરાતની ૨૬ બેઠક પર ‘ઓપરેશન રૂપાલા’ ચાલશે

## રાજકોટના રતનપરમાં યોજાયેલા ક્ષત્રિય સમાજના મહાસંમેલનમાં મોટી સંખ્યામાં ક્ષત્રિયો હાજર રહ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ક્ષત્રિયો અંગે કેન્દ્રીય પ્રધાન પરશોત્તમ રૂપાલા દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીના પગલે રવિવારે રાજકોટના રતનપરમાં ક્ષત્રિય સમાજનું મહાસંમેલન યોજવામાં આવ્યું હતું. મહાસંમેલનમાં રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં ક્ષત્રિયો પહોંચ્યા હતા. આગેવાનોએ જણાવ્યું હતું કે જો ભાજપ રૂપાલાની ટીકીટ પાછી નહીં ખેંચે તો ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર સમાજ ઓપરેશન રૂપાલા ચલાવશે. આ સંમેલનમાં ગોહિલવાડ રાજપૂત સમાજના પ્રમુખ વાસુદેવસિંહ

(જુઓ પાનું ૨) ▶▶

# અમદાવાદ, મોરબી અને અંબાજીમાં ભર ઉનાળે કમોસમી વરસાદઃ ખેડૂતોની ચિંતા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા બે- ત્રણ દિવસથી અનેક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. દરમિયાન રવિવારે મોરબીના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને તડકા બાદ અચાનક ઝરમર વરસાદ શરૂ થયો હતો. મોરબી ઉપરાંત અંબાજીના કેટલાક વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. અમદાવાદના વિવિધ વિસ્તારોમાં અચનાક જ બપોરના સમયે વાતાવરણમાં પલટો આવતાં વરસાદ પડ્યો હતો. બીજી બાજુ માવઠાને કારણે ખેડૂતોમાં ચિંતા વધી છે. માર્કેટિંગ યાર્ડ દ્વારા હવામાન ખાતા દ્વારા કરવામાં આવેલી આગાહીને પગલે જો માવઠું થાય, તો કોઈ પણ જણસી બગડે નહીં, તે માટે કોઈપણ જણસીને ખુલ્લામાં ન રાખવા માટે સૂચના

(જુઓ પાનું ૨) ▶▶

# સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબારથી બોલીવૂડ હચમચ્યું

## અનમોલ બિશ્નોઈએ ગોળીબારની જવાબદારી સ્વીકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એક વર્ષથી મળી રહેલી ધમકી બાદ આખરે રવિવારની વહેલી સવારે બોલીવૂડના સુપરસ્ટાર સલમાન ખાનના બાન્દ્રાસ્થિત નિવાસસ્થાન બહાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. પિસ્તોલમાંથી પાંચ રાઉન્ડ ફાયર કરી બે બાઈકસવાર ફરાર થઈ જતાં બોલીવૂડ હચમચી ઊઠ્યું હતું. કુખ્યાત ગેન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ

(જુઓ પાનું ૨) ▶▶

# વડા પ્રધાને લોકસભા ચૂંટણી માટેના ભાજપના ચૂંટણીઢંઢેરાનું અનાવરણ કર્યું

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપનો લોકસભા ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો જેમાં ગરીબો, યુવાનો, ખેડૂતો અને મહિલાઓ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે વિશ્વ અનિશ્ચિત સમયકાળમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે સંપૂર્ણ બહુમતીવાળી સ્થિર સરકારની જરૂર છે. વડા પ્રધાને ઢંઢેરાની પ્રતો ચાર વ્યાપક જૂથો-ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિ (જીવાયએએન-જ્ઞાન)ના પ્રતિનિધિઓને આપી હતી.

મોદીએ સંકલ્પપત્રના અનાવરણ વખતે

(જુઓ પાનું ૨) ▶▶

# ભારતીય કેદી સરબજિત સિંહ પર જીવલેણ હુમલો કરનારની પાકિસ્તાનમાં હત્યા

નવી દિલ્હીઃ પાકિસ્તાનમાં મૃત્યુદંડનો સામનો કરી રહેલા ભારતીય કેદી સરબજિતસિંહની હત્યાના આરોપી અને લશ્કરે તૈયબાના સ્થાપક હાફીઝ સઈદના નિકટના સાથીદાર આમિર સરફરાઝ તામ્બાની રવિવારે લાહોરમાં એક અજાણ્યા શખસે ગોળી મારીને હત્યા કરી હતી, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. લાહોરના ઈસ્લામાપુરા વિસ્તારમાં બાઈક પર આવેલા હુમલાખોરોએ તામ્બા પર હુમલો કર્યો હતો.

ગંભીર રીતે ઘવાયેલા તામ્બાને સારવારાર્થે તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેને મૃત જાહેર કરવામાં

(જુઓ પાનું ૨) ▶▶



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાજકોટમાં ભાજપ-કૉંગ્રેસ બંને પાસે મજબૂત નેતા નથી?

**ગુજરાતમાં** લોકસભાની ચૂંટણી માટે કૉંગ્રેસે બાકી રહેલા ચાર ઉમેદવારોનાં નામ જાહેર કરી દીધાં. આ ચાર બેઠકોમાં રાજકોટમાં ભાજપના પરસોત્તમ રૂપાલા સામે પરેશ ધાનાણી, મહેસાણામાં ભાજપના હરિભાઈ પટેલ સામે રામજી ઠાકોર, અમદાવાદ પૂર્વમાં ભાજપના હસમુખ પટેલ સામે હિંમતસિંહ પટેલ અને નવસારીમાં ભાજપ નવા પ્રદેશ પ્રમુખ સી. આર. પાટિલ સામે નૈષધ દેસાઇને ટિકિટ આપી છે. કૉંગ્રેસે વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે પણ વિજાપુરથી દિનેશ પટેલ, પોરબંદરથી રાજુ ઓડેદરા, માણાવદરથી હરિભાઇ કણસાગરા, ખંભાતથી મહેન્દ્રસિંહ પરમાર અને વાઘોડિયાથી કનુભાઇ ગોહિલને ટિકિટ આપી છે.

વિધાનસભાની પેટાચૂંટણી કૉંગ્રેસ કે ભાજપ માટે બહુ મહત્ત્વની નથી કેમ કે તેનાથી ગુજરાતમાં સત્તાનાં સમીકરણો બદલાવાનાં નથી. કૉંગ્રેસ એક-બે બેઠકો નહીં પણ બધી પાંચેય બેઠકો જીતી લે તો પણ ફરક નથી પડવાનો કેમ કે આ પાંચમાંથી ચાર બેઠકો ૨૦૨૨માં કૉંગ્રેસે જ જીતી હતી. આ સંજોગોમાં વિધાનસભાની પેટાચૂંટણીનું રાજકીય રીતે મહત્ત્વ નથી પણ લોકસભાની ચૂટણી મહત્ત્વની છે કેમ કે તેનાં પરિણામ દેશમાં હવે પછી કોની સત્તા હશે એ નક્કી કરવામાં યોગદાન આપશે તેથી તેની વાત કરવી જરૂરી છે.

કૉંગ્રેસે બાકી રહેલી ચાર બેઠકો પરના જે ઉમેદવારો જાહેર કર્યા તેમાં હિંમતસિંહ પટેલ અને નૈષધ દેસાઈ ફૂટેલી કારતૂસો છે. એ બંને ભાજપને હરાવે એવી તો કલ્પના જ ના થઈ શકે પણ દેશમાં સૌથી વધુ લીડથી હારનારા ઉમેદવારોમાં તેમનું નામ ના આવે તો પણ એ તેમની સિદ્ધિ ગણાશે. મહેસાણામાં કૉંગ્રેસે ઉતારેલા રામજી ઠાકોર રસપ્રદ પસંદગી છે. મહેસાણામાં ભાજપના હરિભાઈ પટેલ સામે રામજી ઠાકોરને મેદાનમાં ઉતારીને કૉંગ્રેસે પટેલ વર્સીસ ઠાકારનો જંગ સેટ કરી દીધો છે.

રામજી ઠાકોર ભાજપના હરિભાઈ પટેલને હરાવી શકે એવી શક્યતા નહિવત છે પણ રામજી ઠાકોરની પસંદગી ઉત્તર ગુજરાતની પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા બેઠકો પર કૉંગ્રેસને ફાયદો કરાવી શકે છે કેમ કે આ ત્રણેય બેઠકો પર ઠાકોર મતદારો મોટી સંખ્યામાં છે અને નિર્ણાયક છે. કૉંગ્રેસે એક બેઠક હારવાનું જોખમ ઉઠાવીને ત્રણ બેઠકો પર ફાયદાની ગણતરી માંડી એ વ્યૂહાત્મક રીતે સારી ચાલ છે. કૉંગ્રેસ પાસેથી આવી ચાલની આશા નહોતી એ જોતાં કૉંગ્રેસે આશ્ચર્ય સર્જ્યું.

રાજકોટમાં કોંગ્રેસે પરેશ ધાનાણીને ઉતારીને એવી જ ચાલ ખેલી નાખી છે. પરસોત્તમ રૂપાલા સામે કૉંગ્રેસ પરેશ ધાનાણીને મેદાનમાં ઉતારશે એવી શક્યતા હતી જ તેથી આ નિર્ણય આશ્ચર્યકારક નથી પણ કૉંગ્રેસે ધાનાણીને જ ઉતારીને રાજકોટના જંગને રસપ્રદ બનાવી દીધો છે એ સ્વીકારવું જોઈએ. પરસોત્તમ રૂપાલા તેમના નિવેદનના પગલે ક્ષત્રિયોના રોષનો ભોગ બની રહ્યા છે અને ક્ષત્રિયો તેમની ટિકિટ કાપવામાં આવે એ માગ પર અડી ગયા છે ત્યારે જ કૉંગ્રેસે પરેશ ધાનાણીને મેદાનમાં ઉતારીને રૂપાલા સામે મજબૂત ઉમેદવાર ઉતારી દીધો છે એવું લાગી રહ્યું છે. ધાનાણી રૂપાલાને હરાવી જ દેશે એમ કહેવું અતિશયોક્તિપૂર્ણ છે પણ ધાનાણીનો ટ્રેક રેકોર્ડ જોતાં એ રૂપાલાને જોરદાર ટક્કર આપી શકશે એવું ચોક્કસ માની શકાય.

રૂપાલા સામે ધાનાણીની પસંદગી એ રીતે રસપ્રદ છે કે, ધાનાણી કૉંગ્રેસમાં જાયન્ટ કિલર માનવામાં આવે છે. પરેશ ધાનાણી ભૂતકાળમાં ત્રણ દિગ્ગજ ભાજપ નેતાઓને હરાવવાનો અનુભવ ધરાવે છે ને મજાની વાત એ છે કે, ધાનાણીએ તેની શરૂઆત પરસોત્તમ રૂપાલાથી હરાવીને કરી હતી. માત્ર ૨૬ વર્ષની ઉંમરે રૂપાલા જેવા મજબૂત નેતાને હરાવીને રાજકીય કારકિર્દીની શરૂઆત કરનારા પરેશ ધાનાણીને આ કારણે જ કોઈ હળવાશથી લેતું નથી. ૨૦૦૨માં પરેશ ધાનાણીએ વિધાનસભાની ચૂંટણીમાં અમરેલીની બેઠક પરથી પરસોત્તમ રૂપાલાને ૧૬ હજાર મતે હરાવ્યા હતા. અમરેલી બેઠક પરથી ત્રણ વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા અને મોદી સરકારમાં મંત્રી રૂપાલાની હાર સૌ માટે આંચકાજનક હતી. રૂપાલા ઉપરાંત ભાજપના વધુ એક દિગ્ગજ નેતા દિલીપ સંઘાણીને પણ ધાનાણી હરાવી ચૂક્યા છે. ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં અમરેલી બેઠક પર ધાનાણીએ સાંઘાણીને હરાવ્યા હતા. આ ઉપરાંત ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં અમરેલી બેઠક પરથી જ તેમણે બાવકુ ઉઘાડને હરાવ્યા હતા.

ધાનાણીની પસંદગી એ રીતે પણ મહત્ત્વની છે કે, ધાનાણી લેઉઆ પાટીદાર છે જ્યારે રૂપાલા કડવા પાટીદાર છે. રાજકોટ બેઠક પર બે પાટીદાર ઉમેદવારો વચ્ચેની ટક્કરમાં જ્ઞાતિવાદનાં સમીકરણોમાં ધાનાણીનો હાથ ઉપર છે. રાજકોટ બેઠક પર ચાર લાખ લેઉવા પટેલ અને એક લાખ કડવા પટેલ મતદારો છે. આ કારણે કૉંગ્રેસ પરેશ ધાનાણી પર પસંદગીનો કળશ ઢોળાયો છે. લેઉવા પાટીદારો એકતરફી મતદાન કરે અને ક્ષત્રિયો પણ કૉંગ્રેસને મત આપે ભાજપના ગઢ રાજકોટમાં ધાનાણી રૂપાલાને ભારે પડી શકે છે.

રાજકોટ લોકસભા બેઠકની ભાજપનો ગઢ માનવામાં આવે છે. છેલ્લી બે ચૂંટણીમાં ભાજપે સરળતાથી આ બેઠક જીતી હતી પણ એ પહેલાં ૨૦૦૯માં આ બેઠક પર કૉંગ્રેસના ઉમેદવાર અને હાલના ગુજરાતના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાનો વિજય થયો હતો. ધાનાણી આ ઈતિહાસ દોહરાવવા સક્ષમ છે એવું ભાજપના નેતા પણ સ્વીકારે છે.

રાજકોટ બેઠક પર ક્ષત્રિય મતદારો બહુ નિર્ણાયક નથી પણ ક્ષત્રિયો જે રીતે રૂપાલાની પાછળ હાથ ધોઈને પડ્યા છે એ જોતાં ક્ષત્રિયોનું સંપૂર્ણ મતદાન રૂપાલાની વિરુધ્ધ અને ધાનાણીની તરફેણમાં થાય તો રૂપાલાને જીતવું કપરું પડી શકે છે. રવિવારે જ રાજકોટના રતનપર ગામે ક્ષત્રિય સમાજના મહાસંમેલનમાં રૂપાલાને હરાવવાનો ઠરાવ કરાયો છે. ક્ષત્રિયો ગામેગામ ફરીને કહી રહ્યા છે કે, આ વખતે લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસને મત આપજો. ક્ષત્રિય સમાજની ૧૦૦ મહિલા રૂપાલા સામે ઉમેદવારી કરવાની છે કે જેથી બેલેટ પેપરથી મતદાન કરાવવું પડે. આ સીનેરિયો વચ્ચે કૉંગ્રેસે ધાનાણીને ટિકિટ આપીને રૂપાલાની મુશ્કેલી વધારી દીધી છે.

રૂપાલા અને ધાનાણીમાં કોણ જીતશે એ સમય કહેશે પણ અત્યારે રાજકોટના મતદારો અને વધારે તો રાજકીય કાર્યકરોની દયા આવે છે. રાજકોટમાં ભાજપ અને કૉંગ્રેસ બંનેએ સ્થાનિક ઉમેદવારને બાજુ પર મૂકીને અમરેલીના બે પટેલોને ટિકિટ આપી છે એ જોતાં બંને પક્ષના કાર્યકરો શું કરતા હતા એ સવાલ થાય. ભાજપ અને કૉંગ્રેસ બંને પાસે સ્થાનિક સ્તરે લોકોની વચ્ચે રહીને કામ કરનારો નેતા નથી એવું જ માનવું પડે ને ?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), સોમવાર, તા. ૧૫-૪-૨૦૨૪અશોકકલિકા પ્રાશન,
- ભારતીય દિનાંક ૨૬, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ સુદ-૭
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૦૪ સુધી (તા. ૧૬), પછી પુષ્ય.
- ચંદ્ર મિથુનમાં રાત્રે ક. ૨૦-૩૮ સુધી, પછી કર્કમાં,ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી :બપોરે ક.૧૭-૩૪,મધ્યરાત્રિ પછી ક.૦૪-૫૭(તા.૧૬),ઓટઃ સવારે ક.૦૯-૫૫,મધ્યરાત્રે ક.૦૦-૨૧.
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, "રાક્ષસ" નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, "ક્રોધી" નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - સપ્તમી. અશોકકલિકા પ્રાશન, જૈન શાશ્વતી આયંબિલ ઓળી અટ્ઠાઈ પ્રારંભ, વિષ્ટિ બપોરે ક. ૧૨-૧૨ થી મધ્યરાત્રે ક.૨૪-૪૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ બપોરે ક. ૧૨-૧૨ સુધી શુભ
- મુહૂર્ત વિશેષઃશ્રી વિષ્ણુ -લક્ષ્મી પૂજન, અદિતિ પૂજન, ચંદ્ર-ગુરુદેવતાનું પૂજન, સર્વદેવતાનું પૂજન, વાસ્તુ-કળશ પૂજા,વાંસ વાવવાં, પરદેશનું પસ્તાનું. વિદ્યારંભ, હજામત, પ્રયાણ, ધાન્ય ભરવું, બી વાવવું, નવાં વસ્ત્રો, આભૂષણ, નોકરી-વેપાર, ઘર ખેતર, જમીન સ્થાવર લેવડ દેવડ, વૃક્ષ વાવવાં, બાળકનું નામ કરણ દેવદર્શન, અન્નપ્રાશન, દુકાન-વેપાર, વાહન, નૌકા બાંધવી, વૃક્ષ વાવવાં, ઉપવાટિકા બનાવવી. નવી તિજોરીની સ્થાપનાં.
- નવરાત્રિ મહિમાઃ સાતમા નોરતે મા કાલરાત્રિ દેવીની પૂજા-અર્ચના-ભક્તિ કરવામાં આવે છે. મા કાલરાત્રિ દુષ્ટોનો વિનાશ કરનારા છે. દાનવ, દૈત્ય, રાક્ષસ, ભૂત, પ્રેત આદિ કાલરાત્રિ માતાના સ્મરણ માત્રથી ભયભીત થઈ નાસી જાય છે. તેઓ ગ્રહબાધાને પણ દૂર કરનારાં છે. શિવ અને શક્તિ, વિષ્ણુ અને લક્ષ્મી એમ બે પુરુષ સ્રી સ્વરૂપે, બ્રહ્માંડમાં, જગતમાં ઈશ રૂપે છે. તેમાં નારીશક્તિ, સ્ત્રી શક્તિ, લક્ષ્મી, અંબામાતા ૬૪ શક્તિ સ્વરૂપો એજ જગતને પ્રથમ શક્તિની પ્રાપ્તિ માટે આવશ્યક છે. શક્તિની કૃપા દ્વારા શરીર અને જગત પુરુષાર્થના પંથે ચાલી શકે છે. શક્તિ એ માઁના સ્વરૂપે પૂજાય છે, પરંતુ સર્વ નારીમાં માના સ્વરૂપનું દર્શન કરવાથી ઉપાસના સરળ અને સફળ બને છે. પુરુષ પ્રકૃતિમાં શક્તિના દર્શન કરે છે.
- આચમનઃચંદ્ર-મંગળ ત્રિકોણ સતત પ્રવાસી, ચંદ્ર-બુધ ચતુષ્કોણ સ્વતંત્ર સ્વભાવ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ કાર્યક્ષેત્રે સંઘર્ષથી સફળતા મેળવે. ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સ્વપ્નદ્રષ્ટા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ (તા. ૧૬), ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ (તા. ૧૬).
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ , મંગળ-કુંભ,વક્રી બુધ-મીન, ગુરુ-મેષ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્યૂન-મીન, પ્લુટો-મકર.

# લોકસભા ચૂંટણીઃ ભાજપના ચૂંટણીઢંઢેરાની હાઈલાઈટ્સ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે પક્ષપ્રમુખ જે. પી. નડ્ડા, ગૃહ પ્રધાન અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ તેમ જ પક્ષના અન્ય નેતાઓની હાજરીમાં લોકસભાની ચૂંટણી માટે ભાજપનો ચૂંટણીઢંઢેરો જાહેર કર્યો હતો.

વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી માટે ભાજપે જાહેર કરેલા સંકલ્પ પત્રની હાઈલાઈટ્સ.

- પ્રાઈમ મિનિસ્ટર ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત ગરીબોને આવતાં પાંચ વર્ષ સુધી મફત રેશનિંગ.
- આયુષમાન ભારત યોજના અંતર્ગત ગરીબોને પાંચ લાખ રૂપિયા સુધીને મફત ગુણવત્તાસભર આરોગ્ય સેવા.
- પ્રાઈમ મિનિસ્ટર સૂર્યા ઘર મુફ્ત બિજલી યોજના અંતર્ગત ગરીબોને મફત વીજળી.
- ગ્રામીણ વિસ્તારની ત્રણ કરોડ મહિલાને 'લખપતિ દીદી' બનાવવાના પ્રયાસ.
- વુમન સેલ્ફ હેલ્પ ગ્રૂપ (એસએચજી)નું સેવા ક્ષેત્ર સાથે જોડાણ. મહિલા એસએચજી એન્ટરપ્રાઈસિસને માર્કેટ પૂરું પાડવા પ્રોત્સાહન.
- વર્કિંગ વુમન હૉસ્ટેલ અને બૅબી સિટર તેમ જ કામમાં મહિલાઓની ભાગીદારી વધે તે માટે ઔદ્યોગિક અને કમર્શિયલ સેન્ટર નજીક માળખાકીય સુવિધા વધારવી.
- વર્તમાન આરોગ્ય સેવાનો વિસ્તાર અને વ્યાપ વધારવો, એનિમિયા, બ્રેસ્ટ કેન્સર, સર્વાઈકલ કેન્સર અને ઓસ્ટિયોપોરેસિસને રોકવા તેમ જ તેમાં ઘટાડો કરવા પર ધ્યાન કેન્દ્રીત કરવું. મહિલાઓને આરોગ્યપ્રદ જીવન પૂરું પાડવાની ખાતરી.
- સર્વાઈકલ કેન્સરને નાબૂદ કરવા પર વિશેષ ધ્યાન.
- લોકસભા અને વિધાનસભામાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા નારીશક્તિ વંદન અધિનિયમનનો અમલ.
- સરકારી નોકરીમાં ભરતી માટે પારદર્શક યંત્રણા.
- પેપર લીક થતાં રોકવા કાયદાનો અમલ.
- વરિષ્ઠ નાગરિકોને આવરી લઈ તેમને મફત અને ગુણવત્તાસભર આરોગ્યસેવા પૂરી પાડવા આયુષમાન ભારત યોજનાનું વિસ્તરણ.
- પૉસ્ટલ અને ડિજિટલ સેવામાં સુધારો કરી વરિષ્ઠ નાગરિકોને આવશ્યક સરકારી સેવાના લાભ અને ઘરબેઠાં સેવા પૂરી પાડવાના પ્રયાસ.
- ખેડૂતોને લાંબાગાળાનો આર્થિક લાભ આપવા પ્રાઈમ મિનિસ્ટર કિસાન સમ્માન નિધિને વધુ મજબૂત બનાવવી.
- અત્યાધુનિક ટૅક્નોલૉજીનો ઉપયોગ કરી વધુ ઝડપી અને ચોકસાઈભરી સેવા પૂરી પાડવા પ્રાઈમ મિનિસ્ટર ફસલ બીમા યોજનાને વધુ મજબૂત બનાવવી.
- પાક માટે એમએસપીમાં વધારો.
- સ્ટૉરેજ સુવિધા, સિંચાઈ, યુનિટનું ગ્રેડિંગ અને શોર્ટિંગ, કૉલ્ડ સ્ટોરેજ સુવિધા અને ફૂડ પ્રોસેસિંગ માટે એગ્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટના ઈન્ટિગ્રેટેડ પ્લાનિંગ અને કોઓર્ડિનેશન માટે કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશનનો આરંભ.
- અસરકારક પાણીપુરવઠા માટે સિંચાઈ સુવિધાનું વિસ્તરણ. ક્રોપ ફૉરકાસ્ટિંગ, પેસ્ટિસાઈટનો ઉપયોગ, સિંચાઈ, માટીનું આરોગ્ય અને હવામાનની આગાહી જેવી કૃષિ સંબંધિત પ્રવૃત્તિઓ માટે સ્વતંત્ર ભારત કૃષિ સેટેલાઈટનું લૉન્ચિંગ.
- પાયાના સ્તરના લોકોના લઘુતમ વેતનની સમયાંતરે સમીક્ષા.
- સામાજિક સુરક્ષા યોજનામાં રિક્ષા, ટેક્સી, ટ્રકચાલકો તેમ જ અન્ય ડ્રાઈવરોનો સમાવેશ.
- ટેક્નોલૉજીનો વપરાશ વધારી તેમનો વેપાર વધારવા ઑપન નેટવર્ક ફૉર ડિજિટલ કોમર્સ (ઓએનડીસી) મારફતે નાના વેપારીઓ અને એમએસએમઈનું સશક્તિકરણ.
- ટ્રાઈબલ હેલ્થકેર, આદિવાસી બાળકોમાં કૂપોષણ નાબૂદી તેમ જ આદિવાસી વિસ્તારમાં મિશનના ધોરણે આવશ્યક આરોગ્ય સેવા પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરતો અભિગમ અપનાવવો.
- એનિમિયાને નાબૂદ કરવા જરૂરી પગલાં લેવાં.
- સુરક્ષિત અને સમૃદ્ધ ભારત માટે 'મોદી કી ગેરેન્ટી'
- સરહદી વિસ્તારમાં તંદુરસ્ત માળખાકીય સુવિધા, સરહદ પર વધુ સુરક્ષિત વાડ ઊભી કરવા ટૅક્નોલૉજિકલ ઉકેલ.
- સિટિઝનશિપ અમેન્ડમેન્ટ ઍક્ટ-સીએએનો અમલ.
- ભારતને વિશ્વનું ત્રીજા ક્રમાંકનું સૌથી મોટું અર્થતંત્ર બનાવવું.
- રોજગારની તકો વધારવી.
- વર્ષ ૨૦૩૦ સુધીમાં ઈલેક્ટ્રોનિક સહિતના ક્ષેત્રમાં ભારતને ગ્લૉબલ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવું.
- સુચારુ વહીવટ માટે 'મોદી કી ગેરેન્ટી'
- યુનિફોર્મ સિવિલ કોડ-સમાન નાગરિક ધારાનો અમલ.
- વન નેશન, વન ઈલેક્શનને વાસ્તવિક બનાવવું.
- ગુણવત્તાસભર શિક્ષણ, ઉચ્ચ અભ્યાસમ માટે નવી સંસ્થાઓ સ્થાપવી.
- સંતુલિત પ્રાદેશિક વિકાસ, ઈશાન ભારતમાં શાંતિ સ્થાપવી.
- ટકાઉ અને લાંબાગાળાના પ્રયાસ મારફતે ઈશાન ભારતનાં રાજ્યો વચ્ચે ચાલતા સરહદના વિવાદનો ઉકેલ લાવવો. (એજન્સી)

# ટૅન્ક-વિરોધી ગાઈડેડ મિસાઈલનું સફળ પરીક્ષણ

નવી દિલ્હીઃ દેશના લશ્કરે માનવ દ્વારા ઊંચકીને હેરફેર કરી શકાય એવી ટેન્ક-વિરોધી ગાઇડેડ મિસાઇલ સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ સિસ્ટમ સ્વદેશી બનાવટની છે અને સફળ પરીક્ષણને લીધે તેનો લશ્કરમાં સમાવેશ કરવાનો માર્ગ મોકળો થયો હતો.

ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ) દ્વારા આ મિસાઇલ સિસ્ટમ તૈયાર કરાઇ છે. ટેન્ક-વિરોધી ગાઇડેડ મિસાઇલ સિસ્ટમમાં લૉન્ચર્સ, ટાર્ગેટ એક્વિઝિશન ડિવાઇઝ અને ફાયર કન્ટ્રોલ યુનિટનો સમાવેશ થાય છે.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન અને લશ્કરને આ પરીક્ષણની સફળતા બદલ અભિનંદન આપ્યા હતા.

પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે ૧૩ એપ્રિલે આ સફળ પરીક્ષણ કરાયું હતું. મિસાઇલે લક્ષ્યને બરાબર સાધ્યું હતું. આ મિસાઇલ સિસ્ટમ દિવસ અને રાતે પણ કામગીરી કરી શકે છે.

દરમિયાન, ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશનના અધ્યક્ષ સમીર વી. કામતે આ પરીક્ષણમાં ભાગ લેનારી વિવિધ ટીમને અભિનંદન આપ્યા હતા. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

## ટિકિટ પાછી નહીં ખેંચે

ગોહિલ, રાજપૂત સમાજ સંકલન સમિતિના ચેરમેન ગોવુભા ડાડા, તૃપ્તીબા રાઉલ હાજર રહ્યાં હતાં. કરણીસેના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકરાણા, વિરભદ્રસિંહ સંમેલનમાં હાજર રહ્યા હતા.

ક્ષત્રિય મહિલા આગેવાન તૃપ્તિબા રાઓલે કહ્યું કે આપણા જ સમાજના અમુક આગેવાનો આપણને સમજાવવા આવ્યા હતા, પણ આપણે એમનો પણ આદર કરીએ કારણ કે એમની પણ કોઈ મર્યાદા રહી હશે. પણ અંદરથી તો એ આગેવાનો પણ આપણી સાથે જ છે, કારણ કે આખરે તો આપણા બધાનું ગોત્ર એક જ છે.

આ સાથે જ તૃપ્તિબા રાઓલે કહ્યું, પાર્ટીમાં વિખવાદ હોય તો બેઠક પર જાહેર થયેલા ઉમેદવાર બદલવામાં આવે છે, રાતોરાત મંત્રીમંડળ બદલવામાં આવે છે. તો બહેન-દીકરીઓ પર નિમ્ન કક્ષાની ટિપ્પણી કરનાર રૂપાલાને કેમ બદલવામાં નથી આવતા?

રૂપાલા મામલે ક્ષત્રિય સમાજના આગેવાનોએ અલ્ટીમેટમ આપતાં કહ્યું કે, જો રૂપાલાની ટિકિટ કેન્સલ નહીં થાય તો ક્ષત્રિય સમાજ એક થઈને તેમની વિરુદ્ધ વોટ આપશે. ગુજરાતમાં કેન્દ્રીય પ્રધાન પરષોત્તમ રૂપાલાની ટિકિટ મુદ્દે ક્ષત્રિય સમાજે ભાજપને અલ્ટીમેટમ આપ્યું હતું.

રાજકોટમાં યોજાયેલા ક્ષત્રિય મહાસંમેલનમાં આગેવાનોએ જણાવ્યું હતું કે જો ભાજપ રૂપાલાની ટિકિટ પાછી નહીં ખેંચે તો ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર સમાજ ઓપરેશન રૂપાલા ચલાવશે.

આ સાથે જ ચીમકી આપતાં કહ્યું કે, સુરેન્દ્રનગર અને ભાવનગર જેવી બેઠકોમાં જ્યાં ક્ષત્રિય મતદારો એક થઈને અન્ય પક્ષને મત આપશે. રૂપાલાના નિવેદનથી ક્ષત્રિય સમાજનું અપમાન થયું છે. જેનો બદલો તેમને મતથી લેવામાં આવશે.

આ સભામાં આગેવાનોએ કહ્યું કે, આ સંમેલનમાં ભાજપની સભાની જેમ કોઈ એસ.ટી. બસો રોકાઈ નથી, કોઈ ફૂડ પેકેટ સહિતની લાલચો નથી, જર્મન ડોમ નથી રાખવાના, સામ, દામ, દંડ, ભેદની નીતિ નથી, કોઈને હાજર રાખવા સરકારી અફસરો મારફત દબાણ કરાવાયું નથી કે પરિપત્રો જારી નથી કરાયા અને છતાં ક્ષત્રિય સમાજ સ્વયંભુ અને રોષભેર જંગી સંખ્યામાં ઉમટી પડ્યો છે.

ભાજપને મેસેજ આપતાં કહ્યું કે, આ તમામનો ભાજપને એક જ મેસેજ રહેશે કે રૂપાલા જોઈએ છે કે લાખો-કરોડો ક્ષત્રિયોનો ટેકો જોઈએ છે? રૂપાલાને હટાવો અને તેની જગ્યાએ મરજી પડે તેવા કોઈ પણ ઉમેદવારને રાખો તો ક્ષત્રિય સમાજ ભાજપની સાથે છે અન્યથા ભાજપની સામે છે.

## અમદાવાદ, મોરબી

આપવામાં આવી હતી.

મોરબીમાં રવિવારે સવારથી ભારે તડકા બાદ બપોરે વાતાવરણમાં પલટો આવ્યો હતો. મોરબીમાં તડકા બાદ અચાનક ઝરમર વરસાદ શરૂ થતાં બફારાનો અનુભવ થયો હતો. મોરબી ઉપરાંત અંબાજીના વાતાવરણમાં પલટો આવ્યો હતો. અંબાજીના કેટલાક વિસ્તારોમાં વરસાદને કારણે બફારાથી રાહત મળી હતી. બપોર બાદ વાતાવરણ વાદળછાયું બન્યું હતુ અને આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયાં હતાં.

આ ઉપરાંત અમદાવાદમાં એસજી હાઈવે, ગોતા, વંદેમાતરમ, રાણીપ વિસ્તારોમાં જોરદાર વરસાદ પડ્યો હતો. બીજી તરફ સૌરાષ્ટ્રમાં કેસર કેરી તૈયાર થઈ રહી છે અને માર્કેટ યાર્ડોમાં ખુલ્લામાં ટનબંધ ઘંઉ, ચણા સહિતની જણસી ઠલવાઈ રહી છે ત્યારે હવામાનમાં પલટાથી ખેડૂતોના માથે ચિંતાનાં વાદળો છવાયાં હતાં.

શનિવારે અમરેલી, ગોંડલ, કોટડાસાંગાણી તથા કચ્છ પંથકમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. અમરેલી જિલ્લામાં કમોસમી વાદળો છવાયાં હતાં. આ સાથે ધારી ગીરના પાતળા તરશિંગડા, ગઢીયા, ચાવંડ પંથકમાં તથા ખાંભાના ભાણીયા, ધાવડીયા ગામે કમોસમી ઝાપટાં વરસ્યા હતા. જ્યારે ગોંડલમાં ઉકળાટ વચ્ચે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. કોટડાસાંગાણી તાલુકામાં પણ મોડી સાંજે હવામાનમાં અચાનક પલટા સાથે ખરેડા, રાજગઢ, માણેકવાડા, રામોદ સહિત વિસ્તારમાં કમોસમી વરસાદ થયો હતો.

## વડા પ્રધાને લોકસભા

કહ્યું હતું કે છેલ્લા દસ વર્ષમાં ભાજપે ચૂંટણી ઢંઢેરાના દરેક પાસાને ગેરન્ટી તરીકે અમલમાં મૂકી છે. ભાજપે ચૂંટણી ઢંઢેરાની પવિત્રતા ફરી સ્થાપી છે. વડા પ્રધાને વિશ્વમાં ચાલતા અનેક વિગ્રહોનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે જ્યારે વિશ્વ અનિશ્ચિત સમયકાળમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે સંપૂર્ણ બહુમતીવાળી સ્થિર સરકારની જરૂરિયાત વધી ગઈ છે.

મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાજપ 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ની પહેલ પર કામ કરશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સમાન નાગરિક સંહિતા દેશના હિતમાં છે. ચોથી એપ્રિલે ચૂંટણીના પરિણામો આવશે કે ભાજપ ચૂંટણી ઢંઢેરાનાં વચનો પૂરાં કરવાના કામે લાગી જશે. હું ભાજપના સંકલ્પપત્રને 'મોદીની ગેરન્ટી' તરીકે દેશના લોકો સમક્ષ તેમના આર્શિવાદ માટે રજૂ કરું છું. ભાજપ જ્યાં પગદંડો જમાવવા પ્રયાસ કરે છે એ તમિળનાડુના લોકોને સાદ પાડતાં મોદીએ કહ્યું હતું કે આખા વિશ્વમાં તિરુવલ્લુવર સાંસ્કૃતિક કેન્દ્રો શરૂ કરવા ભાજપ કામ કરશે. વિશ્વની સૌથી પ્રાચીન ભાષા તમિળ અમારું ગૌરવ છે અને ભાજપ તમિળ ભાષાની વૈશ્વિક શાખ વધારવા તમામ પ્રયાસો કરશે.

તિરુવલ્લુવર તમિલના કવિ અને ફિલસૂફ હતા.

સંરક્ષણપ્રધાન રાજનાથ સિંહે કહ્યું હતું કે અમારો સંકલ્પપત્ર વિકસિત ભારતના ચાર સ્તંભો- ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિનું સશક્તીકરણ કરશે. અમે અમારું ધ્યાન જીવન જીવવાનું ગૌરવ, જીવનની ગુણવત્તા અને રોકાણ દ્વારા રોજગાર પર કેન્દ્રિત કરીશું. (એજન્સી)

## ઈઝરાયલ પર

તાજેતરમાં ઇઝરાયલે કરેલા હોવાનું કહેવાતા હુમલાને લીધે બન્ને દેશના સંબંધ વધુ વણસ્યા છે.

અરબી સમુદ્રમાં ઇરાનના અખાત અને ઓમાનના અખાતની વચ્ચે આવેલી હોરમઝ સામુદ્રધુનીમાં ઇઝરાયલના એક અબજોપતિ શ્રીમંતની માલિકીના ગ્રૂપના જહાજ પર ઇરાનના કમાંડોએ હેલિકૉપ્ટરમાંથી હુમલો કરતા અખાતનું યુદ્ધ વધવાની શક્યતા ઊભી થઇ હતી. આ જહાજ પર ૧૭ ભારતીય નાગરિક છે અને તેઓને ઉગારવા માટે ભારતીય સત્તાવાળાઓએ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી. દિલ્હીમાંના સરકારી અધિકારીઓ તહેરાનમાંના સંબંધિત સત્તાવાળાઓના સંપર્કમાં છે.

પોર્ટુગીઝ ધ્વજવાળું માલવાહક જહાજ 'એમએસસી એરિસ' દુબઇથી હોરમઝ સામુદ્રધુની જતું હતું ત્યારે તેના પર પણ હુમલો થયો હતો. આ જહાજે પોતાનો ટ્રેકિંગ ડેટા બંધ કરી દીધો હતો. આ જહાજ લંડનમાંના 'ઝોડિઆક મેરીટાઇમ'નું હોવાનું કહેવાય છે અને 'ઝોડિઆક મેરીટાઇમ' ઇઝરાયલના અબજોપતિ આઇયાલ ઑફરના ઝોડિઆક ગ્રૂપનું છે.

કન્ટેનર લઇ જતાં જહાજ પર ઇરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડ્સ કમાંડો દ્વારા હેલિકૉપ્ટરમાંથી હુમલો કરવામાં આવતા પરિસ્થિતિ વધુ વણસવાની ભીતિ ઊભી થઇ છે. કમાંડોએ કરેલા હુમલામાં જહાજ પરના અનેક કન્ટેનર નાશ પામ્યાં હતાં. ઘણાં કમાંડો હેલિકૉપ્ટરમાંથી જહાજના ડેક પર ઊતર્યા હતા અને ગોળીબાર થયો હતો.ઇઝરાયલે ચાલુ મહિનાની શરૂઆતમાં સિરિયામાંની ઇરાનની એલચી કચેરી પર કરેલા હુમલામાં ૧૨ જણ માર્યા ગયા હતા અને તેનો બદલો લેવા ઇરાને આ કાર્યવાહી કરી હોવાનું કહેવાય છે. (એજન્સી)

## ભારતીય કેદી

આવ્યો હતો. કડક સુરક્ષાવ્યવસ્થા ધરાવતી કોટ લખપત જેલમાં તામ્બા સહિત જેલના અન્ય કેદીઓ દ્વારા કરવામાં આવેલા જીવલેણ હુમલાના અઠવાડિયા બાદ ૪૯ વર્ષના સરબજિત સિંહનું બે મે ૨૦૧૩ના લાહોરની જિન્હા હૉસ્પિટલમાં હૃદયરોગના હુમલાનો કારણે મૃત્યુ થયું હતું. પાકિસ્તાની કેદીઓના જૂથે લાકડી, ઈંટ, લોખંડના સળિયા વગેરેથી સરબજિત સિંહ પર હુમલો કર્યો હતો. વર્ષ ૧૯૯૦માં પાકિસ્તાનના પંજાબ પ્રાન્તમાં કરવામાં આવેલા અનેક બૉમ્બ હુમલામાં દોષી ઠરેલા સરબજિત સિંહને મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી. વર્ષ ૧૯૭૯માં લાહોરમાં જન્મેલો તામ્બા લશ્કરે તૈયબાના સ્થાપક હફીઝ સઈદનો નિકટનો સાથીદાર હતો. (એજન્સી)

## સલમાન ખાનના

બિશ્નોઈએ આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી અને તે અંગેનો મેસેજ ફેસબુક પર પોસ્ટ કર્યો હતો. પોલીસને ઘટનાસ્થળેથી લગભગ એક કિલોમીટરના અંતરેથી એક બાઈક મળી આવી હતી, જે આરોપીઓએ ગુનામાં વાપરી હોવાનું કહેવાય છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઘટના વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ બાન્દ્રા પશ્ચિમમાં બૅન્ડસ્ટેન્ડ પાસે ગૅલેક્સી એપાર્ટમેન્ટ બહાર બની હતી. બાઈક પર આવેલા બે શખસે પિસ્તોલમાંથી પાંચ રાઉન્ડ ફાયર કર્યા હતા, જેમાંથી એક ગોળી ઈમારતની દીવાલમાં વાગી હોવાનું કહેવાય છે. આ ઘટનામાં કોઈને પણ ઇજા થઈ નહોતી. બાન્દ્રા પોલીસે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

દરમિયાન સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબારની જાણ થતાં બાન્દ્રા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પણ ગૅલેક્સી એપાર્ટમેન્ટ ખાતે પહોંચ્યા હતા. ઘટના બની ત્યારે અભિનેતા અને તેનો પરિવાર ઘરમાં જ હતો.

ઝોન-૯ના ડેપ્યુટી પોલીસ કમિશનર રાજ તિલક રોશનના કહેવા મુજબ હેલ્મેટ પહેરેલા બાઈકસવાર બે શખસ સલમાન ખાનના નિવાસસ્થાન બહાર પિસ્તોલમાંથી ચારથી પાંચ રાઉન્ડ ફાયર કરી ફરાર થઈ ગયા હતા. આરોપીઓની શોધ માટે પોલીસ અધિકારીઓની અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી. આ ઘટનામાં દરેક પાસાની તપાસ કરવામાં આવી રહી છે. આરોપીઓની ઓળખ મેળવવા માટે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસવામાં આવી રહ્યાં છે, એમ ડીસીપીએ જણાવ્યું હતું.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સીસીટીવીના વીડિયો જોતાં શૂટરોએ ગોળીબાર હવામાં કર્યો હોવાનું પ્રથમદર્શી જણાઈ રહ્યું છે. ગોળીબારથી કોઈને નુકસાન પહોંચાડવાનો ઇરાદો હોવાનું લાગતું નથી. માત્ર ડર ફેલાવવા અને સંદેશ પહોંચાડવા માટે આ ગોળીબાર કરવામાં આવ્યો હશે. ગોળીબાર વહેલી સવારે કરવામાં આવ્યો, જ્યારે ગૅલેક્સી એપાર્ટમેન્ટ આસપાસના માર્ગો ખાલીખમ હોય છે. આના પરથી એવું ફલિત થાય છે કે હુમલાખોરો કોઈના પર જીવલેણ હુમલો કરવા નહોતા માગતા.

ઉલ્લેખનીય છે કે લગભગ એક વર્ષથી સલમાન ખાનને ધમકીઓ મળી રહી હતી. જેલમાં બંધ ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈ દ્વારા આ ધમકી આપવામાં આવી હોવાનું કહેવાતું હતું. રવિવારે ગોળીબારની ઘટનાના ગણતરીના કલાકો પછી લૉરેન્સના નાના ભાઈ અનમોલ બિશ્નોઈએ ફેસબુક પેજ પર એક મેસેજ મૂક્યો હતો. હિન્દીમાં મૂકવામાં આવેલા આ મેસેજમાં ગોળીબારની જવાબદારી સ્વીકારનારા અનમોલે અભિનેતાને ચેતવણી પણ આપી હતી. પોલીસ આ ફેસબુક પેજની ખરાઈ ચકાસી રહી છે.

# ડૉ. આંબેડકર જયંતીએ અહમદનગરમાં બે જૂથ વચ્ચે અથડામણ, ૬૧ સામે ગુનો નોંધાયો

મુંબઈઃ મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણીના કાર્યક્રમમાં બે જૂથ વચ્ચે મોટો વિવાદ થતાં વિસ્તારમાં તણાવનો માહોલ સર્જાયો હતો. અહમદનગર શહેરના દિલ્હી ગેટ પર આંબેડકર જયંતીના કાર્યક્રમ દરમિયાન બે જૂથના લોકો વચ્ચે ઝઘડો થયા બાદ વિવાદ મારપીટ સુધી પહોંચ્યો હતો. શનિવારે રાતે લગભગ ૯.૩૦ વાગ્યાની આસપાસ આ વિવાદ થયો હતો, જેમાં પોલીસે ૬૧ લોકો સામે ગુનો દાખલ કર્યો છે.

આ બનાવ મુદ્દે રવિરાજ સાલ્વે સહિત ૩૭ લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને બીજા જૂથના રાહુલ સાલ્વેની ફરિયાદ મુજબ વિજય પઠારે સહિત બીજા ૨૪ આરોપી સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ ઘટના શુક્રવારે રાતે ૯.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. અહમદનગર શહેરના નીલક્રાંતિ ચૌક પર ડૉ. બાબાસાહેબ આંબેડકરની જયંતી નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન ભીમ ગીતને બદલે બીજું ગીત વગાડતા પૂર્વ નગરસેવક અજય સાલ્વેના દીકરા અને વિજય પઠારે વચ્ચે વિવાદ થયો અને એના પછી બંને લોકો ઝઘડી પડ્યા હતા. ત્યાર બાદ પઠારેએ તેના ૧૫-૨૦ કાર્યકરોને લઈને વિવાદ કરીને કાર્યક્રમમાં રાખેલી ખુરશીઓ પણ ફેંકી દીધી હતી અને હથિયાર વડે મારપીટને લીધે ત્રણ લોકોને ઇજા પણ થઈ હતી. જખમી લોકોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.અહમદનગરમાં બે જૂથ વચ્ચે થયેલી મારપીટમાં બંને જૂથની મહિલાઓએ પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી હતી અને તે બાદ પોલીસે આ મામલે હસ્તક્ષેપ કરીને માહોલને શાંત પાડ્યો હતો. આ ઘટના બાદ વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસદળ ગોઠવવામાં આવ્યું છે, તેમ જ આરોપીઓ સામે ગુનો દાખલ કરી આ કેસની વધુ તપાસ કરવા માટે સીસીટીવી કેમેરા ફૂટેજની ચકાસણી કરવામાં આવી રહી છે, એવી માહિતી પોલીસ અધિકારીએ આપી હતી. ■

# મહારાષ્ટ્ર સહિત દેશભરના નેતાઓની ડૉ. બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ



ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ સંસદ ભવનમાં બાબાસાહેબના પૂતળાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મહારાષ્ટ્રમાં દાદરના ચૈત્યભૂમિ અને નાગપુરના દીક્ષાભૂમિમાં પણ અડધી રાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૧૩૩મી જન્મ જયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ આપવા અનેક નેતાઓ અને સેંકડો લોકો પહોંચ્યા હતા. મહારાષ્ટ્રના રાજ્યપાલ રમેશ બૈસ, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી, મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળે અને રાજ્યના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પણ દાદરમાં આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી. (અમય ખરાડે)

# ઢાળ પર વાહનો પાર્ક કરતી વખતે હેન્ડ બ્રેક લગાવવી ફરજિયાતઃ કોર્ટ

મુંબઈઃ ઢાળ ઉપર ગાડી પાર્કિંગ કરતી વખતે હેન્ડ બ્રેક લગાવવું જરૂરી છે. હેન્ડ બ્રેક ન લગાવતા ઢાળ પર વાહનો ઊભાં કરવાં એ ચોખ્ખી બેદરકારી કહેવાય, એમ ગિરગામ મેજિસ્ટ્રેટ કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો.

મલબાર હિલ વિસ્તારના વાલકેશ્વર રોડના ઢાળવાળા વિસ્તારમાં પાર્ક કરેલા ટેન્કરને હેન્ડ બ્રેક લગાવવામાં આવી નહોતી તેથી તે ટેન્કર ત્યાં ઊભેલી અનેક કારો પર ફરી વળ્યું હતું. આ ઘટનામાં ઘણી કારને નુકસાન પહોંચ્યું હતું. ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ બપોરે ૩.૧૫ કલાકે આ અકસ્માત થયો હતો. આ અકસ્માત ટેન્કર ડ્રાઇવરની બેદરકારીને કારણે થયો હોવાનો ઠપકો મેજિસ્ટ્રેટ કોર્ટે આપ્યો હતો. કોર્ટે વાહનચાલકને સંબંધિત કલમ હેઠળ દોષી ઠરાવ્યો હતો. તેમ છતાં ડ્રાઇવર દ્વારા આવો ગુનો પહેલી વખત જ થયો હોવાને કારણે તેના સારા વર્તનને ધ્યાનમાં રાખીને જેલમાંથી રૂ.૧૦,૦૦૦ના બોન્ડ પર છોડવાનો કોર્ટે આદેશ આપ્યો હતો. કોર્ટે નિરીક્ષણ કર્યું હતું કે આરોપીએ હેન્ડ બ્રેક લગાવી હોવાનો દાવો ભલે કર્યો હોય, પરંતુ ટેન્કર આપોઆપ પાછળ ગયું હતું. તેથી ડ્રાઇવરે હેન્ડ બ્રેક લગાવી ન હોવાનું સ્પષ્ટ થાય છે.

આ સિવાય કોર્ટે આ અકસ્માતમાં ઘાયલ થયેલા કારના માલિકને રૂ. ૫,૦૦૦ વળતર આપવાનો પણ આદેશ આપ્યો હતો. ■

### કેટલી સજા થઇ શકે?

ઢાળ પર હેન્ડ બ્રેક ન લગાવતા વાહનો પાર્ક કરવા પ્રકરણે આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૩૭ હેઠળ છ મહિના સુધીની જેલ થઇ શકે છે. ■

# ભાયંદરમાં સ્લેબ તૂટી પડતાં બેનાં મોતઃ એક જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાયંદરમાં સમારકામ દરમિયાન ઘરનો સ્લેબ તૂટી પડતાં કૉન્ટ્રેક્ટર અને કામગારોનાં મૃત્યુ થયાં હોવાની ઘટના બની હતી. મૃતકોમાં પંચાવન વર્ષના હરિરામ ચૌહાણ અને ૨૬ વર્ષના મખનલાલ યાદવનો સમાવેશ થાય છે. તો એક મજૂર ગંભીર રીતે જખમી થયો હતો.

ભાયંદર (પૂર્વ)માં આવેલી 'શ્રી નાથ જ્યોતી' નામની બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર રહેનારા વિનય કુમાર ત્રિપાઠીના ઘરમાં સમારકામ ચાલી રહ્યું હતું. આ કામનો કૉન્ટ્રેક્ટ હરિરામ ચૌહાણને આપવામાં આવ્યો હતો. આ દરમિયાન રવિવારે સવારના સાડા દસ વાગે કામ ચાલી રહ્યું હતું ત્યારે રસોડામાં રહેલી પાણીની ટાંકીને લાગીને આવેલી ભીંતનો સ્લેબ અચાનક તૂટી પડ્યો હતો.

કાટમાળના ઢગલા નીચે કૉન્ટ્રેક્ટર હરિરામ ચૌહાણ અને કામગાર મખનલાલ યાદવ અને આકાશ યાદવ ફસાઈ ગયા હતા. આ દુર્ઘટનાની જાણ થતા જ ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ફાયરબ્રિગેડે કાટમાળ હેઠળથી ત્રણેયને બહાર કાઢીને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે સારવાર અગાઉ જ હરિરામ ચૌહાણ અને મખનલાલ યાદવને ડૉકટરે મૃત જાહેર કર્યા હતા. તો આકાશ યાદવ ગંભીર રીતે જખમી થયો હતો અને તેના પર ખાનગી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ભાયંદરમાં બિલ્ડિંગનો સ્લેબ તૂટી પડવાની દુર્ઘટના બાદ મીરા-ભાયંદર પાલિકા પ્રશાસને બિલ્ડિંગનું સ્ટ્રક્ચરલ ઑડિટ કરવાનો આદેશ આપ્યો હતો. ■

# ખારઘરના રહેવાસીએ ફોરેક્સ ટ્રેડિંગ ફ્રોડમાં ₹ ૧.૨૨ કરોડ ગુમાવ્યા

થાણેઃ નવી મુંબઈના ખારઘર વિસ્તારમાં રહેનારા ૪૫ વર્ષના શખસે ફોરેક્સ ટ્રેડિંગ ફ્રોડમાં રૂ. ૧.૨૨ કરોડથી વધુ ગુમાવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

શખસની ફરિયાદને આધારે સાયબર પોલીસે શુક્રવારે પાંચ વ્યક્તિ વિરુદ્ધ ભારતીય દંડસંહિતા અને આઇટી એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

સિનિયર ઇન્સપેક્ટર ગજાનન કદમે જણાવ્યું હતું કે આરોપીઓએ ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો અને ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચ આપી હતી. ફરિયાદીએ નવેમ્બર, ૨૦૨૩થી માર્ચ, ૨૦૨૪ દરમિયાન રૂ. ૧.૨૨ કરોડનું રોકાણ કર્યું હતું.

જાન્યુઆરીમાં ફરિયાદીને જાણવા મળ્યું હતું કે તેના ફોરેક્સ ટ્રેડિંગ એકાઉન્ટમાં નફા સહિત રૂ. ૨.૫૪ કરોડ હતા, પણ તે રૂપિયા ઉપાડી શકતો નહોતો.

આરોપીઓએ તેને ટેક્સ પેટે રૂ. ૪૮ લાખ અને કરન્સી કન્વર્ઝન ચાર્જ પેટે રૂ. ૧૭.૮૫ લાખ ભરવા માટે કહ્યું હતું. ફરિયાદીએ એ રૂપિયા ચૂકવી દીધા છતાં તેને રોકાણ કરેલા રૂપિયા કે નફો મળ્યા નહોતાં. આથી તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ આ પ્રકરણે તપાસ કરી રહી હોઇ હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી. (પીટીઆઇ) ■

# નવરાત્રીના ચાર દિવસમાં ૨૦૦૦ કરતાં વધુ ફ્લેટનું વેચાણ

મુંબઈઃ ચૈત્ર નવરાત્રીના ચાર દિવસમાં મુંબઈમાં પ્રોપર્ટીના રજીસ્ટ્રેશનમાં મોટો વધારો આવ્યો છે.

છેલ્લા ચાર દિવસમાં મુંબઈમાં ૨,૧૫૪ પ્રોપર્ટીનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું, તેમ જ ફ્લેટના વેચાણ પણ વધારો આવવાને લીધે સરકારને ૨૧૦ કરોડ કરતાં પણ વધારેની આવક મળી છે.

પ્રોપર્ટી રજીસ્ટ્રેશન વિભાગની માહિતી મુજબ ગુઢી પાડવા અને ઈદની રજાઓને લીધે અમુક પ્રોપર્ટીની ગણતરી કરવામાં આવી નથી, તેથી પ્રોપર્ટી વેચાણનો આંકડો ત્રણ હજાર સુધી પહોંચેલો હોય શકે છે. એપ્રિલ ૨૦૨૩માં મુંબઈમાં કુલ ૧૦,૫૧૩ પ્રોપર્ટીનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું અને એપ્રિલ ૨૦૨૪માં અત્યારસુધી ૪,૬૬૪ પ્રોપર્ટીનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.


એક એપ્રિલથી આઠ એપ્રિલ ૨૦૨૪ આ સમયમાં ૨,૫૧૦ ફ્લેટનું વેચાણ થયું છે અને ચૈત્ર નવરાત્રીના માત્ર ચાર દિવસમાં ૨,૧૫૪ જેટલા ઘરોના વેચાણ થયા હોવાની માહિતી સામે આવી છે. નવરાત્રીના શુભ મુહૂર્તમાં લોકો ઘર કે પ્રોપર્ટી લેવાનું વધુ પસંદ કરે છે. તેમ જ જીએસટીમાં છૂટ, ઇએમઆઇ જેવી અનેક ઑફર્સ અને સ્કીમને કારણે ઘરોના વેચાણમાં વધારો આવ્યા હોવાની માહિતી એક અધિકારીએ આપી હતી. ■

**નાશિકમાં ડીઆરઆઇની કાર્યવાહી**

# ૭૮૧ 'હાથાજોડી' અને ૧૯.૬ કિલો ઇન્દ્રજાળ સાથે એકની ધરપકડ

મુંબઈઃ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)ની ટીમે નાશિક જિલ્લામાં અંતરિયાળ વિસ્તારમાં ઝાડીઝાંખરાના કપરા માર્ગ પર કલાકો સુધી પીછો કરીને ૭૮૧ 'હાથાજોડી' (બેંગાલ મોનિટર લિઝર્ડ હેમિપીનીસ) અને ૧૯.૬ કિલો સોફ્ટ કોરલ્સ (ઇન્દ્રજાળ) જપ્ત કરી એક તસ્કરને ઝડપી પાડ્યો હતો.

નાશિકમાં તસ્કરો સંભવિત ખરીદદારોને આ વસ્તુઓ વેચવા માટે આવવાના હોવાની માહિતી મળ્યા બાદ ડીઆરઆઇના અધિકારીઓએ જાળ બિછાવી હતી. અંતરિયાળ આદિવાસી ગામડામાં તસ્કરોએ ખરીદદારોને આ વસ્તુઓ સોંપવાનું નક્કી કર્યું હતું. તસ્કરો દ્વારા બાઇક પર ત્રણ-ચાર જૂથોને વિસ્તારમાં સતત નજર રાખવાનું કામ સોંપવામાં આવ્યું હતું. બાઇક પર ભૂરા રંગના ધ્વજ લગાવાયા હતા. આ જૂથોની નજરથી બચવા માટે અધિકારીઓ સાવચેતીથી પીછો કરી રહ્યા હતા. આખરે તસ્કરો ખરીદદારને મળવા આવ્યા ત્યારે અધિકારીઓ તેમની તરફ જવા લાગ્યા. એ સમયે તસ્કરોના બાઇક પરના જૂથે તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો. બાઇકરોએ તસ્કરોને પણ સતર્ક કરી દીધા હતા. અધિકારીઓએ અત્યંત ખરાબ માર્ગ પર અડધો કિ.મી. સુધી તેમનો પીછો કર્યો હતો અને આખરે એક તસ્કરને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ૭૮૧ હાથાજોડીઓ અને ૧૯.૬ કિલો ઇન્દ્રજાળ જપ્ત કરવામાં આવ્યા હતા, જે વાઇલ્ડલાઇફ (પ્રોટેક્શન) એક્ટ, ૧૯૭૨ના શિડ્યુલ-૧ હેઠળ લિસ્ટેડ છે. ■



**શ્રદ્ધાંજલિ...** ૧૪મી એપ્રિલ, ૧૯૪૪ના વિક્ટોરિયા ડોક પર વિસ્ફોટકોથી ભરેલી ફોર્ટ સ્ટિકિન બોટમાં લાગેલી ભીષણ આગ બુઝાવવાની કામગીરીમાં અગ્નિશમન દળના ૬૬ જવાન મૃત્યુ પામ્યાં હતાં. ભાયખલા ખાતેના અગ્નિશમન દળના મુખ્યાલયમાં તે શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. (અમય ખરાડે)

# ૫૦ વર્ષથી વધુ વયના પોલીસ કર્મચારીઓનું વિશેષ ધ્યાન રાખી રહી છે મુંબઈ પોલીસ

મુંબઈઃ વધતી ગરમીથી મુંબઈ પોલીસ વિભાગના કર્મચારી-અધિકારીઓ ત્રાસી ગયા છે. આમાં એ પોલીસકર્મીઓ સૌથી વધુ પરેશાન છે જેઓ સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓથી ઘેરાયેલા છે અથવા વયસ્ક છે. ખાસ કરીને ૫૦ વર્ષથી વધુ વયના પોલીસ કર્મચારીઓની હાલત બગડી રહી છે. આવી તકલીફોનો સામનો કરી રહેલા પોલીસકર્મીઓને મુંબઈ પોલીસ ઇનડોર ડ્યૂટી આપી રહી છે.

ગર્ભવતી મહિલા પોલીસ, વયસ્ક પોલીસ અને બીમારીથી પીડાતા પોલીસકર્મીઓને દોડધામવાળા કામ તથા અન્ય કામો આપવામાં આવે છે. તેમને નાઇટ ડ્યૂટી પણ આપવામાં આવે છે. સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને પોલીસ કર્મચારીઓ પાસે આઠ કલાકની ડ્યૂટી કરવાની વ્યવસ્થા પણ કરાઇ છે. કામ બાબતે આમ તો મહિલા પોલીસકર્મીઓને થોડી રાહત આપવામાં આવે છે. રસ્તા પર કલાકો સુધી થનારી નાકાબંધી, આરોપીઓને પકડવા માટે દોડધામ અને તડકામાં કામ કરાવવાને બદલે તેમની પાસે એડમિન વર્ક કરાવવાને પ્રાથમિકતા આપવામાં આવે છે. વિવિધ વિભાગમાં હેલ્પલાઇન નંબર પર વયસ્ક અને અનુભવી પોલીસકર્મીને રાખવામાં આવે છે.

ઉત્તર મુંબઈ ટ્રાફિક ડિવિઝનના અધિકારીએ જણાવ્યું હતું કે ગરમીથી દરેક પરેશાન છે, પણ જે અધિકારી કે કોન્સ્ટેબલ વયસ્ક છે તેમને ઓફિસમાં ડ્યૂટીની વ્યવસ્થા કરવામાં આવી છે. વધતી ગરમી, પ્રદૂષણ વિગેરેથી જે પોલીસકર્મીઓનું સ્વાસ્થ્ય બગડે છે તેમને ઓફિસમાં ડ્યૂટી આપવામાં આવે તો તેઓ તંદુરસ્ત રહી શકે. ■

# ચંદ્રપુરમાં ખોરાકીઝેરની અસરઃ એકનું મોત, ૭૯ હોસ્પિટલભેગા

ચંદ્રપુરઃ ચંદ્રપુર જિલ્લાના માજરી કોલીરી વિસ્તારમાં રવિવારે ખોરાકીઝેરની અસરને કારણે એક જણનું મોત થયું હતું, જ્યારે ૭૯ લોકોને સારવારાથે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

શનિવારે સાંજના કાલી મંદિરમાં ચૈત્ર નવરાત્રિ મહોત્સવની પૂર્વસંધ્યાએ ધાર્મિક કાર્યક્રમમાં ૪૦૦થી વધુ લોકોએ 'પ્રસાદ' ખાધા બાદ આ ઘટના બની હતી.

કેટલાક લોકો ઘરે ગયા બાદ તેમની તબિયત લથડી હતી અને ૭૯ લોકો મોડી રાતે વરોરા સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા હતા. જેમાંના છ જણની હાલત નાજુક થતાં તેમને બાદમાં ચંદ્રપુર જિલ્લામાં આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આમાંના એક જણનું બાદમાં મૃત્યુ થયું હતું, જેની ઓળખ ગુરુફેમ યાદવ તરીકે થઇ હતી. અન્ય લોકોની હાલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, એમ આરોગ્ય વિભાગના અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# ૬ જૂન સુધી માગણી પૂર્ણ નહીં થાય તો મરાઠાઓ વિધાનસભા ચૂંટણીમાં ઝંપલાવશેઃ જરાંગે

થાણેઃ મરાઠા આરક્ષણના આંદોલનકારી મનોજ જરાંગેએ રવિવારે જણાવ્યું હતું કે લોકસભાની ચૂંટણીના મેદાનમાં ઉતરવાની કોઈ ઈચ્છા નથી, પણ જો આરક્ષણની માગણી ૬ જૂન સુધીમાં નહીં સ્વીકારવામાં આવે તો મરાઠાઓ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી લડે એવી પૂરેપૂરી સંભાવના છે.

મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણી એપ્રિલ ૧૯થી મે ૨૦ દરમિયાન પાંચ તબક્કામાં થવાની છે. ત્યારબાદ રાજ્ય વિધાનસભા ચૂંટણીનું આયોજન થશે. લોકસભા ચૂંટણીની મત ગણતરી ચોથી જૂને કરવામાં આવશે.

નવી મુંબઈ ખાતે સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જરાંગેએ જણાવ્યું હતું કે 'અમે સક્રિય રાજકારણમાં સામેલ નથી. કોઈ પણ રાજકીય પક્ષ તરફ અમારો ઝુકાવ નથી. અમે કોઈ ઉમેદવાર પણ ઊભો નથી રાખ્યો અને કોઈ ઉમેદવારને સમર્થન પણ જાહેર નથી કરવાના.' (પીટીઆઈ) ■

# નવી મુંબઈમાં સ્વિમિંગ પુલમાં ડૂબવાથી વિદ્યાર્થીનું મૃત્યુ

નવી મુંબઈઃ નવી મુંબઈના વાશી વિસ્તારમાં ૧૭ વર્ષના વિદ્યાર્થીનું સ્વિમિંગ પુલમાં ડૂબી જવાથી મૃત્યુ થયું હતું. પોલીસે આ પ્રકરણે સંબંધિત વ્યક્તિ સામે ગુનો દાખલ કર્યો હતો. મૃતકની ઓળખ મયૂર ઢમાળે તરીકે થઇ હોઇ તે નેરુલમાં રહેતો હતો અને ૧૧મા ધોરણમાં અભ્યાસ કરતો હતો. રવિવારે બપોરે શાળાના કેટલાક વિદ્યાર્થીઓ સ્વિમિંગ શીખવા માટે આવ્યા હતા અને તેમને સ્વિમિંગ પુલમાં ઊતરવાનું કહેવામાં આવ્યું હતું.

દરમિયાન મયૂર પણ પાણીમાં ઊતર્યો હતો અને ઊંડાણનો ખ્યાલ ન રહેતા તે પાણીમાં ડૂબવા લાગ્યો હતો. મયૂરને પાણીમાંથી બહાર કાઢ્યા બાદ હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ વાશી પોલીસે બેદરકારી બદલ સંબંધિત વ્યક્તિ સામે ગુનો દાખલ કર્યો હતો. ■

# એક જ દિવસમાં રસ્તા પરથી ૧૨૪ મેટ્રિક ટન ડેબ્રિજ અને ૬૭ મેટ્રિક ટન કચરો જમા

## ૫૯૦ કિલોમીટર લંબાઈના રસ્તાની સફાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં શનિવારે ૧૩ એપ્રિલ, ૨૦૨૪ના જુદા જુદા વિસ્તારમાં 'ડીપ ક્લિનિંગ ડ્રાઈવ' હાથ ધરી હતી, જે હેઠળ એક જ દિવસમાં ૧૨૪ મેટ્રિક ટન ડેબ્રીજ, ૬૭ મેટ્રિક ટન કચરો ભેગો કરવામાં આવ્યો હતો. તો ૫૯૦ કિલોમીટર લંબાઈના રસ્તા પાણીથી ધોઈને સ્વચ્છ કરવામાં આવ્યા હતા. મુંબઈમાં છેલ્લા અનેક મહિનાઓથી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે, જે હેઠળ શનિવારે, ૧૩ એપ્રિલના સફાઈ ઝુંબેશ દરમિયાન ૧૨૪ મેટ્રિક ટન ડેબ્રિજ, ૬૭ મેટ્રિક ટન કચરો ભેગો કરવામાં આવ્યો હતો. લગભગ ૫૯૦ કિલોમીટર લંબાઈના રસ્તાને પહેલા બ્રશાથી સાફ કરીને ધૂળ કાઢવામાં આવી હતી અને ત્યારબાદ પાણીથી ધોઈને સ્વચ્છ કરાયા હતા. પાલિકાના જણાવ્યા પ્રમાણે લગભગ ૨,૦૫૭ કર્મચારી, અધિકારીઓ સફાઈ ઝુંબેશમાં જોડાયા હતા. જેસીબી, ડંપર, કૉમ્પૅક્ટર, કચરો ભેગો કરવાનાં વાહન, પાણીનાં ટેન્કર જેવા વાહનોની સાથે ફાયરેક્સ મશીન, મિસ્ટિંગ મશીન વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ■

# ભાજપનું જાહેરનામું 'ફેંકુનામું' છેઃ નાના પટોલે

મુંબઈઃ સત્તાના ૧૦ વર્ષ દરમિયાન ખેડૂતો, નાના વેપારી અને યુવાનો પ્રત્યે દુર્લક્ષ કરનારા ભારતીય જનતા પક્ષને લોકસભાની ચૂંટણી ટાણે અચાનક ફરી તેમનું સ્મરણ થયું હોવાથી પક્ષના જાહેરનામામાં તેમનો ઉલ્લેખ કર્યો છે. નોકરીના નામે ભાજપે દેશના યુવા વર્ગને છેતર્યો છે, ખેડૂતોનું ઉત્પન્ન બમણું કરી આપવામાં આવશે એમ કહી ખેડૂતોને પણ ફસાવ્યા છે, જીએસટીના માધ્યમથી નાના વેપારી અને જનતાને ભોળવી અદાણીના ખિસ્સા ભર્યા છે અને ફરી એ જ લોકોને છેતરવાનો પ્રયાસ ભાજપ કરી રહ્યું છે. ભાજપનું જાહેરનામું 'ફેંકુનામું' છે અને હવે ભાજપના 'ચૂંટણી ચાતુર્ય'માં જનતા હવે ભોળવાઈ નહીં જાય એમ કડક શબ્દોમાં મહારાષ્ટ્ર કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલેએ ટીકા કરી છે. નાગપુરમાં સંવાદદાતા સાથેની વાતચીતમાં નાના પટોલેએ વધુમાં જણાવ્યું હતું કે મોદી સરકારે ૧૦ વર્ષ માત્ર અદાણી માટે જ કામ કર્યું છે. આ સરકાર અદાણી સરકાર હતી પણ જાહેરનામામાં અદાણીનું નામ નજરે નથી પડતું. સમાન નાગરી કાયદાનું આશ્વાસન ગઈ ચૂંટણીમાં આપ્યું હતું તો અત્યાર સુધી એનો અમલ કેમ નથી થયો? શું કોઈએ તેમને રોક્યા છે?' ■

# સંસ્થા સમાચાર

## જે પરિસ્થિતિને મન સ્વીકારી લે તે જ સાચું સુખઃ ધીરગુરુદેવ



શ્રી કમાણી જૈન ભવન-કલકત્તાના આંગણે પૂ. શ્રી ધીરગુરુદેવનો આયંબિલ ઓળી પર્વ પ્રસંગે પ્રવેશ સમારોહ ચંદ્રવંદન દેસાઈની અધ્યક્ષતામાં તેરાપંથ ભવનમાં ઉજવાયો.

બિંદુબેન હરેશ મોદીના નિવાસે નવકારશી બાદ શોભાયાત્રા તેરાપંથ ભવનમાં પહોંચતા ચંદન સ્વાધ્યાય મંદિર અને વાય ફેક્ટરના યુવા આલમે ગુરુસ્તુતિ બાદ શક્રેન્દ્ર મહારાજાની વેશભૂષામાં નમોત્થુણંની પ્રસ્તુતિ કરી. ધર્મસભામાં ચેતન મહેતા, રૂપલ અવલાણી, અમિતા પારેખના સ્વાગત ગીત બાદ અમિત મોદી અને દીપક ગાઠાણીએ ભક્તિગીત ગાયું. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોને સંબોધતા ગુરુદેવે જણાવેલ કે- જેનું શરીર સુંદર હોય એને દુનિયા પસંદ કરે છે પણ જેના ભાવ સુંદર હોય તેને તો પ્રભુ જ પસંદ કરે છે. જે પરિસ્થિતિને મન સ્વીકારી લે તે જ સાચું સુખ છે. ચંદ્રવદન દેસાઈ ફાઉન્ડેશનના શુભારંભે તેઓના પુત્ર પ્રણય દેસાઈએ એક કરોડ રૂપિયાથી શરૂઆત કરતાં સહુ હર્ષિત બન્યા હતા.

પ્રેરણાના તંત્રી અજયભાઈ શેઠે વક્તવ્યમાં જણાવેલ કે- જીવનમાં સંતોષ, પરિવારમાં પ્રસન્નતા જરૂરી છે. દાનથી સંપત્તિની મૂર્ચ્છા છૂટે છે. તપથી ભોજનના પદાર્થોની આસક્તિ ઘટે છે. રાજધાની દિલ્હી ગુજરાતી સંઘના મંત્રી કેતન વોરાએ કલકત્તાવાસીઓના યોગદાનને બિરદાવ્યું હતું. માનવ કલ્યાણ ભવન નિર્માણમાં ૨૭ લાખનું દાન જાહેર કરાયું હતું.

# ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

■ કથા, રાંદલ, લગ્ન, વાસ્તુ, મરણ વિધિ માટે ફોન કરો - 9820718979. (બી-૧૪૦૩૩)

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટાકાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૪૦૪૬)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ ચિરાગ-અયોધ્યા, વારાણસી, પ્રયાગરાજ, 8 દિવસ, જગન્નાથપુરી, ભુવનેશ્વર, ગંગાસાગર. 9833009445. (૧૩૪૯૮-બી)

■ ચિરાગ-ચારધામ, દહેરાદુનથી, 4 સ્ટાર હોટેલ, હેલીકોપ્ટરમાં, 6 દિવસ. 9833009445. (૧૩૪૯૮-એ)

### ૧૪. નોકરી ખાલી છે

**REQUIRE-EXPERIENCE**

Account Clerk cum Back Office Work with Excel knowledge for Full/Parttime at Vile-Parle (East) Office. Contact-9320507091 & Email-tac.hard@hotmail.com (14340-A)

### ૧૭. જગ્યા આપવી છે

**દેવલાલી -નવી મુંબઈ**

**રૂમ/બંગલો ત્રણ પાંચ આઠ દિવસ માટે ભાડે મળશે. 9892561477. (૧૪૩૩૮-સી)**

**PEDDAR ROAD**

3 BHK 1600 cp 6 Cr. 2 BHK 600 cp 3.50 Cr. 1 BHK 600 cp 3.15 Cr. nego. 9892710071 / 9619048555. (B-14095)

**NANA CHOWK - KEMPS CORNER -**

Pedder Road 1-2 BHK Flat On Ownership Sea-Facing throw away price must sale today Brokers Welcome. For Further Details. Contact: 022-23511661/ 31420205. (14362/G)

### ૧૮. જગ્યા જોઈએ છે

A DIAMOND MERCHANT From Antwerp Urgently Requires 2/3 BHK Flat on Ownership in South Mumbai. Preferably Sea-Facing. Can pay fancy Price. Brokers Welcome 9987310819. (14362/F)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા વેચવા ભાડેથી રુષભ ઉપાધ્યાયઃ- 9049625073 હિતેષ ઉપાધ્યાયઃ- 9326470109. (એસડીબી-૧૮૪૨)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**

48 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૬૮૮-એ)

**સર્જીકલ મોલ**

**Vissco / Tynor 30% ડિસ્કાઉન્ટ. વીલચેર/હોસ્પીટલબેડ/ બાયપેપ/ સીપેપ / વોકિંગ સ્ટીક વેચાણથી / ભાડેથી. એડલ્ટ ડાઈપર / બાથ ટોવેલ /ગ્લોવ્સ / કોટન હોલસેલ ભાવથી મળશે. - 9869337720. (એસડીબી-૧૮૬૫)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીચામુંડા જ્યોતિષ**

**લગ્નમાં રૂકાવટ, ખવડાવેલુ, પિવડાવેલુ, જૂની બીમારી, સંતાન ચિંતા, લવમેરેજ, પતિદુખ, છુટાછેડા, શત્રુથી પરેશાન. પારસ નગર, જૈન દેરાસર પાસે, શંકરગલી કાંદિવલી (વેસ્ટ). 9157999811/022-31970731. (૧૪૩૩૪/બી)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૩૫૪-સી)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૪૨૭૮-સી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**DWARKADHISH WATERPROOFING**

સ્પેશ્યિલીસ્ટ વોટરપ્રુફિંગ ટેરેસ, ક્રેક ફિલીંગ, પેન્ટીંગ, ઓલ એરીયા લીકેજ વોટરપ્રુફીંગ. 8169858614, 9082823163. (૧૩૪૯૫-ડી)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન પાર્સલ**

લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

# છેલ્લા પાનાનું ચાલુ

## હમારી તાકત

થઈ હતી. આ ફેસબુક પોસ્ટ અનમોલ બિશ્નોઈની હોવાનો દાવો કરાયો હતો. પોલીસ આ પોસ્ટ અંગે તપાસ કરી રહી છે. કેટલાક શબ્દો ઈંગ્લિશ સાથે હિન્દીમાં લખાણવાળો આ મેસેજ સલમાન ખાનને ઉદ્દેશીને લખવામાં આવ્યો હતો. મેસેજના શરૂઆતમાં જય શ્રી રામ અને જય ભારત લખવામાં આવ્યું હતું. પછી હમ અમન ચાહતે હૈ. જુલ્મ કે ખિલાફ ફૈસલા અગર જંગ સે હો તો જંગ હી સહી. સલમાન ખાન હમને યહ તુમ્હેં ટ્રેલર દિખાને કે લિયે કિયા હૈ. તાકિ તુમ સમઝ જાઓ... હમારી તાકત કો ઔર મત પરખો. યહ પહલી ઔર આખરી વૉર્નિંગ હૈ. ઈસકે બાદ ગોલિયાં ખાલી ઘર પર નહીં ચલેંગે ઔર જિસ દાઉદ ઈબ્રાહિમ ઔર છોટા શકીલ કો તુમને ભગવાન માન રખા હૈ ઉસકે નામ કે હમને દો કુત્તે પાલે હુયે હૈ. બાકી જ્યાદા બોલને કી મુઝે આદત નહીં... જય શ્રી રામ.

જોકે મેસેજની નીચે લૉરેન્સ બિશ્નોઈ ગ્રુપ, ગોલ્ડી બ્રારના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ગુનાહિત ભૂતકાળ ધરાવતા અનમોલ વિરુદ્ધ ૧૮ જેટલા ગુના નોંધાયેલા છે. અગાઉ ધરપકડ કરાયેલા અનમોલને જોધપુરની જેલમાં રાખવામાં આવ્યો હતો. ૭ ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ તેને જામીન પર છોડવામાં આવ્યો હતો.

## ગ્રાન્ટ રોડ અને

પશ્ચિમ રેલવેના સ્ટેશનોની સાથે જ પરિસરની મુલાકાત પાલિકાના ઉચ્ચ અધિકરીઓ દ્વારા લઈને ચોમાસા પહેલાની તૈયારીઓનો અહેવાલ લીધો હતો. એ દરમિયાન 'ડી' વોર્ડમાં આવતા ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડ સ્ટેશન પરિસરમાં ચોમાસા પહેલાના કામ અને વોર્ડમાં આવેલી જોખમી ઈમારતનો અહેવાલ લેવામાં આવ્યો હતો. ઝોન એકના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સંગીતા હસનાળેએ 'ડી' વોર્ડમાં જુદા જુદા વિસ્તારોની મુલાકાત લીધી હતી. ખાસ કરીને ચર્ની રોડ અને ગ્રાન્ટ રોડમાં આવેલી જોખમી બિલ્ડિંગોના માલિકને નોટિસ આપીને સમારકામ તાત્કાલિક કરાવી લેવાની સૂચના તેમણે આપી હતી. તેમજ જોખમી ઈમારત બાબતે યોગ્ય પગલા લેવાની સૂચના પણ તેમણે અધિકારીઓને આપી હતી.

## સલમાનના

અન્યો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણે આર્ટિસ્ટ મૅનેજમેન્ટ કંપની ચલાવતા પ્રશાંત ગુંજાળકરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

જોકે તે પહેલાં જૂન, ૨૦૨૨માં સલમાન ખાનના પિતા અને ફિલ્મ રાઈટર સલીમ ખાનને બાન્દ્રા બેન્ડસ્ટેન્ડની એક બૅન્ચ પરથી ચિઠ્ઠી મળી હતી. ચિઠ્ઠીમાં પંજાબના સિંગર સિધુ મૂસેવાલા સાથે જે થયું એવા હાલ સલમાનના પણ થશે, એવું લખવામાં આવ્યું હતું. ગૅન્ગસ્ટર લૉરેન્સે એક ન્યૂઝ ચૅનલને આપેલા ઈન્ટરવ્યૂમાં સલમાન ખાનની હત્યાની ખૂલેઆમ ધમકી આપી હતી. તે સમયે લૉરેન્સે કહ્યું હતું કે સલમાને રાજસ્થાનમાં કાળિયારને માર્યું તે માટે તેણે માફી માગવી જોઈએ. માફી માગવા માટે તેણે બિકાનેરના મંદિરમાં જવું પડશે. જો સલમાન આવું નહીં કરે તો તેને મારી નાખવામાં આવશે, એવી ધમકી લૉરેન્સે આપી હતી.

## શૂટરોએ

નહોતા. પોલીસનું કહેવું છે કે શૂટરોએ પાંચ રાઉન્ડ ફાયર કર્યા હતા, જેમાંથી એક ગોળી ઑપન વિન્ડો ગૅલેરી તરફ ફાયર કરાઈ હતી, જ્યારે બીજી બિલ્ડિંગની દીવાલને વાગી હતી. ત્રીજી ગોળી એક દુકાનના બોર્ડ સાથે ટકરાઈ હતી અને ચોથી ગોળી હવામાં ફાયર કરાઈ હતી. પાંચમી ગોળી પોલીસને ઘટનાસ્થળેથી જ મળી આવી હતી. ગોળીબાર પછી શૂટરો મેહબૂબ સ્ટુડિયોની દિશામાં ફરાર થઈ ગયા હતા. પોલીસ તપાસ અનુસાર આરોપીઓએ બે દિવસથી રૅકી કરી હતી. ગોળીબાર પછી કયા માર્ગે ફરાર થવું તેનો અભ્યાસ કર્યો હશે. રવિવારે મળસકે ત્રણ વાગ્યે સલમાન ઘરે આવ્યો તેની જાણ થયા પછી આરોપીઓએ ગોળીબાર કર્યો હતો. એ સિવાય પોલીસની એક વૅન સુરક્ષા માટે ગૅલેક્સી એપાર્ટમેન્ટ બહાર ઊભી રહી છે. આ વૅન રવિવારે એપાર્ટમેન્ટ બહાર ન હોવાનું પણ શૂટરોએ નોંધ્યું હશે.

દરમિયાન પોલીસની પચીસથી ત્રીસ ટીમ શૂટરોની શોધમાં લાગી છે. મુંબઈની લોજ, હોટેલ્સ, ટ્રેન અને બસોમાં પોલીસની ટીમ શોધ ચલાવી રહી છે.

## મોદી અને પુટિનમાં

પુટિન વચ્ચે કોઈ તફાવત નથી, એમ તેમણે કહ્યું હતું.

દેશમાં જ્યારે આદર્શ આચારસંહિતા લાગુ હોય ત્યારે સેવા આપતા મુખ્ય પ્રધાન (અરવિંદ કેજરીવાલ)ની ધરપકડ દર્શાવે છે કે મોદી ધીમે ધીમે સંસદીય લોકશાહીને નષ્ટ કરી રહ્યા છે અને દેશ નિરંકુશતા તરફ આગળ વધી રહ્યો છે, એમ પવારે જણાવ્યું હતું. લોકશાહીમાં શાસક પક્ષની જેમ વિપક્ષની હાજરી પણ એટલી જ મહત્વની છે, એમ તેમણે જણાવ્યું હતું.

જ્યારે લોકસભા ચૂંટણી માટે ભાજપના મેનિફેસ્ટો વિશે પૂછવામાં આવ્યું ત્યારે પવારે કહ્યું, તેમના મેનિફેસ્ટો પર ટિપ્પણી કરવાનો આ યોગ્ય સમય નથી. જો કે, વચનો આપવા એ ભાજપની વિશેષતા છે.

## એકનાથ શિંદે

મનાતી ભાજપમાંથી નેતાઓ પાર્ટીને છોડીને જઈ રહ્યા છે. આમ હવે એકનાથ શિંદેના નેતૃત્વને મજબૂત માનવામાં આવી રહ્યું છે. આ વખતે લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારી ન આપી શકાય એવી સ્થિતિ કૃપાલ તુમાને અને ભાવના ગવળી સાથે થઈ હતી. બંને વર્તમાન સંસદસભ્ય હતા અને અપેક્ષા રાખી રહ્યા હતા. એકનાથ શિંદેએ પહેલાં રામટેકના કૃપાલ તુમાનેને સમજાવ્યા હતા અને તેઓ બહારથી આવેલા નેતા માટે આ બેઠક પરથી પ્રચાર કરવા તૈયાર થઈ ગયા હતા.

યવતમાળ-વાશિમના ૨૫ વર્ષથી સંસદસભ્ય રહેલા ભાવના ગવળીને ઉમેદવારી ન આપવામાં આવી તેને મોટું પગલું માનવામાં આવતું હતું અને તેમની નારાજગી પણ ખાસ્સી હતી. બધાને એવું લાગતું હતું કે તેઓ અપક્ષ અથવા અન્ય પક્ષમાં જઈને ચૂંટણી લડશે. આ બેઠક પરથી જેમને ઉમેદવારી આપવામાં આવી તે રાજશ્રી પાટીલનો પરાજય પાક્કો માનવામાં આવતો હતો. એકનાથ શિંદે દ્વારા તેમને બે-ત્રણ વખત બોલાવવામાં આવ્યાં, પરંતુ તેઓ પોતાની જીદ પર અડેલાં હતાં. આખરે શનિવારે ભાવના ગવળી પોતાના કાર્યકર્તાઓ સાથે મુખ્ય પ્રધાનના વર્ષા બંગલો પર પહોંચ્યાં હતાં. મુખ્ય પ્રધાન સાથે લગભગ એક કલાકની બેઠક બાદ ભાવના ગવળીના સૂર બદલાઈ ગયા હતા.

## શિંદેની સુરક્ષા

ઈમારતના નિવાસસ્થાનની બહાર બાઈક પર આવેલા અજ્ઞાત લોકો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ગોળીબાર બાદ રાજ્યના રાજકારણમાં તંગદિલી ફેલાઈ હતી. વિપક્ષ દ્વારા સરકાર પર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. તેનો જવાબ આપતાં નાયબ મુખ્ય પ્રધાન અને રાજ્યના ગૃહ ખાતાના પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે આ પ્રકરણ પરથી રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી છે એવું તારણ કાઢવું અયોગ્ય છે. બનાવની તપાસ થઈ રહી છે અને માહિતી મળ્યા બાદ વિગતો આપવામાં આવશે. નાગપુરમાં દિક્ષાભૂમિ પર ડૉ. બાબાસાહેબ આંબેડકરને અંજલી આપ્યા બાદ તેમણે કહ્યું હતું કે સલમાન ખાનના ઘર પર કરવામાં આવેલા હુમલાની તપાસ પોલીસ કરી રહી છે. આ પ્રકરણે વિપક્ષો દ્વારા જે રીતે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડી હોવાની બૂમરાણ કરવામાં આવી રહી છે તે યોગ્ય નથી.

બીજી તરફ સલમાન ખાનના નિવાસ સ્થાન પર થેયલા હુમલા બાદ રાજ્યના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ તેમની સાથે ફોન પર વાત કરી હતી અને તેને સુરક્ષાની ખાતરી આપી હતી. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સલમાન ખાન સાથે ફોન પર વાત કરી હતી અને સુરક્ષા સંબંધે તેને ખાતરી આપી હતી.

## અંધેરી સબ-વે

આ સર્વ કામ પૂરું થતા ત્રણથી ચાર વર્ષનો સમય લાગશે અને ત્યાં સુધી અંધેરી સબ વેમાં પાણી ભરાઈ જાય ત્યારે વાહન વ્યવહાર અટકાવી દેવો એ જ એકમાત્ર પર્યાય છે. અગાઉ મોગરા ઉદંચન કેન્દ્ર માટે ૨૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત છે. એ કામ રાખડી પડ્યું છે એ પરિસ્થિતિમાં વધુ ૨૦૯ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

મુસળધાર વરસાદ પડ્યા પછી અંધેરી સબ વે, મિલન સબ વે, દાઉદ બાગ, આઝાદ નગર, વીરા દેસાઈ રોડ પરિસરમાં પૂરની પરિસ્થિતિ નિર્માણ થતી હોય છે. ચોમાસામાં મિલન સબ વેમાં પાણી ભરાઈ ન જાય એ માટે પાણી એકઠું કરવાની ટાંકીનું બાંધકામ પૂર્ણ થયું હોવા છતાં આ વર્ષે અંધેરી સબ વે પાણી નીચે ગરક થવાની સંભાવના છે. અંધેરી પશ્ચિમ પરિસરમાં મોગરા નાળાની પહોળાઈ અનેક ઠેકાણે ઓછી હોવાથી વરસાદ પડતો હોય ત્યારે અને ભરતીના સમયે મોગરા નાળાની સપાટી વધવા લાગે છે અને પરિણામે તેને સંલગ્ન અંધેરી સબ વે, દાઉદ બાગ, આઝાદ નગર, વીરા દેસાઈ રોડ પરિસરમાં પૂરની પરિસ્થિતિ નિર્માણ થાય છે અને માલમતાને નુકસાન પહોંચે છે. અંધેરી પૂર્વ અને પશ્ચિમને જોડતા ગોખલે પુલનું કામ રખડી પડતા મોગરા નાળાની પહોળાઇનું કામ ગયા વર્ષે શરૂ નહોતું થઈ શક્યું.

## ગોખલે અને બરફીવાલા

અહેવાલમાં અમુક ફેરફાર સૂચવ્યા હતા, જેમાં પુલના માળખાને ઉપર કરવા માટે ચારના બદલે બે સ્પાનને ઊંચા કરવામાં આવે તો પણ ચાલશે એવું કહ્યું હતું.

આગામી લોકસભાની ચૂંટણી માટે આચારસંહિતા અમલમાં આવી હોવાથી પાલિકાએ આ કામ માટે અલગથી ટેન્ડર આમંત્રિત કરવા માટે ચૂંટણી પંચની મંજૂરી લેવી પડવાની છે. કામમાં વિલંબ ટાળવા માટે પાલિકાએ ગોખલે બ્રિજના પુનઃ નિર્માણ પર કામ કરી રહેલા હાલના કૉન્ટ્રેક્ટરને જ આ કામ સોંપ્યું છે. પાલિકાના પુલ વિભાગે ગયા ગુરુવારે વીજેટીઆઈની દેખરેખ હેઠળ સી.ડી.બરફીવાલા ફ્લાયઓવરની ઉત્તર બાજુની સાઈડને મર્જ કરવાનું કામ ચાલુ કરવા માટે કૉન્ટ્રેક્ટરને કહ્યું હોવાનું કહેવાય છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ બંને પુલના અલાઈનમેન્ટનું કામ આઈઆઈટ-બોમ્બે અને વીજેટીઆઈ દ્વારા મંજૂર કરાયેલા ટેક્નિક પર જકરવામાં આવશે. આ કામ ૯૦ દિવસમાં પૂરું કરવાનું લક્ષ્યાંક છે. બંને પુલને એક લેવલમાં લાવવા માટે લગભગ ત્રણ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે.

આ દરમિયાન ગોખલે પુલના બીજા ભાગ માટેના ગર્ડર તેના અંબાલા સ્થિત વર્કશોપમાંથી મુંબઈ લાવવામાં આવી રહ્યા છે અને આગામી મહિનામાં તેને જોડવાની પ્રક્રિયા ચાલુ કરવામાં આવશે. ગોખલે પુલ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં સંપૂણ રીતે ખુલ્લો મૂકવાની પાલિકાની યોજના છે.

## રખડી પડેલા

વિસ્તારના ઘરોને ખાલી કરાવ્યા બાદ અને બીજા પ્રોજેકટના કામને અધૂરું રાખવામાં આવવાને લીધે પુનઃવિકાસના કામો અટકી પડ્યા છે. એસઆરએ ગયા વર્ષના રખડી પડેલા અને અધૂરા પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે નાણાકીય કંપનીની મદદ લેવાનો નિર્ણય લીધો છે. એક અહેવાલ મુજબ એસઆરએ પ્રોજેક્ટના નામે અનેક બિલ્ડરોએ કંપનીના નામ પર કરોડો રૂપિયાની લોન લીધી છે, જોકે હજુ અનેક પ્રોજેક્ટના કામ શરૂ નથી થયા અને અમુક પ્રોજેક્ટનું કામ પણ રોકાઈ ગયા છે. ઝૂંપડપટ્ટી પુનઃવિકાસ પ્રોજેક્ટ હેઠળ બિલ્ડીંગ પૂર્ણ નહીં થતાં અનેક નાણાકીય કંપનીના પૈસા બિલ્ડરો પાસે અટકી પડ્યા છે. જેથી સરકાર આ પૈસાને ડૂબવાથી બચાવવા અને પ્રોજેક્ટને ફરી શરૂ કરવાના પ્રયત્નો કરી રહી છે. અભય યોજના વડે પૈસાને પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ નાણાકીય સંસ્થાને આપવામાં આવશે. આ યોજનાનું અમલીકરણ કરવા માટે સરકાર દ્વારા નાણાકીય સંસ્થા પાસેથી તેમનું એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ (ઇઓઆઇ) મગાવવામાં આવ્યું હતું. આ યોજનાથી થતાં લાભને જાણીને નાણાકીય સંસ્થાઓએ સરકારના પ્રકલ્પને પૂર્ણ કરવામાં રુચિ દાખવી હતી. જેથી હવે નાણાકીય સંસ્થાઓને કામ સોંપવાનું કામ છેલ્લા તબક્કામાં છે. શહેરના અધૂરા પ્રોજેક્ટને પૂર્ણ કરાવવા માટે એસઆરએએ નાણાકીય કંપનીઓને કો-ડેવલપર્સની જવાબદારી સોંપવાનું નક્કી કર્યું છે. નાણાકીય કંપનીઓ દ્વારા પ્રોજેક્ટના ઘર તૈયાર કર્યા બાદ સ્થાનિક નાગરિકોને બિલ્ડીંગના વધારાના ઘરો વેચવાનો અધિકાર મળશે. નાણાકીય સંસ્થાઓ મકાનો વેચીને તેમના અટવાયેલાં નાણાં પાછાં મેળવી શકશે, એવી માહિતી અધિકારીએ આપી હતી.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડ હાલ ખેતવાડી અ. સૌ. ચંપાબેન જયેશભાઇ પટેલ (ઉં. વ. ૫૩)નું ગુરુવાર, તા. ૧૧-૪-૨૪ના અવસાન થયેલ છે. તે જયેશભાઇના ધર્મપત્ની. તે સ્વ. રેવાબેન તથા કરસનદાસ મણીલાલ પટેલના પુત્રવધૂ. તે ભારતીબેન, હંસાબેન, મીનાબેન તથા સ્વ. જાગૃતીબેનના ભાભી. તે નીરવ, તન્વી, વિપુલ, રિદ્ધિ, લોમા તથા પલ્લવીના મામી. તે નયનાબેન, ભરતભાઇ, પ્રકાશભાઇ તથા વાસંતીબેનના બેન. બેસણું સોમવાર, તા. ૧૫-૪-૨૪ના બપોરે ૨થી ૫, તેમની પુષ્પપાણી સોમવાર, તા. ૨૨-૪-૨૪ના બપોરે ૩થી ૪, તેમના નિવાસસ્થાને રાખેલ છે. ઠે. ૧૫/૧૭, કેમ્બે હાઉસ, રૂ. નં. ૨૩, ખેતવાડી ૧૨મી ગલી, મુંબઇ-૪૦૦૦૦૪.

**મેઘવાળ**

ગામ શામપરા હાલ મુંબઇ સાંતાક્રુઝ સ્વ. રાણીબેન કુંઢડીયા (ઉં. વ. ૮૫) તે બુધવાર તા. ૧૦-૪-૨૪ના રામશરણ પામ્યા છે. તે સ્વ. ડોસાલાલા કેશવ કુંઢડીયાના પત્ની. તે ઉર્મિલાબેન-પ્રદ્યુમનભાઇ અને સુરેશભાઇના માતાજી. તે ગ્રેટાબેન, રશ્મીબેનના સાસુ. તે સ્વ. કેશવભાઇ વાઘા કુંઢડીયા, સ્વ. અમરબેન કેશવભાઇ કુંઢડીયાના પુત્રવધૂ. તે સ્વ. મુળજી કલા ચાવડા, સ્વ. કેસરબેન મુળજી ચાવડાના દીકરી. તેમના બારમાની વિધી સોમવાર, તા. ૧૫-૪-૨૪ના સાંજે ૫-૦૦ વાગે. નિવાસસ્થાનઃ ટી-૩૧, માવજી રાઠોડ સોસાયટી, રહેજા કોલેજની સામે, રીલીફ રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ).

**નવગામ ભાટીયા**

ધ્રોલ નિવાસી હાલ મીરારોડ મુંબઇ હરિદાસ માધવજી વેદ (ઉં. વ. ૭૦) તે ગુણવંતી માધવજી વેદના પુત્ર. પ્રતાપસિંહ નરોતમદાસ આશરના જમાઇ. મીનાબેનના પતિ. સ્વ. કુસુનબેન ગોપાલદાસ સંપટ, ગંગા, સ્વ. દમયંતી શિરીષ ચોકસી અને કુ. જ્યોતિબેન વેદના ભાઇ. તે નારાયણદાસ વસનજી મર્ચન્ટના ભાણેજ. તા. ૧૪-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. સી-૧૯, ફ્લેટ નં.૦૦૪, સહકાર સીએચએલએસ, શાંતિનગર, મીરારોડ.

**ઘોઘારી લોહાણા**

ગ્રાંડ રોડ (મુંબઇ) નિવાસી ગં. સ્વ. કંચનબેન (ઉનડકટ) (ઉં. વ.૮૯) તા. ૧૩ એપ્રિલ ૨૪ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હરગોવિંદદાસ ત્રિભોવનદાસ ઉનડકટના પત્ની. સ્વ. પ્રભુદાસ નાનજી તન્ના (કલ્યાણ)ના પુત્રી. જીતેન્દ્ર, રમેશ, હર્ષદા વિનોદ પૂજારા, જયોતિ ગિરીશ ઠક્કરના માતુશ્રી. રંજનબેન અને આશાબેનના સાસુ. તે ભાવેશ, રીના, ધર્મેશ, નિર્મિતના દાદી. અમીત, અનીતા, જય, સ્નેહના નાની. પ્રાર્થનાસભા તા. ૧૫-૪-૨૪ સોમવારે ૪થી ૬. ઠે. મુંબઇ પાટીદાર સમાજ હોલ, ૬ ફ્રેન્ચ બ્રીજ, એ.આર.રાંગણેકર રોડ, ગામદેવી, ધરમ પેલેસની પાછળ રાખેલ છે. મુંબઇ-૪૦૦૦૦૭, લૌકિક પ્રથા બંધ છે.

**બાલાસિનોર દશા નિમા વણિક**

કિર્તનલાલ મણીલાલ પારેખ (ઉં. વ. ૯૫) મણીલાલ ચંદુલાલ પારેખન સુપુત્ર. સ્વ. કુસુમબેન પારેખના પતિ. ગં. સ્વ. મીના, સ્વ.પંકજ, રશ્મિકા, નિલેશના પિતા. સ્વ. સતીષકુમાર, ગં. સ્વ. કોકીલાબેન, અશોકકુમાર કેતકીબેનના સસરા. મણીબેન મોહનલાલ ઝવેરીના જમાઇ. તા. ૧૨-૪-૨૪ના ડાકોર મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**મોચી**

ગામ બગસરા હાલ સુરત સ્વ. નરશીભાઇ માધવજીભાઇ ચોહાણના પત્ની જયાબેન નરશીભાઇ ચૌહાણ (ઉં. વ. ૯૦) તા. ૫-૪-૨૪ શુક્રવારે રામચરણ પામ્યા છે. તે સ્વ. કાંતિભાઇ, ધીરુભાઇ, રમેશભાઇ, ભરતભાઇ, હરેશભાઇ, સ્વ. મંજુબેન, ઇન્દુબેન, કુંદનબેન, ચંદ્રિકાબેનના માતુશ્રી. ગં. સ્વ.લીલાબેન, જયશ્રીબેન, દયાબેન, સોનલબેન, ભારતીબેન, સ્વ. હરજીવનભાઇ, ઘનશ્યામભાઇ, ભગવાનજીભાઇ, પ્રફુલભાઇના સાસુ. રાજેશભાઇ, મહેશભાઇ, દિપક, સ્વ. હિતેશ, વૈભવ, ક્રિષ્ણા, ગૌરવ, ઉદય, મંથનના દાદી. ઉત્તર ક્રિયા સુરત મુકામે તા. ૧૫-૪-૨૪ના રાખેલ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

બીપીન કાંતિલાલ દેસાઇ (ઉં. વ. ૭૮) તે સ્વ. સાવિત્રીબેન કાન્તિલાલ ગરબડદાસ દેસાઇના પુત્ર. તથા સ્વ. તારાબેન રતીલાલ પરીખના જમાઇ. કુમુદના પતિ. તે નેહા, સેહલ, શીતલના પિતા. જીજ્ઞેશ, દેવેન, મિતુલના સસરા. સાચી, દર્શી, નીલ, અલિસ્સા, રાયનના નાના. પ્રાર્થનાસભા તા. ૧૬-૪-૨૪ના મંગળવારે સાંજે ૫.૩૦થી ૭.૩૦. લૌકિક પ્રથા બંધ છે. ઠે. પાટીદાર સમાજ, ફ્રેંચ બ્રીજ, મુંબઇ-૪૦૦૦૦૭.

**કપોળ**

જાફરાબાદવાળા સ્વ. દેવકુંવરબેન હરજીવનદાસ ગોરડિયાના સુપુત્ર શાંતિલાલ (ઉં.વ.૮૬) તે હાલ બાંદ્રા નયનાબેનના પતિ, ધીરેન તથા બીનાના પિતા, યોગિતાના સસરા, જયકિશનભાઈ, ભરતભાઈ, સ્વ. રમાબેન, સ્વ. પ્રભાબેન, ચંદ્રિકાબેન, સ્વ. જશીબેન, સ્વ. પદમાબેન તથા સ્વ. મધુબેનના ભાઈ, રાજુલાવાળા દ્વારકાદાસ મેઘજી મહેતાના જમાઈ. તા.૧૨/૪/૨૪ ના શ્રીજીશરણ પામેલ છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ પીઠડ નિવાસી હાલ કાંદિવલી સ્વ. સુરેશભાઈ રતિલાલ ઠક્કર (મજીઠીયા)ના ધર્મપત્ની ગં.સ્વ હંસાબેન ઠક્કર (મજીઠીયા) (ઉં.વ.૭૧) તે તા.૧૨/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ભાવિન તથા ધવલ- અ. સૌ. પારુલના માતુશ્રી, ગં.સ્વ લીલાબેન રજનીકાંત મજીઠીયા તથા અ.સૌ. શકુંતલાબેન ગીરીશભાઈ મજીઠીયાના જેઠાણી, પિયરપક્ષે ગુરગઢ નિવાસી સ્વ. મંજુલાબેન તથા સ્વ. છગનલાલ વશનજી સામાણીના દીકરી, વિનોદભાઈ, ગોપાલભાઈ, સ્વ. રાજેશભાઈ, કમલેશભાઈ, રાકેશભાઈ, કુસુમબેન

# પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

કિશોરભાઈ સવજાણી, ઇલાબેન મહેન્દ્રભાઈ સોઢા, કપિલાબેન જયેશભાઇ પોંદાના બહેન. સદગતની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

ગં. સ્વ મંજુલાબેન મઝૂમદાર (મટાણી) (ઉં.વ.૮૭) તે હાલ મુલુન્ડ તા. ૧૨/૪/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. નંદદુલારના ધર્મપત્ની. ઊર્મિ તથા પાર્થના માતુશ્રી, સ્વ. હરીશ, પંકજ તથા સ્વ. ચેતનના બહેન, સ્વ. મોતીબેન ચરણદાસ મટાણી ના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ હિરણવેલ (વેરાવળ), હાલ નાસિક નિવાસી રતિલાલ અમૃતલાલ કારીયા (ઉં.વ.૮૩) શનિવાર, તા. ૧૩ એપ્રિલનાં રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ચંદ્રિકાબેનનાં પતિ. હિતેશ, સંગીતા બીજોય કુલથીનાલ, જયેશ, જીજ્ઞેશનાં પિતા , સ્વ. ચત્રભુજ પૂજારા (રાજકોટ)નાં જમાઈ, નંદિની, પ્રીતિ તથા નમિતાનાં સસરા, તે ઋતુ , કાંચન, લક્ષ, યશ, કૃતિ, શ્યામનાં દાદા . પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૫ એપ્રિલ , સાંજે ૫ થી ૬, આર.પી. વિદ્યાલય, પંચવટી, નાસિક ખાતે રાખવામાં આવેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

મહુવા નિવાસી હાલ બોરીવલી સ્વ. પદમાબેન નંદલાલ વલ્લભદાસ મોદીના પુત્ર હિતેષભાઇના પત્ની. અ.સૌ માધુરી (માધવી) બેન (ઉ .વ. ૬૧) તા ૧૨-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. સરોજ નાથુભાઈ, આરતી કમલેશભાઈ, સ્વ. કુસુમબેન સુરેશકુમાર મહેતા, ચેતનાબેન ચેતનકુમાર શાહ, ભાવનાબેન સુરેન્દ્રકુમાર અજમેરાના ભાભી, પિયર પક્ષે સ્વ. અનસુયાબેન મનસુખલાલ શાહના દીકરી, ચંદ્રિકાબેન-કૃષ્ણકાંત શાહ, મંજુલાબેન સુભાષચંદ્ર શેઠ અને મીનાબેન ભરતભાઈ ગાંધીના બહેન. પ્રાર્થનાસભા તા. ૧૬.૪.૨૪ મંગળવારના સાંજે ૪ થી ૬. સ્વામિનારાયણ મંદિર, અજમેરા ગ્લોબલ સ્કૂલની સામે, યોગીનગર, બોરીવલી (વેસ્ટ) રાખેલ છે.

# જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના વેલજી હીરજી ગાલા (ઉં.વ. ૭૬) તા. ૧૩-૪-૨૪ના અવસાન પામેલ છે. પુરબાઇ હીરજી પુનશીના પુત્ર. મંજુલાના પતિ. વિપુલ, ચેતન, પ્રીતીના પિતા. હરખચંદ, જયા, લક્ષ્મીના ભાઇ. પત્રીના જખીબેન/ સાકરબેન રામજી ઉકેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : વેલજી ગાલા, સાવંત પાર્ક, બીલ્ડીંગ-૫, રૂમ-૧૦૪, અંબરનાથ (ઇસ્ટ).

મેરાઉના ટોકરશી નરશી સાવલા (ઉં.વ. ૯૪) તા. ૧૩-૪-૨૪ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી રાજબાઇ નરશી માલશીના પુત્ર. સ્વ. મંજુલાબેનના પતિ. ભરત, હસમુખ, હીના, ભાવનાના પિતાશ્રી. મોરારજી, મેઘજી, રાયણના વેજબાઇ હરશી, નવાવાસના દેવકાબેન ખીમજીના ભાઇ. રાયણના મુરીબાઇ કાનજી ભુલાના જમાઇ. પ્રાર્થના : શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર. સમય : બપોરે ૨ થી ૩.૩૦.

મેરાઉ હાલે જબલપુરના રતિલાલ નાનજી વીરા (ઉં.વ. ૭૬) તા. ૧૧-૪-૨૪ના અવસાન પામેલ છે. પાનબાઈ નાનજી વેલજી (મેડીવાલા)ના પુત્ર. જ્યોતિ (મણિ)ના પતિ. વિપુલ, સેજલના પિતા. સ્વ. હરખચંદ, સ્વ. ધીરજલાલ, ગોધરા વિમલા રતનશી, સુશીલા મૂલચંદ, ડોણ ચંચલ તલકશી, કુ. પ્રેમીલાના ભાઈ. ગોધરા કંકુબેન મુરજી જેતુ રાંભિયાના જમાઈ. પ્રા. સોમવાર, તા. ૧૫-૪-૨૪, સાંજે ૪ થી ૫.૩૦, શ્રી વ. સ્થા. જૈ. શ્રા. સંઘ સં. કરશન લધુભાઈ નિસર હોલ, દાદર (વે.)

**ઝાલાવાડી વિશા શ્રી શ્વે. મૂ. જૈન**

બોટાદ નિવાસી હાલ અમેરિકા સરોજબેન (ઉં.વ.૭૫) તા. ૧૩.૦૪.૨૪ ના શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ કંચનબેન અમૃતલાલ મનસુખલાલ પરીખના સુપુત્રી. ભારતીબેન, સ્વ દિનેશભાઈ, કોકીલાબેન, સ્વ દિલીપભાઈ, ઉષાબેન, ડો.સુકેશિ બેનના બેન, ઇલાબેન અને રંજનબેનના નણંદ, આશિષ, નેહા, નેહલ અને વત્સલના ફૈબા. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સત્તાવીસ એકડા જૈન**

કોકીલાબેન રમેશચંદ્ર શાહ, (ઉં.વ. ૭૨) તેઓ રમેશચંદ્ર કચરાલાલ શાહના ધર્મપત્ની. સંદિપ, તુષાર, સપનાના માતાશ્રી, નિશા, અમીના સાસુમા. જશના દાદીમા, સ્વ. મનહરલાલ દેસાઈ, ગિરીયાબેન શાહ, સ્વ. પંકજભાઈ દેસાઈ, કમલેશભાઈ દેસાઈ, નીતાબેન શેઠ, વિનોદભાઈ ભાઈ દેસાઈના બહેન. તે તા. ૧૨/૦૪/૨૪ના શુક્રવારના અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

શિહોર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. સુરેશભાઇ નાનચંદ કાનજી શાહના ધર્મપત્ની સુભદ્રાબેન (ઉં. વ. ૮૧) શનિવાર, તા. ૧૩-૪-૨૪ અરિહંતશરણ પામેલ છે. તે જતીન તથા મીનાના માતુશ્રી. બીના અને પ્રશાંતકુમારના સાસુજી. તથા સ્વ. કુસુમબેન નગીનદાસ શાહ, નયનાંદશ્રીજી મહારાજ સાહેબ, લતાબેન રસીકલાલ શાહ, સ્વ. નિરંજનભાઇના મોટા ભાભી. હંસાબેનના જેઠાણી. પિયર પક્ષે ઉના નિવાસી સ્વ. અમૃતલાલ ત્રિભોવનદાસ શેઠની દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી જૈન**

મહેસાણા નિવાસી હાલ મુંબઇ વાલકેશ્વર મહેન્દ્રભાઇ બાબુભાઇ પરીખ (ઉં. વ. ૮૭) તા. ૧૪-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ચારૂબહેનના પતિ. તે નીપા, દેવાંગ, નેહલના પિતા. જેનીના સસરા. દિયા તથા હૃદયના દાદા. સ્વ. હરકિસનભાઇ, સ્વ. વિનોદભાઇ, સ્વ. સરલાબેન, સ્વ. સરોજબેનના ભાઇ. સ્વ. નંદલાલ ગાંડાલાલ શાહના જમાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૫-૪-૨૪ના સાંજે ૪થી ૫.૩૦. ઠે. યશવંતરાય ચવ્હાણ સેન્ટર, ૭/૮, જગન્નાથ ભોંસલે રોડ, નરીમાન પોઇન્ટ, મુંબઇ-૪૦૦૦૨૧.

# ગુજરાતમાં ૨૦ આઈપીએસ સહિત ૩૫ અધિકારીની બઢતી સાથે બદલી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભા ૨૦૨૪ની ચૂંટણી ત્રીજા તબક્કામાં ૭મી મેના રોજ યોજાનારી છે. લોકસભાની ચૂંટણી પહેલાં રાજ્યમાં ૩૫ અધિકારીઓના બદલી અને બઢતીના ઓર્ડર કરવામાં આવ્યા છે. જેમાં સુરત શહેરના નવા પોલીસ કમિશનર તરીકે અનુપમસિંહ ગહલોતની નિમણૂક કરવામાં આવી છે. તેમજ વડોદરાના પોલીસ કમિશનર તરીકે નરસિમ્હા કોમરની જાહેરાત કરવામાં આવી છે. અમદાવાદના પોલીસ કમિશનર જીએસ મલિકને ડાયરેક્ટર જનરલ તરીકે બઢતી આપવામાં આવી છે. ઉપરાંત જોઇન્ટ પોલીસ કમિશનર અજય ચૌધરીની એડિશનલ ડાયરેક્ટર જનરલ તરીકે બઢતી કરાઈ છે. આઇપીએસ હસમુખ પટેલને ડાયરેક્ટર જનરલ તરીકે અને અભય ચુડાસમાને એડિશનલ ડાયરેક્ટર જનરલ તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે.

મનોજ અગ્રવાલ, ડો. કે.લક્ષ્મી નારાયણ, જીએસ મલિક, હસમુખ પટેલને પ્રમોશન આપવામાં આવ્યું છે. સિવિલ ડિફેન્સ અને કમાન્ડન્ટ જનરલ, હોમ ગાર્ડ, અમદાવાદના ડિરેક્ટર આઇપીએસ મનોજ અગ્રવાલને પ્રમોશન આપીને સિવિલ ડિફેન્સ અને કમાન્ડન્ટ જનરલ, હોમ ગાર્ડ, અમદાવાદના ડીજી બનાવવામાં આવ્યા છે. ડો. કે.લક્ષ્મી નારાયણને પ્રમોશન આપીને પોલીસ, પ્રિશન અને એડમિનિસ્ટ્રેશનના ડાયરેક્ટર ઓફ જનરલ બનાવવામાં આવ્યા છે. અમદાવાદના પોલીસ કમિશનર જીએસ મલિકને પ્રમોશન આપીને ડાયરેક્ટર જનરલ બનાવવામાં આવ્યા છે. હસમુખ પટેલને પ્રમોશન આપીને ડાયરેક્ટર જનરલ બનાવવામાં આવ્યા છે.

બ્રિજેશ કુમાર ઝાને પ્રમોશન આપીને એડિશનલ ડાયરેક્ટર જનરલ બનાવવામાં આવ્યા છે. વાબંગ જમીરને પ્રમોશન આપીને એડિશનલ ડાયરેક્ટર જનરલ બનાવાયા છે. આઇપીએસ નરસિમ્હા એન કોમરની વડોદરાના પોલીસ કમિશનર તરીકે, અનુપમસિંહ ગહલોતની સુરતના પોલીસ કમિશનર તરીકે બદલી કરવામાં આવી છે. અજય ચૌધરીને પ્રમોશન આપીને એડિશનલ ડાયરેક્ટર જનરલ બનાવાયા છે. અભય ચુડાસમાને પ્રમોશન આપીને એડિશનલ ડાયરેક્ટર જનરલ તરીકે બઢતી આપવામાં આવી છે. ■

## વલસાડ ખાતે રામનવમીની શોભાયાત્રાની તડામાર તૈયારીઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

વલસાડઃ આગામી ૧૭મી એપ્રિલના રોજ બપોરે ૩ કલાકે રામનવમીના પાવન પર્વ પર વલસાડ ખાતેના રેલવે ગોદીમાં આવેલા રોકડિયા હનુમાનજી મંદિરથી કોસંબાના રામજી મંદિર સુધી ભવ્ય શોભાયાત્રાનું રામજન્મોત્સવ સમિતિ તથા સમસ્ત હિન્દુ સમાજ વલસાડ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. અગ્નિવીર ગૌસેવા દળનાં બકુલભાઈ જોષીનાં માર્ગદર્શનમાં આયોજિત શોભાયાત્રામાં મોટી સંખ્યામાં વલસાડ શહેરના રાજમાર્ગોને બેનરો તથા ભગવા ધજાઓથી શણગારવામાં આવ્યા છે. બજરંગદળનાં સંયોજક હિતેશભાઈ પટેલ, આર. એસ. એસ.ના હેમંતભાઈ ખેરનાર ક્રમશઃ સંયોજક તથા સહ સંયોજક તરીકે કાર્યક્રમને સફળ બનાવવા માટે કાર્યકર્તાઓની સાથે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. વલસાડ શહેરમાં શોભાયાત્રાનાં સ્વાગત માટે ઠેર ઠેર વેપારીઓ તથા સંસ્થાઓ વ્યવસ્થાઓ ગોઠવવામાં તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. ■

# ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે ભાજપે ૪૦ સ્ટાર પ્રચારકની યાદી જાહેર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત લોકસભાની ચૂંટણીમાં તમામ ૨૬ બેઠક પર ભાજપ અને કોંગ્રેસે પોતાના ઉમેદવારો જાહેર કરવાની કામગીરી પૂર્ણ કરી છે. દરમિયાન ભાજપે ગુજરાતમાં લોકસભાની ચૂંટણી અને પાંચ વિધાનસભાની પેટાચૂંટણી માટે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહપ્રધાન અમિત શાહ, જેપી નડ્ડા, રાજનાથસિંહ, એસ. જયશંકર, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, સી.આર.પાટીલ, વિજય રૂપાણી સહિતના કુલ ૪૦ નેતાનો સમાવેશ કરાયો છે. આ યાદીમાં રાજકોટનો દબદબો જોવા મળી રહ્યો છે અને આ વખતે સ્ટાર પ્રચારકોની યાદીમાં રાજકોટના એક બે નહિ પણ ૬-૬ પ્રચારકનાં નામ જાહેર કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત સ્ટાર પ્રચારકોની યાદીમાં નીતીન ગડકરી, સ્મૃતિ ઈરાની, અર્જુન મુંડા, ભારથી પવાર, યોગી આદિત્યનાથ, ભજનલાલ શર્મા, દેવેન્દ્ર ફડણવીસ, મોહન યાદવ, હિમંત બિસ્વ સરમા, કે. અન્નામલાઈ, મનોજ તિવારી, વિષ્ણુદેવ સાઈ અને રત્નાકરને ગુજરાતમાં પ્રચાર માટે સ્ટાર પ્રચારક બનાવાયા છે. રાજકોટ અને પોરબંદરના બેઠકના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયાનું નામ પણ સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. તેમ જ આ યાદીમાં નિતિન પટેલ, ગોરધન ઝડફિયા, ભરત બોઘરા, રજની પટેલ, રઘુ હુંબલ, ઋષિકેશ પટેલ, કુંવરજી બાવળિયા, ભાનુબેન બાબરિયા, હર્ષ સંઘવી, આઈ.કે.જાડેજા, પ્રશાંત કોરાટ, ગૌતમ ગેડિયા, દિપીકાબેન સારાદવા, રમીલાબેન બારા, રામ મોકરિયા, અલ્પેશ ઠાકોર અને પરંદુ ભગતનો પણ સમાવેશ કરાયો છે. ■

# અમદાવાદમાં એડવાન્સ ટૅક્સ રિબેટ સ્કીમમાં ચાર દિવસમાં મનપાને ₹ ૫૩.૯૩ કરોડની આવક થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં એડવાન્સ ટેક્સ રિબેટ સ્કીમમાં મનપાની ચાર દિવસમાં રૂ. ૫૩.૯૩ કરોડની આવક થઇ છે. પશ્ચિમ ઝોનમાંથી સૌથી વધુ રૂ. ૧૫.૩૭ કરોડની આવક થઇ છે તથા ૬૯,૦૩૧ નાગરિકોએ લાભ લીધો હતો. ઓનલાઇન આવક રૂ. ૩૫.૮૭ કરોડ થઇ હતી તથા ૪૭,૭૩૫ નાગરિકોએ ઓનલાઇન ટેક્સ ચૂકવ્યો હતો.

શહેર મનપા દ્વારા ૯મી એપ્રિલ ૨૦૨૪થી એડવાન્સ ટેક્સ રિબેટ સ્કીમ અમલમાં મૂકવામાં આવી છે અને ૯મી એપ્રિલથી ૧૨મી એપ્રિલ સુધીના ચાર દિવસમાં રૂ. ૫૩ કરોડ ૯૩ લાખથી વધુ આવક થઈ છે અને તે પૈકી પશ્ચિમ ઝોનમાંથી સૌથી વધુ રૂ. ૧૫ કરોડ ૩૭ લાખની આવક થઈ છે. શહેર મનપા દ્વારા અમલમાં મુકાયેલી એડવાન્સ ટેક્સ રિબેટ સ્કીમનો ચાર દિવસમાં કુલ ૬૯,૦૩૧ નાગરિકોએ લાભ લીધો છે અને તે પૈકી ૪૭,૭૩૫ નાગરિકોએ ઓનલાઈન ટેક્સ ચુકવણી કરી છે અને રૂ. ૩૫ કરોડ ૮૭ લાખની આવક ઓનલાઈન થતા શહેરીજનોમાં ડિજિટલ પેમેન્ટનું ચલણ વધી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી આચાર સંહિતાના કારણે નાગરિકો એડવાન્સ ટેક્સ રિબેટ સ્કીમના લાભથી વંચિત ન રહે તે હેતુસર માર્ચ મહિનાના પ્રારંભમાં જ એડવાન્સ ટેક્સ રિબેટ સ્કીમની દરખાસ્તને સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કરી હતી.

૨૦૨૪-૨૫ના વર્ષના જનરલ ટેક્સ, વોટર ટેક્સ, કોન્ઝર્વન્સી ટેક્સ સહિતની ભરવાપાત્ર પ્રોપર્ટી ટેક્સની રકમની એડવાન્સ ચુકવણી કરનારને ૧૨ ટકા, ઓનલાઇન મારફતે ટેક્સ ચૂકવનારને વધુ એક ટકા સહિત કુલ ૧૩ ટકા રિબેટ આપવામાં આવશે. જ્યારે સતત ત્રણ વર્ષથી એડવાન્સ ટેક્સ ચૂકવનાર કરદાતાને પ્રોત્સાહનરૂપે વધારાના બે ટકા સહિત કુલ ૧૫ ટકાનું રિબેટ અપાશે. ગત વર્ષે એડવાન્સ ટેક્સ રિબેટ સ્કીમ હેઠળ શહેર મનપાને કુલ રૂ. ૫૯૬.૦૮ કરોડની આવક થઈ હતી અને આ સ્કીમનો ૪,૯૮,૯૪૦ કરદાતાઓએ લાભ લીધો હતો અને રૂ. ૬૭.૫૫ કરોડનું વળતર આપવામાં આવ્યું હતું. ■

## અમદાવાદમાં ૮૪ જેટલી ચેકપોસ્ટ ઊભી કરાઇઃ ૪૦૦૨ હથિયારો જમા લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં લોકસભાની ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થા સચવાય તથા આદર્શ આચારસંહિતાનો ભંગ ના થાય તે હેતુથી ૮૪ જેટલી ચેકપોસ્ટ ઊભી કરવામાં આવી છે. શહેરમાં વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

અમદાવાદમાં ડીસીપી કમાન્ડ એન્ડ કન્ટ્રોલે જણાવ્યું હતું કે, શહેરમાં ચૂંટણી સંદર્ભે ૮૪ જેટલી ચેકપોસ્ટ ઊભી કરવામાં આવી છે. શહેર પોલીસે અત્યાર સુધીમાં નાસતા ફરતા કુલ ૭૧ આરોપીઓને ઝડપી પાડ્યાં છે. હજુ નવા આરોપીને પકડવા માટે પોલીસની વધુ ૧૮ ટીમ તૈયાર કરવામાં આવી છે. અલગ અલગ રાજ્યોમાં સંતાઈ ગયેલા આરોપીઓને પકડવામાં આવશે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં જઈ પોલીસ કામગીરી કરશે. ચૂંટણી જાહેર થયા બાદ આદર્શ આચારસંહિતા લાગુ થઈ જાય છે. લાયસન્સવાળા હથિયાર જમા કરાવવા માટેની તજવીજ હાથ ધરાઈ છે. શહેરમાં કુલ ૫૧૩૪ લાયસન્સ વાળા હથિયારો છે, જેમાંથી ૪૦૦૨ હથિયારો જમા લેવાયા છે અને ૧૦૧૮ હથિયારોને મુક્તિ આપવામાં આવી છે જ્યારે ૧૯ હથિયારો હજી જમા લેવાના બાકી છે. છેલ્લા એક મહિનામાં શહેરમાંથી બે લાખની કિંમતનો ૧૨૭૧૮ લિટર દેશી દારૂ અને ૧૭૮૫૦ બોટલ વિદેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો છે. ■

# ગુજરાતમાં ગત વર્ષ કરતા આરટીઈ હેઠળ પ્રવેશ મેળવતા બાળકોની સંખ્યામાં ૩૯ હજારનો ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પાંચ વર્ષમાં આરટીઈ હેઠળ પ્રવેશ મેળવતા બાળકોની સંખ્યા ૪૪ ટકા ઘટી છે. જેમાં વર્ષ-૨૦૧૯-૨૦માં ૯૪,૧૬૩ પ્રવેશ થયો હતો. તેમજ વર્ષ-૨૦૨૩-૨૪માં ઘટીને ૫૨,૩૬૫ સંખ્યા થઇ હતી. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે બેઠકોની સંખ્યામાં ૩૯ હજારનો ઘટાડો થયો છે. આ વખતે કુલ ૪૩,૮૯૬ બેઠકો સામે રાજ્યમાંથી ૨.૩૫ લાખ જેટલા ફોર્મ ભરાયા છે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ (આરટીઈ) અંતર્ગત ખાનગી સ્કૂલોમાં ૨૫ ટકા મુજબ ગરીબ અને મધ્યમવર્ગના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. શિક્ષણાધિકારના આ કાયદા હેઠળ પ્રવેશ લેતા ગરીબ બાળકોની સંખ્યામાં મોટો ઘટાડો થયો છે. છેલ્લા પાંચ વર્ષમાં આરટીઈ હેઠળ પ્રવેશ મેળવનાર બાળકોની સંખ્યામાં ૪૪ ટકાનો ઘટાડો થયો છે. વર્ષ-૨૦૧૯-૨૦માં સમગ્ર રાજ્યમાં કુલ ૯૪,૧૬૩ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો, જે વર્ષ-૨૦૨૩-૨૪મા ઘટીને માત્ર ૫૨,૩૬૫ થઈ ગયાં છે. આ વખતે તો પ્રવેશ મેળવનાર બાળકો જ નહીં રિઝર્વ બેઠકોની સંખ્યામાં જ ૩૯ હજારનો ઘટાડો થયો છે. આ વખતે રાજ્યમાંથી ૨.૩૫ લાખ જેટલા ફોર્મ ભરાયા છે જેની સામે પ્રવેશ માટે બેઠકોની સંખ્યા માત્ર ૪૩,૮૯૬ છે, જે એક સમયે એક લાખ કરતાં પણ વધુ હતી. ગુજરાતમાં વર્ષ-૨૦૧૩-૧૪થી અમલ કરવામાં આવ્યો છે. વર્ષ-૨૦૧૩-૧૪માં આરટીઈ હેઠળ ૪૩૨ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. એ પછી ક્રમશઃ પ્રવેશ મેળવનાર બાળકોની સંખ્યામાં નિરંતર વધારો થયો હતો. આ વધારો વર્ષ ૨૦૧૯-૨૦ સુધી યથાવત્ રહ્યો હતો. એ પછી પ્રવેશ મેળવનાર ગરીબ બાળકોની સંખ્યામાં સતત ઘટાડો થયો છે. વર્ષ ૨૦૧૯-૨૦માં આરટીઈ હેઠળ કુલ ૯૪,૧૬૩ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. એ પછી વર્ષ-૨૦૨૦-૨૧ માં ૭૫,૨૨૭,વર્ષ ૨૦૨૧-૨૨માં ૬૨,૨૯૦, વર્ષ-૨૦૨૨-૨૩ માં ૬૪,૩૯૫ અને વર્ષ-૨૦૨૩-૨૪ માં ૫૨,૩૬૫ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. આમ છેલ્લાં પાંચ વર્ષમાં આરટીઇ પ્રવેશ મેળવતા બાળકોની સંખ્યામાં ૪૧,૭૯૮નો ઘટાડો થયો છે, જેની ટકાવારી ૪૪ ટકા કરતાં વધુ થાય છે. આમ સરકારના કેટલાક નિયમોના કારણે ગરીબ અને મધ્યમવર્ગના બાળકોને ભારે અન્યાય કરાતો હોવાના આક્ષેપો થયા છે. ■

# ગુજરાતમાં અલગ-અલગ ત્રણ માર્ગ અકસ્માતમાં આઠનાં મોતઃ ૧૨ લોકો ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અકસ્માતની અલગ-અલગ ત્રણ ઘટનામાં આઠ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે ૧૨ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. સુરેન્દ્રનગરના દસાડા નજીક અકસ્માતમાં બેનાં મોત નીપજ્યાં હતાં. અમદાવાદના ધંધુકાના પીપળી-વટામણ હાઈવે પર અકસ્માતમાં ત્રણ લોકોનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં જ્યારે ભાવનગર-અમદાવાદ હાઈવે પર ત્રણ પદયાત્રીનાં મોત નીપજ્યાં હતાં. અકસ્માતની જાણ પોલીસને થતા પોલીસે તાત્કાલીક ઘટનાં સ્થળે પહોંચી અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સુરેન્દ્રનગરના દસાડા પાસે ટ્રેલર અને ડમ્પર વચ્ચે ટક્કર થઈ હતી જે બાદ બ્લાસ્ટ થતા આગ લાગી હતી. જે અકસ્માતમાં ડ્રાઈવર સહિત બે લોકો જીવતાં ભૂંજાયા હતા. ડમ્પર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા જ ટ્રેલર સાથે અથડાયું હતું. જેથી અકસ્માત થતાં દસાડા હાઈવે પર મોતની ચિચિયારીઓ ગુંજી ઊઠી હતી. જે સ્થળે અકસ્માત થયો તેને અડીને જ પેટ્રોલપંપ આવેલો છે. જોકે, સદનસીબે આગ પેટ્રોલપંપ સુધી ન પહોંચતા મોટી દુર્ઘટના ટળી હતી.

અકસ્માતમાં ટ્રેલર ચાલક શેરસિંહ ગુમાનસિંહ રાવત (રહે-શોડપુર, તા. રાયપુર, જી-બ્યાવર રાજસ્થાન) અને એમાં બેઠેલો કલીનર બનવારીલાલ મહાદેવજી ગુર્જર જીવતા સળગી જતા બંનેના ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે આ ઘટનામાં ડમ્પર ચાલક પરાક્રમસિંહ ગુલાબસિંહ પરમાર (રહે-કુકડા, તા-મુળી, જી-સુરેન્દ્રનગર) વાળાને હાથે, પગે અને માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં પ્રાથમિક સારવાર અર્થે પાટડી સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા બાદ વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગર હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો.

બીજો અકસ્માત રવિવારે વહેલી સવારે ધંધુકાના પીપળી-વટામણ હાઈવે પર ભોળાદ પાટીયા પાસે કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં ટ્રક ચાલકે કારને અડફેટે લેતા ત્રણ લોકોનાં મોત થયાં છે, જ્યારે સાત લોકોને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્રીજી ઘટના રવિવારે વહેલી સવારે જ ભાવનગર-અમદાવાદ હાઈવે પર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા વાહન ચાલકે ખેડા જિલ્લાના વરસોલાથી ભાવનગર જતા પદયાત્રાળુના ગ્રૂપને કચડી નાખ્યું હતું. દુર્ઘટનામાં ત્રણ પદયાત્રીનાં મોત નિપજ્યાં હતાં જ્યારે ચાર લોકોને ગંભીર રીતે ઘાયલ થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે સમગ્ર મામલે કેસ નોંધીને તપાસ હાથ ધરી હતી. ■

# કરજણમાં નર્મદા નદીમાં નહાવા ગયેલા ત્રણ મિત્રો ઊંડાં પાણીમાં ડૂબ્યાઃ એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં કરજણના દેરોલી ગામે નર્મદા નદીમાં નહાવા ગયેલા ત્રણ વ્યક્તિ પૈકી એક વ્યક્તિ ડૂબી જતા તેનું મોત થયું હતું. ઘટનાની જાણ થતા ફાયર વિભાગની ટીમે નર્મદા નદીમાં ડૂબી ગયેલા વ્યક્તિની શોધખોળ આરંભી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ કરજણના દેરોલી ગામ નજીકથી પસાર થતી નર્મદા નદીમાં ત્રણ મિત્રો નહાવા ગયા હતા. આ દરમિયાન જોતજોતામાં નદીના ઊંડાં પાણીમાં આ ત્રણેય મિત્રો ગરકાવ થયા હતાં. જેમાં બે યુવાનોનો આબાદ બચાવ થયો હતો. પરંતુ એક યુવાન ઊંડા પાણીમાં ગરકાવ થઇ જતાં લાપતા થઇ ગયો હતો. ઘટનાની ફાયર વિભાગને જાણ થતા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી લાપતા યુવકની શોધ ખોળ હાથ ધરી હતી. લગભગ બે-ત્રણ કલાકની ભારે જહેમત બાદ લાપતા ઝગડિયા તાલુકાના તરસાલી ગામનો અભારા હુસૈન મહંમદ મલેક (ઉ.વ.૨૩)ના મૃતદેહને બહાર કાઢવામાં ફાયર વિભાગની ટીમને સફળતા મળી હતી. આ બનાવના પગલે કરજણ પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ■

# લોકસભાની ચૂંટણીઃ ૨૦૧૯માં નોટામાં સૌથી વધુ મત છોટાઉદેપુરમાં પડ્યા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૨૦૧૯ની લોકસભાની ૨૬ બેઠક માટે ૬૪.૫૧ ટકા જેટલું ઊંચું ઐતિહાસિક મતદાન થયું હતું. તે પૂર્વે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં પણ ૬૩.૬૬ ટકા જેટલું ઊંચું મતદાન નોંધાયું હતું. ૨૦૨૪ની ચૂંટણીમાં પણ મતદાનની ટકાવારી ઊંચી રહે તેવી આશા રાજકીય પક્ષો રાખી રહ્યા છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા પણ મહત્તમ મતદાન માટે અનેક રીતે પ્રયાસો થઇ રહ્યા છે. તેમ છતાં નારાજ મતદારો કોઇપણ ઉમેદવાર પસંદ ન હોય તો નોટાનો વિકલ્પ પસંદ કરતા હોય છે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ૪,૦૦,૯૩૨ જેટલા મત નોટામાં નોંધાયા હતા. આ વખતે હાલનો રાજકીય માહોલ શરૂઆતથી જ કેટલીક બેઠકોમાં ચૂંટણીની ટિકિટની વહેંચણીથી લઇ સામાજિક મુદ્દાઓ મામલે આક્રોશના કારણે વિવાદાસ્પદ બન્યો છે. કેટલાક વિસ્તારમાં સુવિધાઓ કે અન્ય કારણથી નારાજ નાગરિકો દ્વારા મતદાનના બહિષ્કારની વિગતો બહાર આવી રહી છે તે જોતા ચૂંટણી પંચે ભારે પ્રયાસ કરવા પડશે તે નિશ્ચિત છે. તેના કારણે કોઇ પણ ઉમેદવારને મત નહીં આપવા માગતા નારાજ મતદારો પાસે નોટાનો પણ વિકલ્પ છે તેનો મોટાપાયે ઉપયોગ થાય તેવી ભીતિ સેવાઇ રહી છે. આશ્ચર્યની વાત એ છે કે, આદિવાસી બેઠકો ઉપર નોટાનો સૌથી વધુ ઉપયોગ થયો છે.

૨૦૧૯માં નોટામાં સૌથી વધુ વોટ છોટાઉદેપુરમાં પડ્યા હતા. તે પછી દાહોદ, બારડોલી અને પંચમહાલ બેઠકોનો સમાવેશ થાય છે, જે દર્શાવે છે કે આદિવાસી વિસ્તારોમાં મતદારોને લાયક ઉમેદવારો હોતા નથી કે પછી મતદારોની અપેક્ષા મુજબ તેમના વિસ્તારમાં કામ ન થતા આદિવાસી મતદારો આ રીતે તેમનો રોષ કોઇને પણ મતદાન નહીં કરીને વ્યક્ત કરે છે. નોટામાં સૌથી ઓછા મત ૬૧૦૩ સાબરકાંઠા બેઠક પર પડ્યા હતા. ચૂંટણી પ્રચાર દરમિયાન રાજકીય પક્ષોના મોવડીઓ અને ઉમેદવારો દ્વારા મતદારોને મહત્તમ મતદાન માટે પ્રયાસ કરવા પડશે અન્યથા આ વખતે નોટાને વધુ મત મળે તેવી સંભાવના છે. ■

## પાટણમાં લોકોએ પેટ્રોલ-ડીઝલમાં ૭૦ ટકા પાણીનો આક્ષેપ કરી હોબાળો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણમાં દૂધરામપુરા નજીક પેટ્રોલપંપ પર ગ્રામજનોએ હોબાળો કર્યો હતો. ગ્રાહકોને અપાતા પેટ્રોલ-ડીઝલમાં ૭૦ ટકા પાણીનો આક્ષેપ કરી મોટી સંખ્યામાં ગ્રામજનોએ પેટ્રોલપંપ પર હોબાળો કર્યો હતો. ગ્રામજનો ડીઝલ ભરેલા કેરબા લઈ પેટ્રોલપંપ પર પહોંચ્યા હતા. તેમજ પાણીયુક્ત પેટ્રોલ-ડીઝલ અપાતા વાહનો-ટ્રેક્ટરો બંધ કરાવી પેટ્રોલપંપ પર કાર્યવાહી કરવા ગ્રામજનોએ માંગ કરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ પાટણના દૂધરામપુરા અને દુનાવાડા વચ્ચે આવેલા નાયરા પેટ્રોલ પમ્પ પર હોબાળો થયો હતો. નાયરા પેટ્રોલ પમ્પ પર પેટ્રોલમાં ભેળસેળ યુક્ત પેટ્રોલ આપવામાં આવી રહ્યું છે. પેટ્રોલ તેમજ ડીઝલમાં ૭૦ ટકાથી વધુ પાણી આવતા ગ્રામજનો એકત્રિત થયા હતા. ગ્રામજનો તેમજ ગ્રાહકો પોતાના વાહનો તેમજ ડીઝલ ભરેલા કેરબા લઈ પેટ્રોલ પમ્પ પર પહોંચ્યા છે. જેમાં પેટ્રોલ તેમજ ડીઝલમાં પેટ્રોલની જગ્યાએ ૭૦ ટકા પાણી આવતા લોકોના વાહનો બંધ થતા હાલાકી પડી હતી. ■

# અમદાવાદ મનપા ફૂડ વિભાગે ૫૬૯ એકમને નોટિસ ફટકારી આઠ એકમ સીલ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર મનપાના ફૂડ વિભાગ દ્વારા ૧લી જાન્યુઆરી ૨૦૨૪થી ૧૨ એપ્રિલ ૨૦૨૪ દરમિયાન ૪૩૯૫ ખાદ્ય પદાર્થના એકમોમાં તપાસ હાથ ધરી હતી. જેમાંથી ૫૬૯ એકમોને નોટિસ ફટકારી હતી. તેમજ ૫૪૧૦ કિલોગ્રામ બિનઆરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવ્યો હતો. તેમજ રૂ. ૧૫ લાખ ૫૮ હજાર ૨૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૯૬૯૫ લાઈસન્સ ઇસ્યૂ કરીને ૧.૧૧ કરોડ રૂપિયા ફી વસૂલ કરવામાં આવી છે. ૮ એકમોને સીલ મારવામાં આવ્યા છે.

અમદાવાદ મનપાના આરોગ્ય વિભાગના ફુડ ડિપાર્ટમેન્ટ દ્વારા ૧લી જાન્યુઆરીથી ૧૨મી એપ્રિલ સુધીમાં શહેરના ખાદ્ય એકમોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં મીઠાઈ, દૂધ અને દૂધની બનાવટો, બેકરી પ્રોડક્ટ્સ, નમકીન, ખાદ્યતેલ, મેંગો મિલ્કશેક, જ્યૂસ, ઠંડા પીણાં, બેસન, લોટ, મેંદો, સોજી, હાયડા, પતાસા, સુગર, ગોળ, મસાલા અને અન્ય મળી કુલ ૮૬૧ નમૂના લેવામાં આવ્યા હતા. જેમાંથી ૬૪૨ નમુના પ્રમાણિત જાહેર થયા છે. જ્યારે ૨૨ નમૂના અપ્રમાણિત જાહેર થયા છે. તેમજ ૧૯૭ નમૂનાનું પરિણામ આવવાનું બાકી છે. ફૂડ વિભાગ દ્વારા રૂ. ૧૫ લાખ ૫૮ હજાર ૨૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ૯૬૯૫ લાઈસન્સ ઇસ્યૂ કરીને ૧.૧૧ કરોડ રૂપિયા ફી વસૂલ કરવામાં આવી છે. આઠ એકમોને સીલ મારવામાં આવ્યા હતાં. અમદાવાદ મનપાના ફૂડ ડિપાર્ટમેન્ટની ટીમ દ્વારા ઉનાળાના દિવસોમાં લાઇસન્સ/રજિસ્ટ્રેશન વગર ધંધો કરતા એકમોનું પણ સઘન ચેકીંગ કરવામાં આવશે અને ચેકિંગ દરમ્યાન લાઇસન્સ/રજિસ્ટ્રેશન વગર ધંધો કરતા એકમો જણાશે તો સીલ/બંધ સુધીના કડક પગલાં ભરવામાં આવશે. ■

# અમદાવાદમાં ૧૪૧ કિ.મી.ના રોડના કામ પૂર્ણ કરવાની સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર મનપા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં નવા રોડ બનાવવા અને રોડ રિસરફેસની કામગીરી શરૂ કરવામાં આવી છે. ચોમાસા પહેલા જૂન મહિના સુધીમાં શહેરમાં ૧૮૨ જેટલા ૧,૪૧,૧૫૬ મીટરના રોડની કામગીરી પૂર્ણ કરવા માટે સૂચના આપવામાં આવી છે.

હોળી બાદ મજૂરો પરત ફરતા હવે તમામ પેવર ફરી શરૂ કરવામાં આવ્યા છે. સૌથી વધારે દક્ષિણ ઝોનમાં મણીનગર, વટવા, ઇસનપુર, લાંભા, નારોલ, ખોખરા સહિતના વિસ્તારોમાં ૨૯ જેટલા રોડની કામગીરી કરવામાં આવશે. ચોમાસા પહેલા રોડની કામગીરી પૂર્ણ કરાશે.

અમદાવાદ મનપા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, શહેરના વિવિધ વિસ્તારોમાં નવા રોડ બનાવવા અને રોડ રિસરફેસ કરવાની કામગીરી પૂરજોશમાં શરૂ કરવામાં આવી છે. તમામ પેવર શરૂ કરી રોડની કામગીરી કરવાની સૂચના અધિકારીઓને આપવામાં આવી છે. ચોમાસા પહેલા રોડની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

રોડ પ્રોજેક્ટ દ્વારા વિવિધ જગ્યાએ ૫૮ જેટલા રોડની કામગીરી કરવામાં આવી રહી છે. જોકે, આ ૧૮૨ રોડમાંથી ૧૦થી ૧૫ જેટલા રોડમાં પાણી અને ગટરની લાઈનોના કારણે રોડની કામગીરી અધૂરી રહી છે. ૪૦ ટકા રોડ હાલમાં બની રહ્યા છે. ૨૦ ટકાથી વધુ રોડના કામોના અંદાજ હજી કરવાના બાકી છે, જ્યારે ૪૦ ટકા રોડની કામગીરી પૂર્ણ અથવા તો પૂર્ણ થવાની તૈયારીમાં છે. ■

# વલસાડ જિલ્લાનાં કપરાડાના કુંભઘાટ પર અકસ્માતો ટાળવામાં તંત્ર નિષ્ફળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

વલસાડઃ અમદાવાદ દિલ્હી તરફથી આવતા વાહનોને નાશિક તથા પૂના જવા માટે સરકારે કપરાડાના રાજમાર્ગને ફરજિયાત બનાવતાં ભારેથી અતિભારે હજારો વાહનો વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાંથી પસાર થાય છે. કપરાડા તાલુકાના ઘાટો અને વળાંકો એટલાં બધાં ભયજનક છે કે ત્યાં અવારનવાર એટલે કે નિયમિત મોટા વાહનો પલટી મારતાં હોય છે અથવા નિયમિત અકસ્માતો સર્જાતા હોય છે જેને ખાળવામાં ગુજરાત સરકારનો માર્ગ અને મકાન વિભાગ સરેઆમ નિષ્ફળ ગયો છે. આ વિસ્તારમાં કુંભઘાટ સૌથી ભયાનક ઘાટો તથા વળાંક વાળો હોવાથી અહીં નિયમિત રૂપે મોટા વાહનો પલટી મારતાં હોય છે તથા અકસ્માતો સર્જાતા હોય છે, જેના નિવારણ માટે રાજ્ય સરકારે યોજના બનાવી હોવાનું કહેવાય છે, પરંતુ રાજ્ય સરકારનો માર્ગ અને મકાન વિભાગ અમલીકરણમાં નિષ્ફળ ગયો હોવાનું સ્થાનિક આગેવાનો જણાવી રહ્યા છે. ■

# અમદાવાદમાં રમતી બાળકી પર કારનું ટાયર ફરી વળતા મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નહેરુનગર વિસ્તારમાં એક એપાર્ટમેન્ટમાં રમતી બાળકી પર કારચાલકે ટાયર ફેરવી દેતાં મોત નીપજ્યું હતું. પોલીસે સીસીટીવી સામે આવ્યા બાદ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. અમદાવાદના નહેરુનગર વિસ્તારમાં આવેલા કલારે એપાર્ટમેન્ટમાં એકથી બે વર્ષની માસૂમ આસ્થા રમી રહી હતી. દરમિયાન બાળકી ભાખોડિયા ભરતી ભરતી કાર પાસે પહોંચી હતી અને તે કારના આગળના ભાગે ઊભી રહી ગઈ હતી. એ દરમિયાન કારચાલકે કારને આગળ દોડાવતા માસૂમ બાળકી પર કારનું ટાયર ફરી વળતાં તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. ઘટનાની પોલીસને જાણ કરતાં પોલીસે ઘટનાના સીસીટીવીના આધારે કારચાલક કનક લીડિયાની ધરપકડ કરી હતી. ■

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

| A | B |
|---|---|
| રાણકપુર | ઉત્તરાખંડ |
| હરિદ્વાર | કેરળ |
| બોધગયા | રાજસ્થાન |
| સારનાથ | બિહાર |
| ગુરુવાયુર | ઉત્તર પ્રદેશ |

## ઓળખાણ પડી?



શિવજીનું આપ શંભુ મંદિર કયા શહેરમાં સ્થિત છે એની ઓળખાણ પડી? અહીંનું શિવલિંગ પ્રાકૃતિક હોવાની માન્યતા છે.

અ) લખનઊ બ) જમ્મુ ક) ભુવનેશ્વર ડ) પાટણ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | નુ | ૨ ભ | વ | ■ | ૩ ધ | રા | ૪ શા | ચી | ■ |
| સ | ■ | ૫ મ | ર | ૬ હ | મ | ■ | ણ | ■ | ૭ થ |
| ૮ ર | ૯ મ | વા | ■ | ૧૦ વા | ણ | ■ | ૧૧ પ | વ | ન |
| ૧૨ કા | ન | ■ | ૧૩ શ | મા | ■ | ૧૪ કો | ણ | ■ | ગ |
| ૧૫ ર | વા | ૧૬ ના | ■ | ૧૭ ન | ૧૮ ર | મ | ■ | ૧૯ મે | ના |
| ૨૦ ક | ર | વ | ટ | ■ | ૨૧ ખ | ળ | ૨૨ ભ | ળા | ટ |
| ■ | ■ | ડી | ■ | ૨૩ ગ | ડ | ■ | ૨૪ ર | વ | ■ |
| ૨૫ ચુ | પ | ■ | ૨૬ ત | ળ | પ | દી | ■ | ૨૭ ડો | ૨૮ સા |
| કા | ■ | ૨૯ તા | ■ | ૩૦ પ | ટ્ટી | ■ | ૩૧ તા | ■ | ભા |
| ૩૨ દો | ષા | રો | પ | ણ | ■ | ૩૩ પ | ડ | કા | ર |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | ૫ | ■ |
| | ■ | | ■ | ૬ | | ■ | ૭ | | ૮ |
| ૯ | ૧૦ | | ■ | | ■ | ■ | | ■ | |
| ૧૧ | | ■ | ૧૨ | | ૧૩ | ૧૩-અ | ■ | ૧૪ | |
| ■ | ૧૫ | ૧૬ | | | | | ■ | ■ | |
| ૧૭ | ■ | ૧૮ | | ■ | ૧૯ | | | ૨૦ | |
| | ■ | ૨૧ | | ૨૨ | ■ | | ■ | ૨૩ | |
| ૨૪ | | ■ | ■ | ૨૫ | ૨૬ | ■ | ૨૭ | | ■ |
| | ■ | ૨૮ | ૨૯ | | | ■ | | ■ | ૩૦ |
| ■ | ૩૧ | | | | ■ | ૩૨ | | | |

### આડી ચાવી

૧. આગ્રહભરી વિનંતી, અટકાવ (૪)
૩. સગવડ, સોઇ (૪)
૬. ભગવો (૨)
૭. --- કરવું એટલે પચાવી પાડવું (૩)
૯. માલ વેચીને --- કરો (૩)
૧૧. પહોળા મોંનું નાહવા ધોવા વપરાતું વાસણ (૨)
૧૨. સારો માણસ (૪)
૧૪. --- થઇ જવું એટલે અટકી જવું (૨)
૧૫. અસ્તવ્યસ્ત, વેરણ છેરણ (૬)
૧૮. જોડા, મિત્ર, બળદની જોડ (૨)
૧૯. કોઇનો કબજો હોય તેનો ભંગ કરવો (૫)
૨૧. --- નો ઉપયોગ અથાણાંમાં થાય (૩)
૨૩. આ નામની જ્ઞાતિ (૨)
૨૪. ઉંમર (૨)
૨૫. કમાણી, આવક (૨)
૨૭. સો કિલો (૨)
૨૮. સૂત્રોચ્ચાર (૪)
૩૧. જળાશય (૪)
૩૨. અચાનક, આકસ્મિક (૪)

### ઊભી ચાવી

૧. એક સુકો મેવો (૪)
૨. ફજેતી (૩)
૩. દરિયાકિનારે ઉગતું વૃક્ષ (૨)
૪. નાની લહર, તરંગ, મોજું (૩)
૫. તિરાડ (૨)
૬. ખોટો ફાયદો ઉઠાવવો તે (૪)
૮. રૂઢિ અનુસાર (૬)
૧૦. ધોર, મડદું દાટી કરેલું ચણતર (૩)
૧૨. શિક્ષણ (૪)
૧૩. દમન કરનારું, ધમક, તેજ (૩)
૧૩-અ. જન્મદિવસે કેક પાસે પ્રગટાવે (૪)
૧૬. મોટી પેટી, પટારો (૩)
૧૭. કારભાર, બંદોબસ્ત, પદ્ધતિ (૪)
૨૦. ભાંગવું તે, નાશ કરવો તે (૩)
૨૨. કારભાર (૪)
૨૬. બા, મોટી બા, દાદી (૨)
૨૭. રોટલા ઘડવાનો અવાજ (૩)
૨૮. સૂત્ર (૨)
૨૯. ફરિયાદ (૨)
૩૦. ‘ઢાંકવું’નું આજ્ઞાર્થ (૨)

## ગુજરાત મોરી મોરી રે

કવિ ન્હાનાલાલના પ્રાર્થના ગીતમાં ખૂટતો શબ્દ ઉમેરી પંક્તિ પૂર્ણ કરો.

‘પ્રભો અંતર્યામી જીવન જીવના દીનશરણા, પિતા માતા બંધુ, -------- સખા હિતકરણા’

અ) ઉત્તમ બ) બાંધવ ક) અનુપમ ડ) સહિયારા

## માતૃભાષાની મહેક

કાળ એટલે સમય, વખત, વેળા, જમાનો. તે કોઈએ ઉત્પન્ન કરેલો નથી. આદિ અંતથી રહિત છે. મનુષ્યનું જીવવું તથા મરવું એ કાળને આધીન છે. એ જરા વાર પણ થોભતો નથી, સર્વ પ્રાણીઓને સુખદુ:ખથી જોડી દે છે, સર્વનો સંક્ષેપ કરી નાખે છે અને સર્વને મરણની સમીપમાં લઇ જાય છે તેથી તે કાળ કહેવાય છે. કાળનો કોદરો એટલે અણીને વખતે કામ લાગે એવી ઉપયોગી ચીજ.

## સુડોકુ-૫૦૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | | ૪ | | |
| ૮ | | ૯ | | | | | ૭ | |
| | ૨ | | | | ૬ | | ૫ | |
| ૧ | | | | | ૮ | ૯ | | |
| ૬ | | | | | | | | ૧ |
| | | ૪ | ૩ | | | | | ૨ |
| | ૪ | | ૭ | | | | ૧ | |
| | ૧ | | | | | ૨ | | ૫ |
| | | ૩ | | ૯ | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૯ | ૪ | ૬ | ૧ | ૭ | ૨ | ૮ |
| ૪ | ૬ | ૨ | ૩ | ૮ | ૭ | ૧ | ૫ | ૯ |
| ૧ | ૮ | ૭ | ૨ | ૯ | ૫ | ૬ | ૪ | ૩ |
| ૨ | ૩ | ૮ | ૫ | ૭ | ૬ | ૪ | ૯ | ૧ |
| ૭ | ૧ | ૬ | ૮ | ૪ | ૯ | ૫ | ૩ | ૨ |
| ૯ | ૪ | ૫ | ૧ | ૨ | ૩ | ૮ | ૬ | ૭ |
| ૬ | ૯ | ૩ | ૭ | ૫ | ૮ | ૨ | ૧ | ૪ |
| ૫ | ૭ | ૪ | ૯ | ૧ | ૨ | ૩ | ૮ | ૬ |
| ૮ | ૨ | ૧ | ૬ | ૩ | ૪ | ૯ | ૭ | ૫ |

## ઈર્શાદ

અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા, ઊંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજે તું લઈ જા;
મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ ! લઈ જા, તું-હીણો હું છું તો તુજ દરશનાં દાન દઈ જા. - *કવિ ન્હાનાલાલ*

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

‘ઘણી વાર જ્ઞાની પુરુષ પણ વધારે પડતા આત્મવિશ્વાસથી થાપ ખાઈ જતા હોય છે’ વાક્યમાં થાપ ખાવીનો અર્થ શું થાય એ જણાવો.

અ) ભૂલી જવું બ) થોભી જવું ક) ભૂલ કરવી ડ) મુશ્કેલી કરવી

## માઈન્ડ ગેમ

૧૧૦ હેક્ટરમાં પથરાયેલું, ૧૭૮૭માં તૈયાર કરવામાં આવેલું ભારતનું સૌથી જૂનું જગદીશચંદ્ર બોઝ બોટનિકલ ગાર્ડન કયા શહેરમાં છે? ૨૦૦ વર્ષ જૂનું વડનું ઝાડ અનોખું આકર્ષણ છે.

અ) કોઈમ્બતૂર બ) ચંદીગઢ ક) કોલકાતા ડ) ઈમ્ફાલ

## ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| | |
|---|---|
| ગુંટુર | આંધ્ર પ્રદેશ |
| છાપરા | બિહાર |
| કોસંબા | ગુજરાત |
| રોહતક | હરિયાણા |
| રાંચી | ઝારખંડ |

ગુજરાત મોરી મોરી રે: સમરાંગણથી

ઓળખાણ પડી? ચિત્રકૂટ ધામ

માઈન્ડ ગેમ: કામાખ્યા

ચતુર આપો જવાબ – અર્થ જણાવો: નિર્દોષ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.


(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) પ્રતીમા પમાની (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) ડૉ. પ્રકાશ કટકિયા (૧૦) ભારતી પ્રકાશ કટકિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ભારતી બુચ (૧૩) પુષ્પા પટેલ (૧૪) વિભા મહેશ્વરી (૧૫) લજીતા ખોના (૧૬) મહેશ સંઘવી (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) મીનળ કાપડિયા (૧૯) જ્યોતી ખાંડવાલા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિતીન જે. બજેરીયા (૨૩) વીણા સંપટ (૨૪) દિલીપ પરીખ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ભાવના કર્વે (૨૮) જગદીશ વલ્લભ ઠક્કર (૨૯) કલ્પના આશર (૩૦) સુનીતા પટવા (૩૧) રજનીકાંત પટવા (૩૨) અંજુ ટોલીયા (૩૩) શિલ્પા શ્રોફ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હીના દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) રસીક જુઠાણી (ટોરન્ટો- કેનેડા) (૩૯) પુષ્પા ખોના (૪૦) પ્રવીણ વોરા (૪૧) કિશોર બી. સંઘરાજકા (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૫) નયન ગિરીશ મિસ્ત્રી (૪૬) મહેન્દ્ર લોઢાવીયા (૪૭) નિખીલ બંગાળી મિસ્ત્રી (૪૮) એમીષી બંગાળી (૪૯) અલકા વાણી (૫૦) સુરેખ દેસાઈ (૫૧) નંદકિશોર સંજાણવાળા

---

## આચમન

# પ્રભુને પામવા પ્રેમમાર્ગમાંથી પસાર થવું પડે

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com



જ્યારે વ્યક્તિનો પ્રેમ કામના વગરનો હોય છે ત્યારે તે શક્તિ બની જાય છે અને જ્યારે પ્રેમમાં કોઈ ચીજ મેળવવાનો લોભ રહેલો હોય ત્યારે તે આસક્તિ બની જાય છે.

*મીરાંબાઈને આપવામાં આવેલા ઝેરની કોઈ અસર થઈ ન હતી.

*ધ્રુવને પર્વતની ટોચ પરથી ફેંકવામાં આવ્યો તો પણ બચી ગયો હતો.

*પ્રભુ ભક્ત પ્રહલાદને અગ્નિના હવાલે કરી દેવામાં આવ્યો હોવાં છતાં પણ હસતો હતો.

- આ પ્રેમની શક્તિનાં ઉદાહરણો છે.

*સંતો-શાહો- સૂફીઓલિયાઓ કહે છે જેના હૃદયમાં સાચો પ્રેમ હોય છે તે વ્યક્તિ ઈશ્વરનો ભક્ત હોય છે માત્ર સાચા પ્રેમની જ જરૂર છે. પછી તે સ્ત્રી-બાળક કે અન્ય સાંસારિક વસ્તુઓ પૈકી ગમે તેનો હોય.

*શ્રી ગોકુલનાથજીએ કહ્યું છે કે જેના હૃદયમાં પ્રેમનું અંકુર હોય છે તે વ્યક્તિને ભક્તિ તરફ વાળી શકાય છે. કેમ કે પ્રેમનું વૃક્ષ ત્યારે જ ઊગી શકે છે જ્યારે પ્રેમનું બીજ, પ્રેમનું અંકુર હૃદયમાં હોય. બીજ વગર ખેતી કેવી રીતે થઈ શકે?

- આ સંદર્ભમાં એક કથા છે.

* એક વાર સંત શ્રી ગોસાઈ ગોકુલનાથજીને ત્યાં એક ખૂબ ધનવાન વ્યક્તિ બહુ ધન લઈને તેમનો શિષ્ય બનવા આવી. ગોસાઈએ તે વ્યક્તિને પૂછ્યું કે, શું તારો કોઈ વસ્તુ પર એવો સ્નેહ છે કે જેના વગર તારું મન વ્યાકુળ બની જાય?

* આ વ્યક્તિએ જવાબ આપ્યો કે મારો કોઈ વસ્તુ પ્રત્યે સ્નેહ નથી.

-તેનો જવાબ સાંભળીને ગોસાઈજીએ કહ્યું કે હું તને ક્યારેય દીક્ષા ન આપી શકું. તું બીજા કોઈને ગુરુ તરીકે શોધી લે.

બોધઃ ભક્તિમાર્ગમાં પ્રેમ જ મુખ્ય છે.

વ્યક્તિનો સંસાર પ્રત્યે જે પ્રેમ હોય છે તેને દીક્ષામાં ફેરવીને ભગવાનમાં લગાવી શકાય છે.

જ્યારે તમારા હૃદયમાં કોઈના પ્રત્યે પ્રેમ જ ન હોય તો ભગવાનને કેવી રીતે પ્રેમ કરી શકો?

***

### સંસારમાં દુઃખ શા માટે

એક રાજા પોતાની સભામાં પંડિતો સાથે વાદવિવાદ કરી રહ્યા હતા. અચાનક એમણે પોતાના એક વિદ્વાન પંડિતને પ્રશ્ન કર્યો

-‘સંસારમાં આટલું બધું દુઃખ શા માટે છે?’

-‘માનવ આટલો પીડિત શા માટે રહેતો હશે?’

પંડિતજી તુરત જવાબ આપી ન શક્યા. પછી બોલ્યાઃ

*‘મહારાજ, આ પ્રશ્નનો ઉત્તર શોધવા મને સમય લાગશે.’ - રાજા એ કહ્યું, ‘ઠીક છે, તમે એ માટે બે દિવસ વિચારી શકો છો’ - પંડિતજી રાજાના પ્રશ્નનો જવાબ શોધવા નીકળી પડ્યા. પણ ક્યાંય સંતોષકારક ખુલાસો ન મળ્યો. છેવટે થાકીને એક ઝાડ નીચે બેઠા. થોડી વારમાં ત્યાંથી એક ફકીરને પસાર થતા જોયાં એમને ઊભા રાખી વિનંતી કરી,‘ તમે મારા સવાલનો જવાબ આપી શકશો? સંસારમાં આટલા દુઃખોનું કારણ શું છે.?’ - ફકીર એમને જોતા રહ્યા. પછી ધીરેથી કહ્યું, ‘આનો હું તમને પછી જવાબ આપીશ. અત્યારે તો મારે પાસેના ગામમાં પાણી માટે કૂવો ખોદવા જવાનું છે. તમે પણ મને મદદ કરી શકો છો’

-બંને જણ બાજુના ગામે ગયા અને કૂવો ખોદવા લાગ્યા. - પંડિતજી મને-કમને કામમાં જોડાયા હતા એટલે થોડીવારમાં કંટાળીને બબડાટ કરવા લાગ્યાઃ મારા માટે આવા કામનો શું અર્થ? આવી મજૂરીથી મને શું મળવાનું છે? ખોટી હેરાનગતિ છે...!

- પેલા ફકીર આ સાંભળી ગયા. તેમણે કહ્યું, ‘પંડિતજી, અહીં જ તમારા પ્રશ્નનો જવાબ છે. જ્યાં સુધી મનુષ્ય ફક્ત પોતાના સ્વાર્થનો જ વિચાર કરતો રહેશે ત્યાં સુધી એ દુઃખી રહેવાનો, પણ જ્યારે એ બીજાના ભલાના વિચાર કરશે ત્યારે એનાં અંગત સુખ-દુઃખ ગૌણ બની જશે!’

* આ ઉત્તરથી પંડિતજી ખુશ થઈ ગયા અને તરત રાજાને કહેવા દોડ્યા. ■

## કવર સ્ટોરી (સાતમા પાનાનું ચાલુ)

કોઈ સ્પષ્ટપણે મુસ્લિમ રાષ્ટ્ર બીજા ધર્મના ધર્મગ્રંથોના સન્માનમાં આવી ઘટનાનું આયોજન કરી રહ્યું હતું. અહીં દેશના ઘણા વિસ્તારોમાં રામાયણના અવશેષો અને રામકથાનાં ચિત્રો પણ પથ્થરની કોતરણી પર જોવા મળે છે. ભારત અને ઈન્ડોનેશિયાની રામાયણમાં થોડો તફાવત છે. અયોધ્યા ભારતમાં રામનું શહેર છે, તો ઇન્ડોનેશિયામાં યોગ્યાના નામથી આવેલું છે. અહીં રામની વાર્તા કકનીન અથવા કાકાવીન રામાયણ તરીકે ઓળખાય છે. ભારતીય પ્રાચીન સાંસ્કૃતિક રામાયણના મૂળ લેખક કવિ ઋષિ વાલ્મીકિ છે, જ્યારે ઈન્ડોનેશિયામાં તેના લેખક કવિ યોગેશ્વર છે. હનુમાન ઇન્ડોનેશિયાનું સૌથી લોકપ્રિય પાત્ર છે. હનુમાનની લોકપ્રિયતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે આજે પણ દર વર્ષે આ મુસ્લિમ વસ્તીવાળા દેશની આઝાદીની ઉજવણીના દિવસે એટલે કે ૨૭મી ડિસેમ્બરે મોટી સંખ્યામાં યુવાનો હનુમાનના વેશ ધારણ કરીને રાજધાની જકાર્તાના રસ્તાઓ પર આવે છે. અને સરકારી પરેડમાં ભાગ લે છે. તમને જણાવી દઈએ કે હનુમાનને ઈન્ડોનેશિયામાં ‘અનોમાન’ કહેવામાં આવે છે. ૨૦૧૮માં ઈન્ડોનેશિયાની સરકારે ભારતમાં ઘણી જગ્યાએ ઈન્ડોનેશિયાની રામાયણ પર આધારિત રામલીલા યોજવાની માગ કરી હતી.

### આજે ‘રામ’ રાજ્ય ક્યાં છે?

ભારતમાં રામરાજ્યની વાત કરીએ તો રાજકીય અને સામાજિક ભૂકંપ આવી જાય એવી સ્થિતિ છે, પણ દુનિયાનો એક દેશ છે જ્યાં હજી, આજે પણ ‘રામ’ રાજ્ય અકબંધ છે! સાંભળીને નવાઈ લાગે ને? તો જણાવી દઉં કે ભારતીયોમાં હરવા-ફરવા માટે મશહૂર એવા થાઈલેન્ડમાં રામરાજ્ય કાયમ છે.

થાઈલેન્ડમાં એક પ્રખ્યાત શહેર અયુત્થયા તરીકે જાણીતું હતું, જ્યાં તેના રાજાઓએ ‘રામાતિબોધિ’ (‘‘અધિપતિ રામ’’)નું બિરુદ મેળવ્યું હતું. અયુત્થયાને અયોધ્યા સંદર્ભ સાથે જોડવામાં આવ્યું છે જેમાં રામાયણમાં ભગવાન રામની રાજધાની તરીકે અયોધ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. થાઈ ધાર્મિક ગ્રંથનું નામ રામકીન છે, જે થાઈ રામાયણ સમાન દરજ્જો ધરાવે છે. ૧૮મી સદીમાં થાઈ રામાયણ રાજા રામ પ્રથમ દ્વારા નવેસરથી રચવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે અને આ પુસ્તકમાં મુખ્ય ખલનાયક, થોત્સાકન, હિંદુ ગ્રંથના રાવણ જેવો છે, આ પુસ્તકના નાયક ફ્રા રામમાં રામનો આદર્શ દર્શાવવામાં આવ્યો છે. જો કે, હવે થાઈ અયોધ્યાના અવશેષો વિશાળ વિસ્તારમાં ફેલાયેલા છે અને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. થાઈ પરંપરા મુજબ, જનતાએ રાજાનું નામ ન લઇ શકાય, તેથી તેમણે પોતાના નામ સાથે ઉપનામ તરીકે ‘રામ’ જોડી દીધું હતું. આ પરંપરા આજ સુધી નિભાવવામાં આવી રહી છે.

### આ દેશોમાં પણ છે રામાયણ

બર્મામાં, રામાયણને ‘યમયાન’ કહેવામાં આવે છે જે અનૌપચારિક રીતે બર્માનું રાષ્ટ્રીય મહાકાવ્ય છે, તેને યમ (રામ) જાટદવ (જાતક) પણ કહેવામાં આવે છે. બર્મામાં રામને ‘યમ’ અને સીતાને ‘મી થેડા’ કહેવામાં આવે છે.

કંબોડિયામાં રિમકર જેને રામ કરતી તરીકે પણ ઓળખવામાં આવે છે - રામ (રામ) + કીર્તિ (ગૌરવ) એ સંસ્કૃત રામાયણ મહાકાવ્ય પર આધારિત કંબોડિયન મહાકાવ્ય છે. નામનો અર્થ થાય છે ‘‘રામનો મહિમા’’.

મલેશિયામાં હિકાયત સેરી રામ એ હિન્દુ મહાકાવ્ય ‘રામાયણ’નું મલય સંસ્કરણ છે. હિકાયત સેરી રામની મુખ્ય વાર્તા મૂળ સંસ્કૃત આવૃત્તિ જેવી જ છે, પરંતુ તેના કેટલાંક પાસાઓ જેમ કે શબ્દો અને નામોના ઉચ્ચારણ સ્થાનિક ભાષા પ્રમાણે સંશોધિત થયેલા છે.

આજે નાસ્તિક દેશ તરીકે ઓળખાતા વામપંથી ચીનમાં પણ રામની વિવિધ જાતક કથાઓ ખૂબ જ લોકપ્રિય હતી, જેમાં રામાયણની સૌથી પ્રાચીન વાત બૌદ્ધ ગ્રંથ, લિયુડુ જી જિંગમાં મળી આવી હતી. ચાઈનીઝ સમાજ પર રામાયણનો પ્રભાવ રામાયણના હનુમાન જેવો જ વાનર રાજા સન વુકોંગની લોકપ્રિય લોકકથાઓ દ્વારા મળે છે.

યુરોપ પણ રામના પ્રભાવથી મુક્ત રહી શક્યું નથી. ઇટાલીમાં પુરાતત્વીય ખોદકામમાં પ્રાચીન ઇટાલિયન ઘરોની દીવાલો પર વિવિધ ચિત્રો મળી આવ્યાં છે, જે રામાયણનાં દ્રશ્યો પર આધારિત છે. કેટલાંક ચિત્રોમાં બે પુરુષો પૂંછડીવાળા મનુષ્યની સાથે ઊભા છે, અને તેમના ખભા પર ધનુષ્ય અને તીર છે, જ્યારે એક મહિલા તેમની બાજુમાં ઊભી છે. આ ચિત્રો ઈ.સ.પૂર્વે ૭ના હોવાનું મનાય છે. ■

## ચિંતન (સાતમા પાનાનું ચાલુ)

પરમાત્મા છે.

આવી જ રીતે, શ્રીરામના ઐશ્વરીય ગુણોની વાત કરીએ તો તેઓ કર્તા છે, કારણ છે અને પરિણામ છે. તેઓ દૃષ્ટા છે, દૃશ્ય છે અને દર્શન છે. સાકારના તેઓ પ્રતિનિધિ છે અને નિરાકારનું તેઓ પ્રતિબિંબ છે. દ્વૈતની તેઓ સાક્ષી પૂરે છે અને અદ્વૈતને સ્થાપિત કરે છે. ક્રિયાકાંડમાં તેઓ સંમિલિત થયા છે અને જ્ઞાનની સ્થાપના માટે ઋષિ વશિષ્ઠ સાથે સંવાદ સ્થાપેલો છે. એક સાથે, એક સમયે શ્રી પરશુરામ તથા શ્રીરામ તરીકે એક સ્થાને તેઓ ઉપસ્થિત રહી શકે છે. દેવતા તેમના સહયોગી છે તો સ્વયં મહાદેવના તેઓ પ્રિય છે. સમગ્ર સૃષ્ટિના નિયંત્રતા હોવા છતાં તેઓએ જીવનમાં સૃષ્ટિથી નિયંત્રિત થઈને પણ શ્રેષ્ઠ ઉદાહરણ સ્થાપ્યું છે. અહીં સર્જક સ્વયં, સર્જનનો ભાગ બની જાય છે. પોતાની જ પ્રકૃતિનો આશ્રય કરી, પોતાની જ પ્રકૃતિના અસ્તિત્વમાં, પોતાની જ પ્રકૃતિની સહાયથી, પોતાની જ પ્રકૃતિ માટે પ્રવૃત્ત થવાની આ ચેષ્ટા છે, જે ઉપાદાન તેમ જ નૈમિત્તિક કારણ છે તે જ પરિણામ બનીને પ્રગટ થાય છે.

શ્રીરામની પૂર્ણતા સભર લીલાની વાત કરીએ તો અહીં, બ્રહ્મ સ્વયં બ્રહ્મની લીલાને આશ્રિત છે. બ્રહ્મ સ્વયં બ્રહ્મની લીલાના એક પરિણામ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાની ચેષ્ટા કરે છે, જે જ્ઞાનનો આધાર છે તે અન્ય પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાની લીલા કરે છે, જે ઇન્દ્રિયોના સ્વામી છે તે ઇન્દ્રિયોના સહારે જીવન વ્યતીત કરે છે. જે મનના અસ્તિત્વનું કારણ છે તે માનસિક કાર્ય કરે છે. સમગ્ર સૃષ્ટિ માટે જે આરાધ્ય છે તે અન્યની આરાધના કરે છે, જેનું વ્યાપ સર્વત્ર છે તે એક દેહમાં સ્થાપિત રહે છે, જે બ્રહ્માંડને પ્રકાશિત કરે છે તે સામાન્ય માનવી તરીકે પદાર્થને જોવા માટે પ્રકાશની ઈચ્છા રાખે છે, જે અનંત છે, જેની કથા અનંત છે, તે સમય, સંજોગો અને સ્થળની સંકુચિતતામાં જીવન વ્યતીત કરતા જણાય છે, જેનું અસ્તિત્વ કમળ સમાન હોય, જેને અન્ય શણગારની જરૂર ન હોય, તે આભૂષિત થાય છે. આ અને આવી કેટલીય બાબતો શ્રીરામ વિશે કહી શકાય. આ બધા જ જાણે છે.

આદર્શ પિતા, આદર્શ મિત્ર, આદર્શ પુત્ર, આદર્શ રાજા, આદર્શ શિષ્ય, આદર્શ માનવી, આદર્શ યોદ્ધા, આદર્શ પ્રવાસી, આદર્શ યુગલનું એક અવિભાજ્ય અંગ, પ્રત્યેક કલ્પના પ્રત્યેક કાલખંડમાં આદર્શ સાથ નિભાવનાર આદર્શ પતિ, આદર્શ વ્યવસ્થાપક, આદર્શ સલાહકાર અને આદર્શ નિયતા; શ્રીરામમાં આ બધું જ અને આવું બધું જ સમાવિષ્ટ છે. શ્રીરામ આદર્શ માટે પણ આદર્શ છે.

સનાતની સંસ્કૃતિના સાથે શ્રદ્ધાની અન્ય પરંપરાના મૂળ સિદ્ધાંતો સાથે પણ શ્રીરામનો સમન્વય જોવા મળે છે. શ્રદ્ધાની એક પરંપરાના આધારગત મૂલ્યોમાં કરુણાને મહત્ત્વ મળ્યું છે તો અન્ય પરંપરામાં અહિંસા કેન્દ્રસ્થાને છે. કોઈ પરંપરામાં અલિપ્તતાને અન્ય કેટલીક બાબતો સાથે આધાર ગણવામાં આવે છે તો ક્યાંક સમાનતાને પ્રાધાન્ય અપાય છે. શ્રીરામના જીવનમાં આવી પ્રત્યેક બાબતો સમભાવે પ્રતીત થાય છે. શ્રીરામનું જીવન-દર્શન જોતાં જણાશે કે તેમના જીવનમાં આ પ્રત્યેક બાબતને પ્રતિબદ્ધતાથી પ્રાધાન્ય અપાયું છે. પ્રશ્ન ક્યારેક અહિંસા માટે થાય, કારણ કે શ્રીરામે હથિયાર ધારણ કરેલા. સમજવાની વાત એ છે કે, જેમ અહિંસા પરમો ધર્મઃ કહેવામાં આવે છે તેમ ધર્મ હિંસા તથૈવ ચ પણ કહેવામાં આવે છે. ધર્મની રક્ષા માટે અહિંસા માન્ય છે. ગીતામાં પણ આતતાઈનો વધ કરી શકાય તેમ કહેવાયું છે. અહિંસા ને સૂક્ષ્મતામાં સમજવામાં આવે તો શ્રીરામ દ્વારા હિંસા ક્યારે આચરવામાં આવી જ નથી. ધર્મ કે સત્યની સ્થાપના માટે કરાયેલું કોઈપણ કાર્ય હિંસક ન ગણાય.

શ્રીરામના જીવનનો અંશ દરેક શ્રદ્ધામાં જોવા મળશે - દરેક પ્રકારની શ્રદ્ધામાં શ્રીરામના આદર્શોની હાજરી જોવા મળશે. શ્રીરામ સમગ્ર માનવજાત માટે છે. તેમણે સમગ્ર માનવજાત માટે ઉદાહરણ સ્થાપિત કર્યું છે. તેઓ નથી મારા કે નથી તમારા, તેઓ બધાના છે. શ્રીરામ સર્વત્ર છે, સર્વકાલ છે.

શ્રીરામનું જીવન એટલે અણીશુદ્ધ પવિત્રતાનું અસ્તિત્વ, જીવનના ઉત્કૃષ્ટ આદર્શનું ઉદાહરણ, દિવ્યતા સભર દરેક ગુણોનું સંમેલન, કઠિનતમ પરિસ્થિતિ વચ્ચે પણ જાળવી રખાયેલું સંતુલન, શ્રેષ્ઠ સામાજિક વ્યવસ્થા સ્થાપવાના પ્રયત્નોનું પરિણામ, વ્યક્તિગતતાની સામે સામાજિક ઉત્કર્ષનું સીમાચિહ્ન, ચોક્કસ સમયગાળામાં આકાર પામેલ ઘટનાનું શાશ્વત અને શ્રેયકર પરિણામ, સત્ય તરફના પ્રેમ તથા વિશ્વાસનું પ્રતીક - જેવી અનેક દિવ્યતમ બાબતો વર્ણવી શકાય. શ્રીરામ સર્વ માટે અદમ્ય પ્રેરણા સમાન છે. ■

## માનસ મંથન (સાતમા પાનાનું ચાલુ)

કે આપ મારી પાસે આવીને અથવા તો બ્રહ્મ જિજ્ઞાસા’ કરો તો બ્રહ્મને હું બાળક બનાવીને આપના આંગણામાં રમતાં કરી દઉં.’ શૃંગી ઋષિને બોલાવાયા, ભક્તિ સાથે યજ્ઞ કરાવ્યો. અંતિમ આહુતિમાં યજ્ઞકુંડમાંથી અગ્નિના રૂપમાં યજ્ઞપુરુષ બહાર આવ્યા. પ્રસાદનો ચરુ આપ્યો. રાજાએ પોતાની રાણીઓને યથાયોગ્ય પ્રસાદ વહેંચ્યો. દિવસો વીતવા લાગ્યા, હરિ ગર્ભમાં પધાર્યા છે. દિશાઓ પવિત્ર થવા લાગી. જીવમાત્રના મનમાં આનંદાનુભૂતિ થવા લાગી. યોગ, લગન, ગ્રહ, વાર, તિથિ, પંચાંગ અનુકૂળ થયાં. ત્રેતાયુગ, ચૈત્રમાસ, શુક્લપક્ષ, નૌમી તિથિ, અભિજિત, મધ્યદિવસ અને પાંચેય તત્ત્વો ભગવાનની સેવામાં હાજર થઈ ગયાં. પરમાત્માના પ્રાગટ્યની ક્ષણ નજીક આવે છે. અને એ બ્રહ્મતત્ત્વ, એ ભગવાન, એ ઈશ્વર, એ પરમાત્મા મા કૌશલ્યાના ભવનમાં ચતુર્ભુજ રૂપ ધારણ કરીને પ્રગટ થાય છે. સૌને રામજન્મની વધાઈ.

- સંકલન : જયદેવ માંકડ ■

# ધર્મતેજ

# પરમાત્મા સર્વત્ર સમાનરૂપે વ્યાપ્ત છે, એને પ્રગટ કરવાની એક માત્ર વિદ્યા છે - પ્રેમ



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

'રામચરિતમાનસ'માં જે રૂપે મને પ્રેમનાં દર્શન થઈ રહ્યા છે, એ પ્રેમશાસ્ત્રની મુખ્યત્વે આ રામકથામાં ચર્ચા થશે. દેવસમાજ અને સમગ્ર પૃથ્વી ભગવાનને પોકારી રહ્યા હતા. અસુરોનો ત્રાસ વધી ગયો છે, આતંક ફેલાઈ ચૂક્યો છે, ચારે તરફ ભ્રષ્ટાચાર છે, ગોસ્વામીજી લખે છે-

उस भ्रष्टाचारा भा संसारा धरम सुनिअ नहिं काना।।

ચારે તરફ આવું વાતાવરણ છે ત્યારે આખી પૃથ્વી પોતાને મદદ કરવાને માટે શ્રીહરિને પોકારે છે. એ વખતે બધાં મળીને ભગવાનની સ્તુતિ કરીને પોકાર કરવા માટે 'માનસ'માં તૈયાર થાય છે, ત્યારે ભગવાનને ક્યાં પોકારી શકાય એવી એક ચર્ચા થઈ. કોઈ કહે વૈકુંઠમાં, કોઈ કહે સાકેતમાં. એકમતિ ન થઈ, ત્યારે ભગવાન ક્યાં મળશે એવું બ્રહ્માજીએ શંકરને પૂછ્યું હતું, એ વખતે શંકરના મુખમાંથી નીકળેલી આ પંક્તિ છે, 'જો આપ મને પૂછતા હો તો પરમાત્મા સર્વત્ર સમાનરૂપે વ્યાપ્ત છે, પરંતુ એને પ્રગટ કરવાની એકમાત્ર વિદ્યા છે અને એનું નામ છે પ્રેમ. જો આપણામાં પ્રેમ હશે, તો પરમાત્મા અહીં પ્રગટ થશે.' એ પંક્તિઓનો મેં આશ્રય કર્યો છે.

આવો, હવે આપણે વાણીને પવિત્ર કરવા માટે રામજન્મની ગાથા ગાઈએ અને નાથદ્વારામાં રામ પ્રાગટ્યનું ગાયન કરીએ. ભગવાન શિવ વેદવિદિત વટવૃક્ષની નીચે સહજાસનમાં બેઠા છે. પાર્વતી આવે છે. રામકથાની જિજ્ઞાસા કરે છે. કૈલાસની જ્ઞાનપીઠ પરથી શિવ પાર્વતીને કથા સંભળાવે છે. રામતત્ત્વ વિશે ખુલાસો કરતાં શિવ કહે છે, એ દશરથના પુત્ર છે જ, અવશ્ય; પરંતુ તત્વત્: રામ શું છે એ સાંભળો-

बिनु पद चलई सुनई बिनु काना ।
कर बिनु करम करई बिधि नाना ।।

તુલસીજી રામને વૈશ્વિક રૂપમાં પ્રસ્તુત કરે છે અને કહે છે, હે પાર્વતી, આવું બ્રહ્મતત્ત્વ મનુષ્યરૂપ લઈને ધરતી પર આવ્યું. 'માનસ'માં રામના અવતારપૂર્વે રાવણના અવતારની કથા કહેવામાં આવી છે. સૂરજ નીકળતા પહેલાં રાત્રિ હોય છે, એટલા માટે પહેલાં નિશિચર વંશની કથા અને ત્યારબાદ સૂર્યવંશની કથા છે. રાવણ, કુંભકર્ણ, વિભીષણ બહુ જ તપ કરે છે. ઘણાં દુર્લભ વરદાનો પ્રાપ્ત કરે છે. રાવણ જ્યાં સૌંદર્ય જુએ છે, સમૃદ્ધિ જુએ છે એને લૂંટવા લાગે છે. યજ્ઞયાગ રોકે છે. રાવણે આતંક ફેલાવી દીધો. આખી ધરતી કાંપવા લાગી. ધરતીએ ગાયનું રૂપ લીધું. ઋષિમુનિઓ પાસે જઈને રોવા લાગી, 'હે મહાત્મા, મને બચાવો.' બધાં દેવતાઓ પાસે ગયાં. આખરે બધાં બ્રહ્માની પાસે ગયાં. હવે શું કરવું ? ત્યારે બ્રહ્માએ કહ્યું, આપણે સૌ મળીને એ પરમતત્ત્વને પોકારીએ જેથી એ જ આપણને કોઈ ઉપાય બતાવે; અને ત્યાં એક પ્રશ્ન આવ્યો કે ભગવાનને ક્યાં પોકારવા ? બ્રહ્માએ શિવજીને પૂછ્યું, ત્યારે શિવજીએ બ્રહ્મસભામાં કહ્યું, જે પંક્તિ આપણને આ કથાનું કેન્દ્રબિંદુ બનાવી છે, એ ત્યારે ગાવામાં આવી છે. ગોસ્વમીજીએ લખ્યું-

हरि व्यापक सर्वत्र समाना ।
प्रेम तें प्रगट होहिं मैं जाना ।।

એ સમયે એ સભામાં શિવજીએ કહ્યું, ભગવાન વ્યાપક છે, સૌમાં સમાનરૂપે છે. આપણામાં જો પ્રેમ હશે તો પ્રભુ અહીં પ્રગટ થશે. આપણે સૌ એમને પોકારીએ. પ્રેમથી એમને પોકારીએ. બધા દેવતાઓ સ્તુતિ કરે છે. આકાશવાણી થઈ, 'થોડું ધૈર્ય ધારણ કરો. હું ધરતી પર અયોધ્યામાં પ્રગટ થઈશ.'

પૂજ્યપાદ ગોસ્વામીજી, જ્યાં રામ પ્રગટ થવાના છે, એ અયોધ્યામાં આપણને લઈ જાય છે. અયોધ્યાનું સાર્વભૌમ સામ્રાજ્ય છે. અયોધ્યામાં સમ્રાટ રઘુકુલમણિ દશરથનું શાસન છે. કૌશલ્યાદિ રાણીઓનો પરિચય આપ્યો. આપણા જીવનમાં રામ પ્રગટ થઈ શકે એ માટે દામ્પત્ય કેવું હોવું જોઈએ એની એક ફોર્મ્યુલા તુલસીદાસજીએ બતાવી. માત્ર ત્રણ સૂત્ર, કૌશલ્યા અને દશરથ જેવું દામ્પત્ય હોય તો કોઈના પણ ઘરમાં રામ પ્રગટ થઈ શકે છે. ક્યારેક ક્યારેક લોકો મને પૂછે છે કે, 'સંસારમાં આતંક છે, ભ્રષ્ટાચાર છે, આવું બધું ચાલે છે, તો હવે રામ ક્યારે પ્રગટ થશે ?' હું કહું છું કે, રામ તો પ્રગટ થવા માટે સાકેતથી ઓલરેડી નીકળી ચૂક્યા છે, પરંતુ આકાશમાં ઘૂમી રહ્યા છે. એમને ક્યાંય દશરથ અને કૌશલ્યા નથી મળી રહ્યાં, એટલે એ રોકાયા છે અને આજે લોકોનું દામ્પત્ય બહુ જ બગડ્યું છે, એવી મારી ચિંતા સાથે તમે સહમત નથી ? કરવું શું ? 'માનસ'કાર કહે છે, પુરુષ પોતાની પત્નીને પ્રેમ આપે, સ્ત્રી પોતાના પતિને આદર આપે અને પછી બંને મળીને પોતાના જીવનમાં થોડી ભગવદ્ ભક્તિ કરે. આ ત્રણ વસ્તુ હોય તો એમનાં ઘરમાં રામ પ્રગટ થાય છે; પરંતુ આટલું નથી થઈ રહ્યું !

દશરથના મનમાં એક ગ્લાનિ છે. બુઢાપો આવી ગયો છે, પુત્ર નથી. ગોસ્વામીજીએ લખ્યું છે કે, રાજદ્વાર ગુરુદ્વાર ગયું. મારાં ભાઈ-બહેનો, જ્યારે ક્યાંયથી સમાધાન ન મળે ત્યારે કોઈને ખબર પણ ન પડે એ રીતે કોઈ બુદ્ધપુરુષ પાસે ચાલ્યા જવું. દશરથજી ગુરુના દ્વારે ગયા, 'શું મારા ભાગ્યમાં પુત્રસુખ નથી?' વશિષ્ઠજીએ કહ્યું, 'રાજન, હું તો ક્યારનો પ્રતીક્ષા કરતો હતો

(જુઓ પાનું ૬) ▸▸

# જિત દેખું ઉત રામહિં રામા

કવર સ્ટોરી

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

શ્રી વાલ્મીકિ રામાયણના બાલકાંડના પ્રથમ સર્ગમાં શ્રી નારદ મુનિ, શ્રી વાલ્મીકિજીને શ્રીરામના મહિમાનું વર્ણન કરતા બે શ્લોકમાં કહે છે, તેઓ ગંભીરતામાં સમુદ્ર જેવા, ધૈર્યમાં હિમાલય જેવા, બળમાં વિષ્ણુ સમાન છે, તેમનું દર્શન ચંદ્રમા સમાન મનોહર છે, તેઓ ક્રોધમાં કાલાગ્નિ સમાન અને ક્ષમામાં પૃથ્વી સમાન છે, ત્યાગમાં કુબેર અને સત્યમાં બીજા ધર્મરાજ સમાન છે.

જે રીતે સમુદ્ર, અને અગ્નિ વિશ્વમાં સર્વવ્યાપ્ત છે, જેમ ચંદ્ર પૃથ્વીના પ્રત્યેક ખૂણે દ્રશ્યમાન થાય છે, અને જેમ પૃથ્વી વિના તો વિશ્વની કલ્પના જ અશક્યવત લાગે, તો તેમની સાથે જેની સરખામણી થતી હોય, તે ભગવાન રામ વિશ્વના દરેક દેશમાં અત્ર, તત્ર, સર્વત્ર હાજર હોય જ, એ કહેવાની જરૂર ખરી? એટલે તો સંત રૈદાસ કહે છે,

***રૈદાસ હમરૌ રામજી, દસરથ કરિ સુત નાહી,***
***રામ હમઉ માંહી રહ્યો, બિસબ કુટુંબ માંહી***

અર્થાત્ રૈદાસ કહે છે કે મારા આરાધ્ય રામ દશરથના પુત્ર નથી, પરંતુ સમગ્ર વિશ્વના ઘર-ઘરમાં જે વ્યાપ્ત છે તે રામ મારામાં પણ વસેલા છે. તો ચાલો, આજે જાણીએ વિશ્વમાં રામ ક્યાં ક્યાં અને કેવી રીતે વ્યાપ્ત છે.

## મુસ્લિમ બહુમતી ધરાવતા દેશમાં રામ પૂજનીય?!


આ વાત જેટલી અશક્યવત લાગે છે, તેટલી જ સત્યતા પૂર્ણ છે. જી હા, વિશ્વમાં મુસ્લિમ સમુદાયનું બાહુલ્ય ધરાવતો દેશ ઇન્ડોનેશિયા, ત્યાંની પ્રજાના રામ પ્રેમ માટે પણ જાણીતો છે. તમે એમ માનતા હશો કે જકાર્તા (ઇન્ડોનેશિયાની રાજધાની) અને ઇન્ડોનેશિયામાં અન્ય ઘણા સ્થળોએ વિશ્વ વિખ્યાત નેતા સુકર્ણોની મૂર્તિઓ હશે. પણ એવું નથી. ત્યાં તમે ભગવાન શ્રીરામની અસંખ્ય મૂર્તિઓ જોશો અને કેટલીક જગ્યાએ ''કળા, સંગીત અને જ્ઞાન'' ની દેવી સરસ્વતીની મૂર્તિઓ પણ છે. રામકથા એટલે કે રામાયણ ઈન્ડોનેશિયા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. અયોધ્યા પણ આ દેશમાં છે અને અહીંના મુસ્લિમો પણ ભગવાન રામને તેમના જીવનના નાયક માને છે અને રામાયણને તેમના હૃદયની સૌથી નજીકનો ગ્રંથ માને છે. વર્ષ ૧૯૭૩માં સરકારે અહીં આંતરરાષ્ટ્રીય રામાયણ પરિષદનું પણ આયોજન કર્યું હતું. આ પોતાનામાં એક અનોખી ઘટના હતી, કારણ કે પ્રથમ વખત

(જુઓ પાનું ૬) ▸▸

## ઇન્ડોનેશિયાથી ઈટાલી સુધી અત્ર તત્ર સર્વત્ર શ્રીરામ







# રામ અને રામકથાના તાર દુનિયાના ખૂણેખૂણે જોડાયેલા છે

વિશેષ

કવિતા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

ઉત્તર પ્રદેશના સાંસ્કૃતિક વિભાગના અયોધ્યા શોધ સંસ્થાને રામાયણ વિશ્વમહાકોષના એક ખંડમાં ઈરાકમાંથી મળી આવેલી પ્રાચીન મૂર્તિઓના ચિત્રો પ્રકાશિત કર્યા છે. સંસ્થાનનો દાવો છે કે દરબંદ-એ-બેલુલા પર્વતમાળામાં મળી આવેલ મૂર્તિઓ અને ભીંતચિત્રો ભગવાન રામના છે.

ઇરાકના સેલુમાનીયા વિસ્તારમાં આવેલી બૈનુલા બાયપાસ પાસે ખોદકામ દરમિયાન ભગવાન રામ અને હનુમાનની દુર્લભ પ્રતિમાઓ પ્રાપ્ત થઇ છે. ભારત સરકાર દ્વારા આ બાબત માંગવામાં આવેલી જાણકારીમાં ઇરાકની સરકારે તેની પુષ્ટિ કરી હોવાનું કહેવાય છે. આટલુંજ નહીં, પરંતુ ઇરાકના પુરાતત્વ વિભાગના દાવા પ્રમાણે આ મૂર્તિઓ લગભગ ચાર હાજર વર્ષ પુરાણી હોવાની શક્યતા છે.

## અમેરિકામાં પણ રામાયણ તાર જોડાયેલા છે.

રામાયણના એક પ્રસંગ મુજબ રાવણના ભાઈ અહિરાવણે રામ-લક્ષ્મણનું અપહરણ કર્યું અને પાતાળ લોકમાં લઇ જઈને દેવીને તેમનો બળી ચઢાવવાનો કારસો રચ્યો હતો. પરંતુ શ્રી હનુમાન ત્યાં પહોંચી ગયા અને અહિરાવણનો વધ કર્યો. ભગવાન રામે પાતાળ લોકનું સામ્રાજ્ય હનુમાનના પુત્ર મકરધ્વજને સોંપ્યું એવી કથા છે. એવું કહેવાય છે કે રામાયણમાં વર્ણિત આ પાતાળ લોક આજના માધ્ય અમેરિકાના હોંડુરાસના જંગલોમાં આવેલું છે.

લખનૌની સ્કૂલ ઓફ મેનેજમેન્ટ સાયન્સિસના પ્રોફેસર ભરત રાજ સિંહે તેના વિશે ૨૦૧૫-૧૬માં જાણકારી પ્રસિદ્ધ કરી હતી. બાદમાં અમેરિકાના કેટલાક નિષ્ણાતોએ માન્યું કે અમેરિકાના હોંડુરાસના જંગલમાં એક પ્રદેશ છે જ્યાં આદિવાસીઓ 'મંકી ગોડ'ની પૂજા કરે છે.

અમેરિકાના શોધકર્તા થિયોડોર મોર્ડેએ ૧૯૪૦માં આ જ વાત કહી હોવાનું કહેવાય છે. તેમણેએક અમેરિકી સમાચાર પત્રમાં આ દાવો કર્યો હતો કે અહીં લોકો 'મંકી ગોડ'ની પૂજા કરે છે. પ્રો. ભરત રાજ સિંહે બંગાળી રામાયણમાં એ નોંધ્યું કે અહિરાવણ જ્યારે રામ-લક્ષણનું અપહરણ કરીને પાતાળ લોક જઇ રહ્યો હતો ત્યારે એક સુરંગ દ્વારા ૭૦ હજાર યોજન પર કરીને પાતાળ લોક પહોંચ્યો હતો. જે સુરંગ દ્વારા તે પાતાળ લોક પહોંચ્યો હતો તે મધ્ય પ્રદેશમાં છે. ૭૦ હજાર યોજન (એક યોજન બરાબર ૮ માઈલ અથવા ૧૨.૮ કિમિ.) તેમણે મધ્ય પ્રદેશના એ જ પ્રદેશથી માપી તો આ ૭૦ હજાર યોજન હોંડુરાસના મસ્કીટિયા સુધી પહોંચતું હતું.

મધ્યપ્રદેશનું પાતાળ લોક ક્યાં આવેલું છે તે પણ જાણવું રસપ્રદ છે. મધ્યપ્રદેશના છિંદવાડામાં એક જગ્યા છે જેને પાતાળ લોક કહેવામાં આવે છે. અનોખી વાત એ છે કે અહીં મનુષ્ય રહે છે અને જીવન જીવે છે. છિંદવાડાના તામિયા વિસ્તારની ગીચ લીલી ટેકરીઓમાં ભરિયા જાતિના ૨૦૦૦ થી વધુ લોકો ૧૨ ગામોમાં રહે છે. અહીં દરેક ગામ ૩-૪ કિમીના અંતરે આવેલું છે. આ જગ્યાને ઔષધિઓનો ખજાનો માનવામાં આવે છે. એટલું જ નહીં અહીં ત્રણ ગામ એવા છે જ્યાં સૂર્યના કિરણો પણ નથી પહોંચી શકતા. આવી સ્થિતિમાં, આકરા સૂર્યપ્રકાશ વચ્ચે પણ અહીંનો નજારો સાંજ જેવો લાગે છે. કારણ કે આ ગામ જમીનની સપાટીથી અંદાજે ૩૦૦૦ ફૂટ નીચે આવેલું છે.

અહીં રહેતા લોકો બહારની દુનિયાથી કપાયેલા રહે છે. ભરિયા જનજાતિના લોકો માને છે કે રામાયણની સીતા પાતાલકોટમાં જ ધરતીમાં અદ્રશ્ય થઈ ગઈ હતી. જેના કારણે અહીં ઊંડી ગુફા બની હતી.

બીજી દંતકથા એવી છે કે રામાયણના હનુમાન ભગવાન રામ અને લક્ષ્મણને રાવણની ચુંગાલમાંથી બચાવવા માટે આ વિસ્તારમાંથી પાતાળમાં પ્રવેશ્યા હતા.

પાતાલકોટમાં રહેતી આદિવાસી જનજાતિ મેઘનાથને માન આપે છે. અહીં માર્ચ અને એપ્રિલ મહિનામાં ચૈત્ર પૂર્ણિમાના દિવસે મોટા મેળાનું આયોજન કરવામાં આવે છે. આદિવાસી લોકો તેમના જીવનમાં એકવાર દેવઘરમાં પૂજા કરે છે. ભગવાન શિવ, અગ્નિ અને સૂર્યની ખાસ કરીને આદિવાસીઓ દ્વારા પૂજા કરવામાં આવે છે.

# જીવનનું તર્પણ શ્રીરામ

ચિંતન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

એવી એક પણ બાબત નથી કે જે શ્રીરામ વિશે આજની તારીખ સુધીમાં કોઈના દ્વારા ન કહેવાઈ હોય. તેમની બધી જ વાતો, તેમની બધી જ ખાસિયત, તેમની સંપૂર્ણ જીવન-ચર્યાથી બધા જ જાણકાર છે. એમના વિશે પુસ્તક સ્વરૂપે, પ્રવચન સ્વરૂપે, ચર્ચા સ્વરૂપે, મનન-ચિંતન સ્વરૂપે, અને યાદદાસ્ત સ્વરૂપે સ્થાપિત થઈ ચૂક્યું છે. કળાના પ્રત્યેક માધ્યમથી શ્રીરામના અસ્તિત્વની પ્રત્યેક વાત વ્યક્ત થઈ ચૂકી છે. બધું જ, બધા જ જાણે છે. છતાં પણ નાદાનિયતમાં, બાળક સમાન બનીને તે જ વાતો કહેવાની ફરીથી ઈચ્છા થાય - વારંવાર ઈચ્છા થાય, તેવા શ્રીરામ છે.

બધા જાણે છે કે શ્રીરામ મર્યાદા પુરુષોત્તમ છે. તેમણે જીવનમાં અતિ દઢતાથી આદર્શોનું - મર્યાદાનું પાલન કર્યું છે. ધર્મને જીવનની અન્ય પ્રત્યેક બાબત કરતા વધુ મહત્ત્વ આપ્યું છે. વ્યક્તિ તરીકે, પુત્ર તરીકે, પતિ તરીકે કે રાજા તરીકે પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવવામાં તેમણે દરેક વ્યક્તિગત બાબતને બાજુમાં કરી દીધી છે. તેમનું સમગ્ર આચરણ સમભાવે તથા સાધુ ભાવે ઘટિત થયું છે. દરેક પ્રકારના સાંસારિક આવેગથી તેઓ મુક્ત છે. સત્ય તેમનો આધાર છે અને ધર્મ માર્ગદર્શક છે. તટસ્થતા તેમની પ્રકૃતિ છે અને કાર્યદક્ષતા તેમની શૈલી છે. નિર્દોષતા તેમના અસ્તિત્વમાં વણાયેલી છે અને નિર્લેપતાના તેઓ પ્રતિનિધિ છે. સ્થાપિત નીતિમત્તા તેમની માટે સંદર્ભ છે અને ધર્મ માટે અપવાદ ઊભો કરવા પણ તેમની તૈયારી હોય છે. દરેક પ્રકારની ક્ષમતાના તેઓ ધની છે અને તે છતાં પણ તેમની ક્ષમતા સંયમિત છે. અપાર સંભાવનાઓના સ્વામી હોવા છતાં તેઓએ ક્યારેય વિવેકનો ત્યાગ કર્યો નથી.

બધા જાણે છે કે શ્રીરામ દ્વારા, માનવ જીવનમાં શું શું શક્ય છે તે તેમણે તે પ્રકારનું જીવન જીવી બતાવીને વ્યવસ્થિત રીતે સ્થાપિત કર્યું છે. માનવીએ કેવા પ્રકારના સિદ્ધાંતોને મહત્ત્વ આપી જીવન વ્યતીત કરવું જોઈએ તે તેઓએ બતાવ્યું છે. તેમના જીવનમાં સામર્થ્ય સાથેની કરુણા છે, ન્યાય યુક્ત સમાનતા છે, દરેક પરિસ્થિતિમાં જાળવી રખાયેલી તટસ્થતા છે, નિષ્પક્ષ રહેવા સાથે સત્ય માટે તેમણે તરફેણ કરી છે. મર્યાદા પાળીને તેમણે ધર્મને સાચવી લીધો છે.

બધા જાણે છે કે શ્રીરામ પોતાના પિતાનો અગ્નિ સંસ્કાર પણ ન હતા કરી શક્યા. સામાજિક તેમજ રાજકીય માપદંડ સ્થાપવા તેમણે, જેની માટે વન વન રૂદન કરતાં કરતાં ભટકેલા, તેવી પોતાની પત્નીનો તેની સગર્ભાવસ્થામાં ત્યાગ કરેલો. રાવણ સાથે યુદ્ધ કરવા સમગ્ર ભારત-વર્ષની સેનાનો સહકાર મળી શકે તેમ હતો તો પણ વાનર-સેના પોતાના પક્ષે રાખી હતી. વિકલ્પ હોવા છતાં શબરીના એઠા બોર ખાધા હતા. જઘન્ય અપરાધ કરનાર રાવણને પણ તેમણે અંતિમ તક આપવા અંગદને સમાધાન માટે મોકલ્યો હતો.

ક્યારેક સમજાવટથી પરશુરામનો ક્રોધ શાંત કર્યો છે તો ક્યારેક સમુદ્ર દ્વારા વિનંતી ન સ્વીકારાતા ક્રોધ પણ જાહેર કર્યો છે.

વાલીના વધ પછી તેના પુત્રને પુત્ર સમાન ગણ્યો છે, જેની સામે યુદ્ધ કરવા જવાનું હતું તેને જ પુરોહિત પદે સ્થાપી મહાદેવની પૂજા કરાવી છે. વનવાસથી પાછા ફરતા માતા કૌશલ્યાના સ્થાને વનવાસ માટે નિમિત્ત માતા કૈકેયીને વધુ મહત્ત્વ આપ્યું છે. વિરોધાભાસી જણાતી પરિસ્થિતિમાં પણ શ્રીરામ નૈતિક સૌમ્યતા જાળવી શકતા હતા.

મહાભારતમાં વિરોધી પરિબળો વચ્ચે કેવી રીતે સંતુલન જાળવી શકાય તે શીખવવામાં આવ્યું છે તો રામાયણમાં આદર્શ જીવન કઈ રીતે વ્યતીત થઈ શકે તે દર્શાવવામાં આવ્યું છે. મહાભારતમાં અધર્મની વ્યાખ્યા કરવી થોડી મુશ્કેલ જણાય, જ્યારે રામાયણમાં તે સ્પષ્ટ છે. મહાભારતમાં બહુમતી દુર્યોધનના પક્ષે હતી જ્યારે રામાયણમાં રાવણના પક્ષી માત્ર તેના સગાસંબંધીઓ જ હતા અને તે પણ ક્યાંક તેની વિચારધારા સાથે સહમત ન હતા. મહાભારતમાં ઉગ્રતાથી ઘણા બધા પ્રસંગો ઘટિત થાય છે, જ્યારે રામાયણ જાણે એક આદર્શ પ્રવાહમાં વહે છે. મહાભારતનો હેતુ ધર્મની સ્થાપના હતો જ્યારે એમ જણાય છે કે રામાયણનો હેતુ આદર્શની સ્થાપનાનો છે. એમ કહેવાય છે કે જે મહાભારતમાં નથી તે સમાજમાં ક્યાંય નથી. સાથે એમ પણ કહી શકાય કે જે આદર્શ રામાયણમાં વ્યક્ત નથી થતો તેને માનવ ઇતિહાસમાં ક્યાંય સ્થાન નથી.

શ્રીરામ નિષ્કલંક છે, નિષ્કપટ છે અને નિર્દોષ છે. શ્રીરામ કર્મનિષ્ઠ છે, કર્તવ્ય-વીર છે અને કાર્ય-પારંગત છે. શ્રીરામ સરળ છે, સુલભ છે અને સ્પષ્ટ છે. શ્રીરામ એક વ્યક્તિત્વ છે, એક મંત્ર-ધ્વનિ છે અને એક ઈશ્વર પણ છે. શ્રીરામ પ્રેરણા છે, પ્રતિબદ્ધતા છે અને પરંપરા છે. શ્રીરામ આદર્શ છે, વાસ્તવિકતા છે અને કલ્પનાની સીમા છે. શ્રીરામ અનુજ છે, અગ્રજ છે અને ઉપસ્થિત છે. શ્રીરામ અધિભૂત છે, અધિદેવ છે અને અધિષ્ઠાન છે. શ્રીરામ પ્રારંભ છે, મધ્ય છે અને અંત છે. શ્રીરામ અત્ર છે, તત્ર છે અને સર્વત્ર છે. શ્રીરામ ગુરુ છે, ઈશ્વર છે અને પરબ્રહ્મ છે. શ્રીરામ જીવ છે, આત્મા છે અને

(જુઓ પાનું ૬) ▸▸

# ઈસ્કોન જુહુ રામનવમી અને બોટ ફેસ્ટિવલ ૧૩મીથી ૧૮મી એપ્રિલ ૨૦૨૪ સુધી ઉજવશે

રામનવમી દર વર્ષે ઉજવવામાં આવે છે જેથી ભારતના લોકો ભગવાન શ્રી રામના આશીર્વાદ મેળવી શકે અને આદર્શ જીવન જીવવા માટે તેમના પગલે ચાલે. ભગવાન રામ આપણને કહે છે કે સમાજમાં શાંતિ અને શાંતિથી ભરેલું જીવન કેવી રીતે જીવવું જોઈએ. રામાયણ આપણને શીખવે છે કે ભગવાન રામના યુગમાં રાજા તેના લોકો સાથે કેવી રીતે વર્તે છે. ભગવાન રામના રાજ્યમાં દરેક વ્યક્તિને પોતાનો કેસ રાજા સમક્ષ રજૂ કરવાનો અધિકાર હતો. ભગવાન રામે આપણને સમાજની ખાતર જરૂર પડે તો સૌથી પ્રિય વ્યક્તિ/વસ્તુનું બલિદાન આપવાનું શીખવ્યું. રાજા દશરથના આદર્શ પુત્ર, માતા સીતાના આદર્શ પતિ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન માટે એક આદર્શ ભાઈ અને લવ અને કુશ માટે ભગવાન રામ આદર્શ પિતા, સમાજમાં તમામ ભૂમિકાઓમાં ઉત્કૃષ્ટ હતા. ભગવાન રામ માનતા હતા કે આદર્શ સમાજમાં હંમેશાં યોગ્ય ન્યાય અને સંવાદિતા હોય છે.

**વર્તન:** ભગવાન રામ આપણને શીખવે છે કે વ્યક્તિએ હંમેશાં શાંત રહેવું જોઈએ અને લોકો સાથે આદર અને સન્માન સાથે વર્તવું જોઈએ. રામ રાજ્યમાં દરેક જણ ખુશ હતા કારણ કે લોકોએ ક્યારેય બીજાની ટીકા કરી ન હતી અને હંમેશાં શાંતિ અને સુમેળમાં રહેતા હતા.

**પવિત્ર આત્મા:** ભગવાન રામ એટલા દયાળુ હતા કે તેમણે રાવણને શરણાગતિ સ્વીકારવા અને સન્માન સાથે સીતા



માતાજીને પરત કરવાની છેલ્લી તક પણ આપી. તેમણે લક્ષ્મણને પણ રાવણને શાંતિથી શરણાગતિ સ્વીકારવા મોકલ્યા હતા.

**એક આદર્શ ભાઈ અને પુત્ર:** જેમ ભાઈ ભરતે ભગવાન રામને અયોધ્યાનું સિંહાસન પાછું લેવા વિનંતી કરી, ભગવાન રામે સિંહાસન સ્વીકાર્યું નહીં અને તેમના ભાઈને કહ્યું કે તેણે તેના પિતા રાજા દશરથની આજ્ઞાનું પાલન કરવું પડશે અને ૧૪ વર્ષનો વનવાસ સ્વીકાર્યો.

**એક આદર્શ પતિ:** ભગવાન રામ તેમની પત્ની માતા સીતાના સન્માન માટે રાવણ સાથે ભીષણ યુદ્ધ લડ્યા હતા.

રામનવમી હિંદુ કેલેન્ડર મુજબ ચૈત્ર મહિનાની ૯મી તારીખે ઉજવવામાં આવે છે. ઇસ્કોન જુહુના પ્રમુખ H.G. બ્રિજ હરિ દાસ અને ઇસ્કોન રામનવમી જુહુ સમિતિના અધ્યક્ષ, એલજી.નરહરી દાસના જણાવ્યા અનુસાર, ઇસ્કોન જુહુ ભગવાન રામના જન્મની ખૂબ જ ભક્તિ અને ઉત્સાહ સાથે ઉજવણી કરે છે. ભક્તો બપોર સુધી ઉપવાસ રાખે છે અને ભગવાન રામની પ્રાર્થના કરે છે. H.G. દેવકીનંદન દાસ દ્વારા મંડપમ હોલ ખાતે ૧૩ થી ૧૭ એપ્રિલ ૨૦૨૪ સુધી સાંજે ૭.૩૦ થી. H.G. દેવકીનંદન દાસ, આધ્યાત્મિક નેતા ભગવાન રામ કથાનો ઉપદેશ અને વર્ણન કરીને લોકોને ભગવાન રામના મહાન ઇતિહાસ વિશે જ્ઞાન આપશે.

ઇસ્કોન જુહુના વાઇસ પ્રેસિડેન્ટ H.G. ડો. મુકુંદ માધવ દાસે જણાવ્યું હતું કે ૧૭મી એપ્રિલ ૨૦૨૪ એ ભગવાન રામનો જન્મ દિવસ હોઈ, રામનવમી, ઇસ્કોન જુહુ મુંબઈમાં ભવ્ય રીતે ઉજવવામાં આવશે, જેમાં મંદિરના તમામ મુલાકાતીઓને પ્રસાદમ્ આપવામાં આવશે. સવારે ૧૧.૦૦ કલાકે મહાઅભિષેક થશે. દાતાઓ માટે કલશ અભિષેક સાંજે ૬ વાગ્યે શરૂ થશે. સમગ્ર મુંબઈ ભગવાન રામના જન્મની ઉજવણી કરે છે જેમાં જુહુના હરે રામા હરે કૃષ્ણ મંદિરમાં બોલીવૂડ સેલિબ્રિટીઓ, કોર્પોરેટ બિગવિગ્સ, ઉદ્યોગપતિઓ અને સામાજિક હસ્તીઓ આવે છે અને ભગવાન રામને પ્રાર્થના કરે છે.

**બોટ ફેસ્ટિવલ:** બોટ ફેસ્ટિવલ મંદિરના પ્રાંગણમાં ૧૮-૪-૨૪ના સાંજે ૭.૩૦ થી ૯ ક. સુધી ઉજવવામાં આવશે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

મનન

હેમુ-ભીખુ
feedback@bombaysamachar.com

# ધર્મનો મૂળ અર્થ સમજવાની જરૂર



શું કરવું અને શું ન કરવું એ પ્રશ્ન કાયમી છે. એક પરિસ્થિતિમાં એક કાર્ય યોગ્ય લાગે તો પરિસ્થિતિ બદલાતા તે જ કાર્ય વિશે શંકા પણ થાય. કાર્ય ધર્મ આધારિત હોવું જોઈએ, પણ ધર્મની વ્યાખ્યા કરવી પણ જરૂરી છે. જ્યારે ગીતામાં કહેવામાં આવે કે સ્વધર્મે નિધનં શ્રેય ત્યારે ધર્મની વ્યાખ્યા લગભગ નક્કી થઈ જાય છે. ધર્મ એટલે એવી ઘટના કે જેની સાથે ઉત્તરદાયિત્વ જોડાયેલું હોય. ધર્મ એટલે ઉચ્ચકક્ષાની નૈતિકતાને આધારે કરાયેલું કાર્ય. ધર્મ એટલે કોઈપણ પ્રકારની અપેક્ષા વગર, કોઈપણ પ્રકારની તરફેણ વગર સત્યને સાક્ષી રાખી કરાયેલને કાર્ય. ગીતામાં ભગવાન અર્જુનને વાત કહે કે ''નિયતં કુરુ કર્મ ત્વમ્'' - ''તું તારું નિયત થયેલું કર્મ કર, કેમ કે, કર્મ ન કરવા કરતાં કર્મ કરવું વિશેષ છે.'' નિયત થયેલ કર્મ કરવું એટલે જ ધર્મનું પાલન.

નિયત-કર્મ ત્રણ બાબતોને આધારિત હોય છે. મા-બાપની સેવા જેવા કેટલાક નિયત-કર્મ જન્મની સાથે નિર્ધારિત થઈ જાય છે. આપણી હાજરીમાં, રસ્તે કોઈને અકસ્માત થયો હોય તો તેમને હોસ્પિટલ સુધી પહોંચાડવાનું નિયત-કર્મ સંજોગો દ્વારા સ્થાપિત થાય છે - કેટલીક પરિસ્થિતિ નક્કી કરે કે કયા કર્મ નિર્ધારિત થયેલ છે. કેટલાક નિયત-કર્મ સિદ્ધાંત કે વિચારધારાને આધારિત હોઈ શકે. આ ત્રણેય પરિસ્થિતિમાં માત્ર કર્મ કરવું જરૂરી નથી પણ તે કર્મ નિર્લેપતાથી કરવું જરૂરી છે.

નિયત-કર્મ માટે લગાવ ન હોવો જોઈએ. નિયત-કર્મ એ એક પ્રકારે ઉત્તરદાયિત્વ છે. આ કર્મ, અકર્મતાના ભાવથી થવું જરૂરી છે. સાથે સાથે કર્મ નિર્દોષ તેમજ સત્ય આધારિત હોવું જરૂરી છે. કોઈ વિશેષ સંજોગોમાં આ પ્રકારના માળખામાંથી બહાર જવાની જરૂરિયાત જણાય ત્યારે થયેલા નુકસાનની ભરપાઈ કરી આપવાની તૈયારી હોવી જોઈએ.

કોઈપણ કર્મ હંમેશાં ફળની આશાનો ત્યાગ કરીને કરાવવું જોઈએ. પણ જ્યારે નિયત કર્મ કરવાનું હોય ત્યારે પરિણામ-લક્ષી હોવું ઇચ્છનીય છે. મા-બાપની સેવા કરવાથી મા-બાપને સારું લાગે તેવી ઈચ્છા રાખવી વ્યાજબી છે. કુટુંબનું ભરણપોષણ કરવું તે નિયત-કર્મ છે. તેની માટે પરિશ્રમ કરવો જરૂરી છે અને તે પરિશ્રમના પરિણામે કશુંક પ્રાપ્ત થાય તેવી ઈચ્છા રાખવી સહજ છે - તો જ કુટુંબનું ભરણપોષણ શક્ય બને. એમ જણાય કે આવા સંજોગોમાં નિયત-કર્મ સાથે અપેક્ષાઓ જોડાયેલી હોય છે, પણ આમ નથી. વિશેષ સંજોગોમાં નિયત-કર્મ પાસેથી પરિણામની અપેક્ષા રાખવી એ પણ નિયત-કર્મના એક ભાગ સમાન જ હોય છે. અહીં પરિસ્થિતિ સમગ્રતામાં જોવાની હોય. જ્યારે કોઈ ઘાયલ વ્યક્તિને હોસ્પિટલ લઈ જવામાં આવે ત્યારે એવી અપેક્ષા રાખવી સ્વાભાવિક છે કે તે વ્યક્તિ સાજો થઈ જાય. આ પ્રકારની અપેક્ષા વ્યક્તિગત ન હોવાથી - તેની સાથે વ્યક્તિગત લગાવ ન હોવાથી સ્વીકાર્ય છે.

પુરુષાર્થ કરવો એ નિયત-કર્મ છે. પુરુષાર્થ વગર શરીરનો વ્યવહાર તો નથી જ ટકતો પણ સાથે સાથે સામાજિક માળખું પણ વેરવિખેર થઈ જાય. માનવ તરીકે જન્મ લીધા પછી જ્ઞાન કે ભક્તિના સહારે મોક્ષ તરફ પ્રયાણ કરવું તે પણ નિયત-કર્મ છે. સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતા નિભાવતા વ્યક્તિગત ઉન્નતિ માટે પણ કાર્યરત રહેવું જરૂરી છે. વ્યક્તિનું ઉત્તરદાયિત્વ માત્ર અન્ય પ્રત્યે નથી, સ્વયં પ્રત્યે પણ છે. સ્વયમ્ યોગ્ય માર્ગે આગળ વધી શકે તે માટે માનસિક, શારીરિક, આધ્યાત્મિક તેમજ સામાજિક તંદુરસ્તી જળવાયેલી હોવી જોઈએ - આ પણ એક પ્રકારનું ઉત્તરદાયિત્વ છે. નિયત થયેલ કર્મનો વ્યાપ વિશાળ છે અને દરેક પાસા પર સંમિલિત થવાની જરૂર છે. છતાં પણ જો કોઈ એક પાસા પર ધ્યાન કેન્દ્રિત હોય તો, એમ જણાય છે કે, અન્ય પાસા પણ આપમેળે ગોઠવાતા જાય.

પ્રકૃતિનું દરેક તત્ત્વ પોતાનું નિયત થયેલ કર્મ નિભાવે છે. અગ્નિ દાહ આપે છે તો જળ શીતળતા બક્ષે છે. વૃક્ષ ફળ આપે છે તો ધરતી આધાર આપે છે. ઋતુઓ પોતાના ચક્ર પ્રમાણે પરિવર્તનશીલ રહે છે તો રાત પછી દિવસ જીવનમાં પ્રવેશવા તૈયાર જ હોય છે. લીંબુએ ખટાશ આપવાની હોય છે જ્યારે મધ મીઠાશ આપવા માટે સર્જાયું છે. સૃષ્ટિનું દરેક તત્ત્વ તેના ગુણધર્મને આધારિત પોતપોતાના કાર્ય કરે છે. એમાં નથી કોઈ અપેક્ષા કે નથી કોઈ અપવાદ. મૃત્યુ પોતાનું કામ કરે અને જન્મ નિયત કર્મ માટે કાર્યરત થવાનું કારણ બને.

ક્યાંક નિયત-કર્મ શૃંખલાના ભાગ સમાન હોય છે. વૃક્ષનું કાર્ય છે કે બીજનું સર્જન થાય અને બીજનું કાર્ય છે કે વૃક્ષ અસ્તિત્વમાં આવે. આ શૃંખલા આમ જ ચાલ્યા કરે. સૃષ્ટિમાં ઘણા નિયત-કર્મો પરસ્પર આધારિત રહે છે. આ ચક્રમાં એક સ્થાને ખલેલ પહોંચે તો અન્ય તત્ત્વો એ ખલેલને સરભર કરવા સમર્થ હોય છે જ, પણ ક્યાંક થોડા સમયગાળા માટે વિચલિત પરિસ્થિતિ ઊભી થઈ શકે. નિયત-કર્મોનો સમૂહ, સૃષ્ટિની કેટલીક બાબતો માટે આધાર સમાન છે.

જીવનનો ધ્યેય અને જીવનનો અર્થ સમજી લેવાથી નિયત-કર્મની સમજ બંધાય. જીવનનો ધ્યેય જીવનથી મુક્તિનો હોવો જોઈએ. આ જન્મમાં જ બધા જ સમીકરણો પૂરા થઈ જવા જોઈએ. એ ત્યારે જ થઈ શકે જ્યારે લખાઈને આવેલા ઋણાનુબંધથી મુક્તિ મળે. આ માટે નિયત કર્મ જરૂરી છે. જીવનનો અર્થ નક્કી કરેલા, અનુસરવા યોગ્ય સિદ્ધાંતથી સ્થાપિત થાય. આમાં ક્યારેય સ્વાર્થ ન હોવો જોઈએ કે ન હોવો જોઈએ પક્ષપાત. તટસ્થતા, નિર્દોષતા તથા સાક્ષી ભાવે સિદ્ધાંત પ્રમાણે કાર્યરત થવું એટલે જીવનનો અર્થ સાધવાનો પ્રયત્ન કરવો. નિયત થયેલ કર્મ કરવાથી બંધન લાગતું નથી. નિયત-કર્મ નિર્દોષ છે. નિયત-કર્મ ધર્મ અને સત્યને આધારિત હોય છે. નિયત-કર્મ એ વિધાતાની ઈચ્છાને આધીન બાબત છે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# શારડી માફક સોંસરવી ઊતરની સંતવાણી

હરિજન સંતોમાં મને પીઠો ભગત ભારે મહત્ત્વના લાગ્યા છે. વંથલી જૂનાગઢની નજીકનું ભારે પ્રાચીન સ્થાન છે. ગિરનારની ગોદમાંના આ ગામે વિ.સં.૧૮૮૬માં પીઠાનો જન્મ વણકર જ્ઞાતિમાં થયેલો. નાનપણમાં માતા-પિતાનું નિધન થતાં રઝળપાટમાં જિંદગી ગુજારતા. શુકનાવળી અને સ્વપ્નફળકથન શીખેલા. એ સમયના બહારવટિયા જમિયતશાનો એમને ભેટો થયેલો. જમિયતશાને પીઠો ભારે પસંદ પડી ગયેલો. એને આશ્રય આપ્યો અને પીઠાને હંમેશાં સાથે રાખતા. એક વખત કોઈ બાળકદાસ નામે સાધુ મળી ગયા. પીઠાને સમજાવ્યું કે પાપી પેટને ખાતર કોઈના વેરને તું શા માટે માથે લઈને અન્યને રંજાડીને પાપકર્મ બાંધે છે ? તારો જન્મ સુધારવા માટે પરમતત્ત્વની ઉપાસના કરને. સાચી શૂરવીતા અન્યને રંજાડવામાં નથી પણ અન્યને અને આપને તારવામાં છે. એ અઘરું પણ છે. પીઠાને ચોટ લાગી ગઈ. પીઠો બહારવટિયો મટીને પીઠો ભગત બની ગયો. પીઠાનાં લગ્ન ખજૂરા ગામમાં થયેલાં. વણકર-વણાટીનો વ્યવસાય શરૂ કર્યો. પાંચ દીકરા થયેલા. પોતે ગિરનારની ૧૮ વખત પરકમ્મા કરેલી અને એ પરકમ્મા દરમ્યાન માટી મેળવીને એમાંથી ગણેશની પ્રતિમા બનાવીને માત્ર એની જ ઉપાસના કરેલી. આજીવન અન્નક્ષેત્ર ચલાવેલું. વંથલીના ભરડિયા કાંઠે સાધના કરતા હતા. વિ.સં.૧૯૪૫માં સમાધિ લીધેલી. એનું સમાધિસ્થાન આજે પણ વંથલીમાં છે. ત્યાં ભારે મોટો વડ પણ ઊગેલો છે.

પીઠો ભગત ભૂખ્યાને ભોજન કરાવતા અને હરિભજનમાં રત રહેતા. ગૃહાસ્થાશ્રમધર્મ બજાવતા. યોગસાધનામાંથી પછી શબ્દસાધના તરફ વળેલા. એમણે રચેલાં બાર-તેર ભજનો પરંપરામાં આજે પણ જીવંત છે. એક વખત શિવરાત્રિના મેળામાં ભાંગતી રાતે કોઈ રાવટીમાં એક કંથાધારી કાપડીએ મંજીરાના રણકારે ગાયેલું ભજન ભીતરમાં કોરાઈ ગયું છે. આજે પણ એનો રવ ગુંજે છે. એ ભજનને આસ્વાદીએ-


*આ ભજનની વાતું બહુ ઝીણિયું,*
*ભાઈ ભજનની વાતુ બહુ ઝીણિયું*
*જીરે સંતો મારા આ વાતું છે ઝીણિયું,*
*ગોત્યું એણે વીણિયું,*
*ચોત્યું એણે વીણિયું રે સંતો,*
*ઈ વાતું છે ઝીણિયું, ભાઈ ઝીણિયું.*
*આ ભજનની...૧*

*લોઢા મંગાવો ને કુહાડા બનાવો,*
*ખબરુ કઢાવો એનિયું,*
*મોટા કુવાડા કાંચ નો કાપે,*
*લોઢા કાપે સીણિયું, ભાઈ સીણિયું.*
*આ ભજનની...૨*

*ખાંડ કાંકરી ધૂળમાં વેરાણી,*
*ગોત્યું એણે વીણિયું,*
*હાથી હતો એ હાલ્યો ગયો ને,*
*ખાંડ ખાઈ ગઈ કીડિયું, ભાઈ કીડિયું.*
*આ ભજનની...૩*

*કડી કાકડી બાજવા લાગી,*
*વચમાં સૂતર પૂણિયું,*
*તેમાંથી એક રજમો ઊડયો,*
*જુગમાં જ્યોતું જગિયું, ભાઈ જગિયું.*
*આ ભજનની...૪*

*સોના ભારોભાર તોળાય ચણોઠી,*
*ધન કમાયું ધીકિયું,*
*બાળક પ્રતાપે બોલ્યા પીઠો,*
*સ્વર્ગે નથી સીડિયું, ભાઈ સીડિયું.*
*આ ભજનની...૫*



પીઠો ભગત કહે છે કે આ ભજનની વાતો બહુ સૂક્ષ્મ છે. ખરેખર સૂક્ષ્મ છે. જે શોધે છે એ વીણી શકે છે, મેળવી શકે છે. આમ, ભજનના સૂક્ષ્મ ભાવ તરફ એણે અંગુલિનિર્દેશ કર્યો છે.

લોઢા જેવો નક્કર પદાર્થ મગાવીને એના કુહાડા બનાવીને એની ખબર લેવાની છે. પણ આ લોઢામાંથી બનેલા મોટા કુહાડા કશું કરી શકતા નથી. લોઢાને તો લોખંડમાંથી બનેલી સીણી જ કાપી શકતી હોય છે. ભારે માર્મિક મુદ્દો અહીં પીઠાએ પ્રસ્તુત કર્યો છે.

ખાંડ ધૂળમાં વેરાણી છે એને એકત્ર કરવી કપરી છે. હાથી હતો મહાશક્તિશાળી હતો પણ એ તો ચાલ્યો ગયો. ખરા અર્થમાં એને વીણવામાં તો સમર્થ બની શકી છે કીડીઓ. જે સૂક્ષ્મ બને છે એ સૂક્ષ્મને શોધી શકવા સમર્થ બને છે એવું પીઠાને ઉદ્દિષ્ટ છે.

વ્યવસાયે પોતે વણકર હતા એટલે એના વ્યવસાયની પરિભાષા ભજનમાં પ્રયોજાય એ સ્વાભાવિક છે. પીઠો કહે છે કે કડી અને કાકડી બાજવા-ઝઘડવામાં રત છે. કશું મેળવી શકતી નથી. વચમાં સૂતરની પૂણીઓ હોય છે. એમાંથી વણેલા સૂતરમાંથી ઊડેલી રજમાંથી બનાવેલી વાટમાંથી જ્યોત બને છે અને એ જગેલી-પ્રગટેલી જ્યોત તેજ પાથરવા સક્ષમ બને છે.

સોનાની ભારોભાર ચણોઠીને તોળો અને ધીકતી કમાણી કરો પણ બાળકદાસ ગુરુને પ્રતાપે પીઠો કહે છે કે સ્વર્ગે જવા માટેની નીસરણીઓ સીડીઓ નથી હોતી. પીઠા ભગતે અહીં ભજનમાં ભારે સૂક્ષ્મ ભાવના તાણાવાણા, ગૂંથીને તેને સ્પષ્ટ પણ કર્યા છે. જે કંઈ ઉદાહરણો આપ્યાં છે એ પણ સમકાલીન અને તત્કાલીન પરિસ્થિતિમાંથી પ્રગટેલાં છે.

ભજનની વાતું બહુ ઝીણિયું કે ભજન વિના મારી ભૂખ ન ભાંગે અથવા તો વાગે ભડાકા ભારી ભજનના એ પંક્તિઓ માત્ર પંક્તિ નથી. ભજન ગાતાં ગાતાં, ભજનમાર્ગે જ ભક્તને અવશ્ય ભગવાનનો ભેટો થાય. એ શ્રદ્ધાના બળે ભજનો ભાવકવર્ગમાં સતત રચતા રહ્યા.

ભજન સેતુ છે ભગવાન સુધી પહોંચવા માટેનો. વૈખરી વાણીનું સ્થાન મુખ છે, મધ્યમાં વાણીનું સ્થાન કંઠ છે, પશ્યન્તી વાણીનું સ્થાન હૃદયે અને પરા વાણીનું સ્થાનક નાભિ છે.

મહિમા નાભિનો છે. વિષ્ણુ ભગવાનની નાભિમાંથી પ્રગટેલા કમળમાંથી બ્રહ્મા પ્રગટયા અને આ બ્રહ્માનાં ચાર મુખે ચાર વેદ ફૂટયા. વાણીનું મૂળ મહત્ત્વનું સ્થાન નાભિકમલ છે. નાભિ દ્વારા પોષાઈને જે પિંડ રચાયો છે, ત્યાંથી પ્રગટતી વાણી કેમ મહત્ત્વની ન હોય ? અંતકાળે નાભિશ્વાસ આરંભાય છે.

ભજનનો નાભિશ્વાસ ક્યારેય નહીં આવે, કારણ કે ભજન હંમેશાં નાભિકમળમાં મન-વાણીનો મેળાપ કરાવીને પ્રાણતત્ત્વનો પોકાર પ્રગટાવતું હોય છે. એ પોકાર અહીં ભારે માર્મિક રીતે પ્રગટયો છે.

મૂળે તો પીઠાને કહેવું છે કે ગમે તેવો ધારદાર કુહાડો લોઢાને કાપી શક્તો નથી. હાથી ધૂળમાંની ખાંડ વીણી શક્તો નથી એમ તાકાત-શક્તિથી કશું નથી થતું. સાચી શક્તિ તો સાધનાની છે, સૂક્ષ્મતાની છે સીણી નાની છે, કીડી નાની છે, પણ એ ઈચ્છિત પ્રાપ્તિમાં સમર્થ બને છે. આવી ઝીણી સૂક્ષ્મ વાતને ભજન દ્વારા ભાવકો સમક્ષ મૂકીને સમાજને સૂક્ષ્મ બનવા તરફ વાળવા મથતો પીઠો ભગત ભારે મરમી ભજનિક જણાય છે. પોતે મરમી છે એટલે અર્થપૂર્ણ, મર્મપૂર્ણ અને તર્કપૂર્ણ વાણી વહાવી શકે છે. એની પ્રાસયોજનામાંથી તળપદી બોલી પ્રગટે છે પણ એ દુર્બોધ નથી. સરળ સાદગીભર્યું ભરતગૂંથણ કરીને ભારે કલાત્મક રીતે અને સાથે સાથે તીણું શારકામ કરીને જે રીતે શારડી સોંસરવી ઊતરી જતી હોય છે એમ શારડીની માફક આપણાં હૃદયમાં સોંસરવી ઊતરી જાગ છે આ સંતવાણી. હાથવગાં અને પાછાં ચિરપરિચિત ઉદાહરણો દ્રષ્ટાંતોના માધ્યમથી પીઠો જે કહેવાનું છે તે કહી શકવા સફળ રહ્યો છે. એમાંથી એમની કથનકળાકૌશલ્ય શક્તિનો પણ પરિચય મળી રહે છે. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# દૈત્ય શક્તિ ચરમસીમા પર પહોંચશે ત્યારે દેવરક્ષક, માનવરક્ષક અને ધર્મરક્ષક તરીકે હું મારી ફરજ જરૂર પૂર્ણ કરીશ



(ગતાંકથી ચાલુ)

અસુરમાતા દિતિ અંધકની અસુરીવૃત્તિ જોવા તેમના મહેલ પર પધારે છે. માતા દિતિ અંધકને જોઈ પ્રસન્નતા અનુભવે છે અને કહે છે, 'પુત્ર હિરણ્યાક્ષ તમે અસુર માતાના પુત્ર છો તમે પિતાના માર્ગે ચાલીને મારી મહેચ્છાને પૂર્ણ વિરામ મૂકી દીધો છે. હું ચાહું છું કે હવે અંધરને નગરની જવાબદારી આપીને દેવગણો પર આક્રમણ કરો, સ્વર્ગલોક જીતી પૃથ્વીને પાતાળલોકમાં લઈ જાવ, જેથી દરેક પૃથ્વીવાસીઓ તમારા દાસ બની જાય.' માતાની આજ્ઞા લઈ હિરણ્યાક્ષ સમસ્ત સંસારના અસુરોને જમા કરી સ્વર્ગલોક પર આક્રમણ કરે છે. અસુરોની સંખ્યાથી ગભરાઈને દેવરાજ ઇન્દ્ર સહિત દેવગણો સ્વર્ગથી પલાયન કરે છે. સ્વર્ગલોક પર વિજય મળતા હિરણ્યાક્ષ અને અસુરોનું મનોબળ ખૂબ ઊંચું થઈ જતાં પૃથ્વીલોક પર ઋષિ-મુનિઓ પર આક્રમણ કરી તેમને રંજાડે છે. હિરણ્યાક્ષ પોતાને મહાકાયરૂપમાં પરિવર્તિત કરી પૃથ્વીને પાતાળમાં લઈ જવાની કોશિશ કરે છે પણ પૃથ્વી નીચે જતી નથી. હિરણ્યાક્ષને અસુરગુરુ શુક્રાચાર્ય સમજાવે છે કે જ્યાં સુધી કૈલાસ પર્વત પૃથ્વી પર છે ત્યાં સુધી પૃથ્વીને પાતાળલોક લઈ જવાશે નહીં. હિરણ્યાક્ષ કૈલાસ પર્વતને પોતાના હાથે સ્થિર રાખી પૃથ્વીને નીચેની તરફ ધકેલે છે. એમાં તેને સફળતા મળતાં કૈલાસ સ્થિર રહે છે અને તે પૃથ્વીને પાતાળલોક લઈ જવામાં સફળ થાય છે. સમસ્ત દેવતાગણ ભગવાન વિષ્ણુની આરાધના કરે છે. ભગવાન વિષ્ણુ તુરંત પરાક્રમી યજ્ઞમય વિકરાળ વારાહમય શરીર ધારણ કરી પાતાળ લોકમાં પહોંચે છે. હિરણ્યાક્ષ ભગવાન વિષ્ણુ પર આક્રમણ કરે છે. ભગવાન શ્રીહરિ વિષ્ણુ કરોડો સૂર્યો સમાન પ્રકાશમાન સુદર્શન ચક્રથી હિરણ્યાક્ષના પ્રજ્વલિત મસ્તકને કાપી લે છે અને ત્યાં રહેલા કરોડો અસુરોને સળગાવીને ભસ્મ કરે દે છે. વરાહરૂપી લાંબા મુખવાળા ભગવાન શ્રીહરિ વિષ્ણુ પોતાના બે દાંત વચ્ચે પૃથ્વીને ઊંચકીને બહાર લાવે છે અને ફરી એની જગ્યાએ પ્રસ્થાપિત કરે છે. હિરણ્યાક્ષના માર્યા જવાથી હિરણ્યકશ્યપુ ક્રોધથી રાતો-પીળો થઈ જાય છે અને ભગવાન શ્રીહરિ વિષ્ણુને પોતાનો શત્રુ માનતા અસુરોને આદેશ આપે છે કે ભગવાન વિષ્ણુને આરાધ્ય માનનારી પ્રજા અને ઋષિ મુનિઓને પ્રતાડિત કરવામાં આવે. સંહારપ્રિય અસુરો સ્વામીની આજ્ઞાને માથે ચઢાવી ઋષિ અને માનવોનો વિનાશ કરવા લાગ્યા. બીજી બાજુ હિરણ્યકશ્યપુએ વિચાર કર્યો કે 'હું અજય, અજર અને અમર થઈ જાઉં, મારું જ એકછત્ર રાજ રહે અને મારો પ્રતિદ્વંદ્વી કોઈ જ ન રહે' એમ વિચારી મંદરાચલ પર્વત પર તપસ્યા કરવા ગયો. ત્યાં એક ગુફામાં બ્રહ્માજીની અત્યંત ઘોર તપસ્યા કરવા લાગ્યો.

***

હિરણ્યકશ્યપુ મંદરચાલ પર્વતની ગુફામાં ઘોર તપસ્યા કરવા લાગ્યો, હજારો વર્ષ વિતી ગયા, તેની આરાધના વધુ ને વધુ ઉગ્ર બની રહી હતી. એ સમયે એ એક પગના અંગૂઠા ઉપર ઊભો હતો એની ભૂજાઓ ઉપર ઉઠેલી હતી. એની આરાધનાનો સ્વર સ્વર્ગલોક સુધી પહોંચવા માંડ્યો હતો, એક બાજુ હિરણ્યકશ્યપુ ઘોર તપસ્યા કરતો હતો તો બીજી તરફ તેના અસુરો પૃથ્વીલોક પર ભગવાન વિષ્ણુના આરાધકોની હત્યા કરવા લાગ્યા. સ્વર્ગલોકમાં દેવરાજ ઇન્દ્ર સહિત અન્ય દેવગણો પણ ભયભીત થવા માંડયા, એક પછી એક અસુર ભગવાન વિષ્ણુ અથવા બ્રહ્માજીની આરાધના કરી વરદાન મેળવતા હતા અને વરદાન મળતાં જ એ અસુર સ્વર્ગલોક પર આક્રમણ કરતાં હોવાથી દેવગણોએ હવે શું કરવું તે સમજ પડતી નહોતી, દેવરાજ ઇન્દ્ર અને દેવગણો મંદરાચલના પર્વત પર પહોંચી હિરણ્યકશ્યપુની આરાધના કેમ અટકાવવી તેનો વિચાર કરી રહ્યા હતા. દેવરાજ ઇન્દ્ર વજ્રનો ઘાત કરે છે, પણ વજ્ર હિરણ્યકશ્યપુ પાસે જઈ પરત આવે છે, અગ્નિદેવ અગ્નિના ગોળા છોડે છે પણ હિરણ્યકશ્યપુની આરાધના તૂટતી નથી. દેવતાઓના આક્રમણથી એ વધુને વધુ આક્રમણ રીતે તપસ્યા કરવા લાગ્યો. અંતે થાકી હારી દેવગણો મંદરાચલથી ચાલ્યા જાય છે.

હિરણ્યકશ્યપુ બ્રહ્માજીની આરાધના કરતો હોવાથી સમગ્ર દેવગણ બ્રહ્માજી પાસે પહોંચે છે.

દેવરાજ ઇન્દ્રઃ 'માતા સરસ્વતી અને બ્રહ્મદેવની જય હો.'

માતા સરસ્વતીઃ 'દેવરાજ ઇન્દ્ર અને દેવગણો સહિત અહીં કેમ પધાર્યા છો એ બ્રહ્મદેવને જાણ છે, પણ તેઓ કોઈ સહાય તમને નહીં કરી શકે.'

બ્રહ્માજીઃ 'દેવરાજ, તમારી માતા સાચું કહે છે, હું તમારી કોઈ મદદ નહીં કરી શકું. આરાધના કોણ કરે છે એનાથી આરાધ્યને મતલબ હોતો નથી, આરાધના કરતા આરાધકને આરાધ્યએ મનવાંછિત વરદાન આપવું જ પડે છે, વરદાન એ તેમનું ફળ છે. હવે નજીકના ભવિષ્યમાં જ મારે હિરણ્યકશ્યપુને વરદાન આપવું પડશે, હું વરદાન આપતા ધ્યાન રાખીશ કે દેવગણોનું ઓછું અહિત થાય, તમારે ભગવાન શ્રીહરિ વિષ્ણુની શરણમાં જવું જોઈએ.'

એ જ સમયે હિરણ્યકશ્યપુની આરાધનાનો સ્વર બ્રહ્મલોક સુધી પહોંચવા માંડે છે અને ગભરાયેલા દેવગણો ત્યાંથી વિદાય લે છે અને વિષ્ણુલોક તરફ પ્રયાણ કરે છે .

માતા પાર્વતીઃ 'બ્રહ્મદેવ, મને દેવગણોની ચિંતા થાય છે.'

બ્રહ્માજીઃ 'દેવી, સમય થઈ ગયો છે હું મંદરાચલ જઈ રહ્યો છું, હિરણ્યકશ્યપુને વરદાન આપવું જ પડશે.'

***

દેવરાજ ઈન્દ્ર, દેવર્ષિ નારદ અને દેવગણ વૈકુંઠલોક પહોંચે છે

દેવરાજ ઇન્દ્રઃ 'ભગવાન શ્રીહરિ વિષ્ણુનો જય હો, માતા લક્ષ્મીનો જય હો. ભગવંત મંદરાચલ પર હિરણ્યકશ્યપુ ઉગ્ર તપસ્યા કરી રહ્યો છે અને એનો સ્વર ત્રણે લોક સુધી પહોંચી રહ્યો છે, ભગવંત બ્રહ્મદેવને વરદાન આપતાં આપ જ રોકી શકો છો.'

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'દેવરાજ હું પણ બ્રહ્મદેવને વરદાન આપતા નહીં રોકી શકું, વિધાતાએ જે લખ્યું છે એ થવાનું જ છે, સૃષ્ટિકર્તા બ્રહ્માજીએ વિધિના વિધાનમાં દેવતા અને દાનવોમાં સંઘર્ષ લખી જ દીધો છે, એટલે તમારે દેત્યો સાથે સંઘર્ષ માટે સદાય તત્પર જ રહેવું પડશે.'

દેવરાજ ઇન્દ્રઃ 'પ્રભુ દેવગણો પર તમારી કૃપા હોવા છતાં પણ આ પિડા કેમ?'

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'વિધિના લેખ હું પણ બદલી નહીં શકું, પણ એટલું જરૂર કહીશ કે દૈત્યશક્તિ ચરમસીમા પર પહોંચશે ત્યારે દેવરક્ષક, માનવરક્ષક અને ધર્મરક્ષક તરીકે હું મારી ફરજ જરૂર પૂર્ણ કરીશ, પણ તમારે એ ધ્યાન રાખવું પડશે કે દૈત્યશક્તિ ચરમસીમાએ પહોંચે તે દરમિયાન તમારે ધૈર્યપૂર્ણ સંકટોનો સામનો કરી ધર્મનું આચરણ કરવું જોઈએ અન્યથા તમારો પક્ષ નબળો પડશે અને હું તમારી કોઈ મદદ નહીં કરી શકું.'

દેવર્ષિ નારદઃ 'દેવરાજ હું પણ તમને એટલું જ કહીશ કે, શ્રીહરિ વિષ્ણુની ચેતવણીને ન અવગણતાં કાયરતા, કપટ અને ક્રૂરતાથી દૂર રહેશો તો તમારું કલ્યાણ નિશ્ચિત છે અને ભગવાન શ્રીહરિ વિષ્ણુ યોગ્ય સમયે તમને અવશ્ય સહાય કરશે.'

***

બ્રહ્માજી મંદરાચલ પર્વત પહોંચે છે.

બ્રહ્માજીઃ 'આંખ ખોલો હિરણ્યકશ્યપુ અને માગો વરદાન.'

હિરણ્યકશ્યપુઃ 'પરમપિતા, મને મારી આંખો પર વિશ્વાસ થતો નથી, શું ખરેખર તમે વરદાન આપશો? કે હંમેશાં થઈ રહી છે તેવી છેતરપિંડી કરશો.'

બ્રહ્માજીઃ 'નહીં હિરણ્યકશ્યપુ, હું તમને વરદાન આપવા માટે જ આવ્યો છું.'

હિરણ્યકશ્યપુઃ 'પરમપિતા હું અજય, અજર અને અમર થઈ જાઉં, મારું જ એકછત્ર રાજ રહે અને મારો પ્રતિદ્વંદ્વી કોઈ જ ન રહે, તેવું વરદાન આપો.' (ક્રમશ) ■

## સારંગપ્રીત (નવમા પાનાનું ચાલુ)

વિકાર એટલે કે શારીરિક પરિવર્તન તથા માનસિક ખરાબીથી ગ્રસિત જોવા મળે છે. આજે બાળક રૂપે જન્મેલ મનુષ્ય સમય જતાં યુવાન, વૃદ્ધ થઈને મૃત્યુ પામે છે. આ શારીરિક વિકાર છે. સાથે સાથે મનુષ્યનું મન પણ કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે જેવા અવગુણોથી ગ્રસિત થઇને વિકાર પામે છે. જ્યારે ભગવાન મનુષ્ય દેહે કરીને આ ધરતી પર આવે છે ત્યારે તે ઓળખાતા નથી. કારણકે તેઓ માનવ દેહની સર્વ મર્યાદાઓને સ્વીકારીને વર્તે છે. ભૂખ, તરસ, ભય, કામ, મોહ વગેરે જેવા ભાવો પણ દર્શાવે છે. ભગવાન મનુષ્યની જેમ જ જન્મ, બાળ, યુવા, વૃદ્ધ અને મૃત્યુ જેવી શરીરની અવસ્થાને સ્વીકારે છે. આ જોઈને સામાન્ય મનુષ્ય ભગવાને પોતાના જેવા જ સમજવાની ભૂલ કરી બેસે છે. પણ જે ભગવાનનો ભક્ત છે તેની સમજ છે કે ભગવાનમાં આજે પરિવર્તન જણાય છે તે તેની યોગશક્તિએ કરીને છે. તે લીલા છે, પણ વાસ્તવમાં તો ભગવાન જેવા છે તેવા જ રહે છે. આમ જે સાચો ભક્ત છે તેને ભગવાનમાં કોઈ વિકાર કે ખામી જણાતી નથી.

સામાન્ય રીતે નાના બાળક સાથે તેની માતા બાળક જેવી કાલીઘેલી ભાષામાં વાત કરતી જોવા મળે છે. આ વખતે આપણને તે જાણ હોય છે કે તે તોતડી નથી, તેને બરાબર બોલતા આવડે છે. પણ નાના બાળકને સુવાણ થાય, તેને આનંદ આવે તે માટે માતા બાળક સમાન બની ભાષાની મર્યાદાઓ સ્વીકારીને વર્તે છે.

આ રીતે જ્યારે પૃથ્વી પર પરમાત્મા મનુષ્યદેહ ધારણ કરીને અવતાર લે છે, ત્યારે પોતાના ભક્તોને પોતાની સાથે સુવાણ થાય, તેમને સુખ આવે તે માટે તેમની સમાન બની મનુષ્યદેહની મર્યાદાઓને સ્વીકારીને તે પ્રમાણે વર્તે છે. અને આ વાતની સમજ સાચા ભક્તને સુપેરે હોય છે અને એટલે તેને ભગવાનમાં કોઈ વિકાર કે ખોટ વર્તાતા નથી. તેને તો તે વખતે પણ પરમાત્માની અનન્ય શક્તિ અને અવિકારી સ્વરૂપનાં જ દર્શન થાય છે. ભગવાન શ્રીકૃષ્ણ કે ભગવાન શ્રીરામના સમયમાં લાખો લોકોએ તેમને જોયા હશે. પણ જે રીતે ગોપીઓએ અને હનુમાનજીએ તેમને જોયા તે દષ્ટિ કંઈક અલગ હતી. તેમને તો ભગવાન સામાન્ય મનુષ્યરૂપે હોવા છતાં તેમનામાં ભગવાન તરીકેની અતૂટ શ્રદ્ધા હતી. અને આ શ્રદ્ધાએ જ તેમને મહાન બનાવ્યા.

જે ભક્ત મનુષ્યરૂપે રહેલા પરમાત્માના યથાર્થ અવિકારી સ્વરૂપને જાણે છે તે પરમાત્માને પામી જ ચૂક્યો છે. મનુષ્યરૂપે રહેલા પરમાત્માના યથાર્થ સ્વરૂપને સમજવાના મહત્ત્વને સમજાવતાં ભગવાન સ્વામિનારાયણ પણ વચનામૃતમાં કહે છે કે ...જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને, અમને જેમ કોઇ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંય આસક્તિ રહે જ નહીં, અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાત સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ જીત્યામાં પ્રયાસ થશે નહીં, સહેજે જીતાઈ જશે.

ભગવાન તેમના અવતાર કે સંત સ્વરૂપે આ ધરતી પર હંમેશાં વિચરતા જ હોય છે. આપણને પણ મનુષ્યરૂપે રહેલા પરમાત્માનાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય તે જ ભક્તની સાચી દષ્ટિ! ■

ટૂંકી વાર્તા

# હિસાબ

ડૉ. હિતા મહેતા.
feedback@bombaysamachar.com



"હિસાબ કરવા આવી જજે."

બાનો કાગળ આવ્યો ને મહેશનાં કપાળે કરચલી પડી, જયારે પણ માનો આ 'હિસાબ કરવા આવી જજે'વાળો પત્ર આવે એટલે ફરી એક ખર્ચ, ક્યારેક ખોરડું રંગાવવું હોય તો ક્યારેક ડેલી રીપેર કરાવવી હોય તો કયારેક નાના જમણવારનો ખર્ચ હોય.

"કયારેક તો ગામને જમાડવું પડે ને. બધા મારું આખું વર્ષ ધ્યાન રાખતા હોય તો વર્ષે એક વાર તો મારે જમાડવા જોઇને?" બા પાસે બધા જવાબ હાજર જ હોય.

પત્ની મનોરમા મહેશને તાકી રહી હતી. ચહેરાની લીપી ઉકેલવા મથી રહી હતી.

મહેશે મનોભાવ છુપાવવા મો પર હાથ ફેરવ્યો, પણ એમ કઇ મનોભાવ થોડા છુપાવી શકાય છે?

"હવે શું કરશો?" પત્નીએ પૂછયું.

"જોઉં, જવું તો પડશે જ" પત્નીથી નજર ચોરતા મહેશ બોલ્યો.

"હમ...મ" મનોરમાનાં અવાજમાં અણગમો હતો.

મનોરમાનો પણ કઇ વાંક નહોતો, મહેશ વિચારી રહ્યો. જિંદગીનાં પચ્ચીસ વર્ષ કરકસરમાં જ કાઢયાં હતાં એણે પ્રાઇવેટ ફર્મની કારકુની મહિનો પૂરો થવા આવે ત્યા જવાબ દઇ દેતી હતી. દીકરી પ્રિતીએ એમ. બી. એ. હમણાં જ પૂરું કર્યું હતું. તેના લગ્નના પડઘમ ગમે ત્યારે વાગે તેમ હતાં. દીકરો નીરવ બારમાં ધોરણમાં હતો. તેણે પણ સાયન્સ લીધું હતું.

બચતના નામે મીંડું હતું, જે થોડી બચત હતી તે નીરવનાં સાયન્સનાં મોંઘા ટયૂશન્સ તથા જીદ્દી યૌવનનાં બાઇકમાં વપરાઇ ગઇ હતી. હવે શું? એ પ્રશ્ન મોં ફાડીને ઊભો હતો.

ત્યાં આ બાનો પત્ર...

એટલી ભગવાનની મહેર હતી કે વીસ વર્ષના શહેરી વસવાટમાં એક બેડ હોલ કિચનનો પોતાનો ફલેટ થઇ શકયો હતો, પરંતુ બાળકો મોટા થતા એ ફલેટ પણ સાંકડો પડતો હતો.

એટલે જ વર્ષો પહેલાં, શહેરમાં પગભર થઇ ગયેલ દીકરાની સાથે હોંશેથી રહેવા આવેલ મહેશનાં બા-વિમળાબા એક જ વર્ષમાં ઘરની સંકડાશન સમજીને પોતાને ગામ જતા રહ્યાં હતાં.

દીકરા-વહુ પણ લાચાર હતાં.

તોયે પોતાની ફરજ રૂપે મહેશ ફિકસ રકમ પોતાની માને મોકલતો હતો ઘરખર્ચ પેટે. વિમળાબાએ દીકરાને એકલે હાથે મોટો કર્યો હતો. મહેશ દસ વર્ષનો હતો ત્યારે તેમના પતિ ટૂંકી બીમારીમાં મૃત્યુ પામ્યાં હતાં. પતિની કરિયાણાની દુકાન અને આવક બંધ થતા થોડા દિવસ તેઓ મૂંઝાયેલા રહ્યાં, પરંતુ તેમનામાં ભરતગૂંથણ તથા સિલાઇકામની ગજબની હાથોટી હતી જેનો ઉપયોગ કરી તેઓ માન તથા સ્વમાન ભેર જીવ્યા અને હજુ જીવતાં હતાં.

"હવે શું કરવું છે?" રાત્રે સૂતા પહેલા મનોરમાએ પૂછયું. "શેનું?" અજાણ્યા થઇ મહેશે પૂછયું. આવા કોઇ પ્રશ્નની તેની ધારણા હતી જ. "આ બાનુ" બોલતા અવાજમાં અણગમો ભળી ગયો "અહીં તાણ્યાય તૂટતા નથી અને થોડા થોડા વખતે બાને ત્યાં સાહેબી જોઇએ છે. ત્યાં એકલા જીવને ખર્ચ શું હોય? ગામડા ગામમાં તો ઓછી આવકમાં પણ પૂરું થઇ જાય. આમ કયાં સુધી ચાલશે?"

થોડીવાર મહેશ કઇ બોલે તેની રાહ જોઇ રહી.

મહેશ મૌન રહ્યો.

"તમે કંઇક તો સમજો, દીકરી જુવાન થઇ છે. શહેરમાં લગ્નનો ખર્ચ જ નાખી દે તો ય બાર-પંદર લાખ તો આવે જ. આપણી જરૂરિયાતો ઉપર કાપ મૂકીએ જ છીએ. ને...અ...ને... જાવ છો તો જરાક બાને કાને વાત પણ નાખતા આવજો કે તેમનું મંગલસૂત્ર દીકરીનાં પ્રસંગમાં આપે. આમ પણ હવે તેને પહેરવું તો નથી. પહેલા આપવું કે પછી આપવું. આટલો તો આપણો હક્ક ખરો કે નહીં?"

***

થોડા-થોડા વખતે મનોરમા સાસુનુ મંગળસૂત્ર યાદ કરી લેતી. વિમળાબા પાસે પતિનાં મૃત્યુ બાદ એક માત્ર ઘરેણું મંગળસૂત્ર હતું, જે તેઓ પહેરતાં નહોતાં. જોકે, તેમના અંગ ઉપર એક પણ ઘરેણું નહોતું. આ મંગળસૂત્ર મનોરમાની જીવાદોરી હતી. બાનાં મૃત્યુ બાદ જો મંગળસૂત્ર મળી જાય તો દીકરીનાં લગ્ન પ્રસંગનો ઘણો ભાર હળવો થઇ જાય તેવી ગણતરી તેની વર્ષોથી હતી, પણ ધાર્યા કરતા બાનું આયુષ્ય વધુ નીકળ્યું અને દીકરી લગ્નની ઉંમરની થઇ ગઇ.

'ઠીક છે. આજે શુક્રવાર છે. રવિવારે નીકળવાની ગણતરી છે.' કહી મહેશ પડખું ફેરવી ગયો.

***

બસ ગામમાં પ્રવેશી.

મહેશે આજુબાજુ નજર કરી. તે વર્ષમાં એકાદ બે વાર આવી જતો હતો બા પાસે કે વિમળાબા હિસાબ સમજવા તેડાવતા.

આકાશમાં વૈશાખી બપોરનાં એંધાણ વર્તાતા હતા. જોકે, બજાર ધમધમતું હતું. હવે તો ગામ પણ મીની શહેર થઇ ગયું છે. ધુળિયા રસ્તાને બદલે ડામર રોડ, નવા બિલ્ડિંગ અને થોડી સ્વચ્છતા... મહેશ વિચારી રહ્યો.

બસ સ્ટોપે તે ઊતર્યો. સામાનમાં ખાસ કંઇ નહોતું, ફકત એક બેગ હતી.

"એ રામ-રામ મહેશ, આવી ગયો." રસ્તામાં પશાકાકા મળ્યા.

"હા, કાકા, રામ-રામ" મહેશ હસીને બોલ્યો "બાને મળવા આવ્યો છું." પછી તો કઇ કેટલાયે પરિચિતોને મળતો મળવો તે પોતાની ડેલીએ પહોંચ્યો.

"લે, દીકરી આવી ગયો."

મહેશને જોતા જ વિમળાબાનાં ચહેરા પર ઉજાસ પથરાઇ ગયો.

મહેશ બાને પગે લાગી ઓસરીનાં હિંચકા પર બેઠો.

'બા, મજામાં?' પાણીનો ગ્લાસ હાથમાં લેતા તે બોલ્યો, પણ પાણીનો ગ્લાસ સ્થિર થઇ ગયો. બા ઘણી લેવાઇ ગઇ હતી. મોઢા પર, હાથ પર કરચલીઓ વધી ગઇ હતી તથા આંખો ઊંડી ઊતરી ગઇ હતી. મોઢા પર નૂર ઓછું થઇ ગયું હતું.

"હો.... વ્વે" એ જ લહેકાથી વિમળાબા બોલ્યા.

હમમમ, ઉંમર ઉંમરનું કામ કરે જ ને. મહેશને શાંતી થઇ.

મા-દીકરો બન્ને થોડીવાર વાતે વળગ્યા અને વચ્ચે-વચ્ચે આડોશી-પાડોશી મોઢું બતાવી ગયા.

પછી વિમળાબા રસોડામાં પેઠા.

મહેશે ઘરનું અવલોકન કર્યું. સરસ રીતે સજાવેલું ઘર, દીવાલો રંગરોગાન કરેલી એક પણ ડાઘ વીનાની સ્વચ્છ.

ન ઇચ્છા છતાં મહેશથી સરખામણી થઇ ગઇ. પોતાનો ફલેટ વર્ષોથી કલર માગે છે, ક્યાંક પોપડા પણ ઊખડી ગયા છે, પણ પૈસાનો વેંત થતો નથી અને બાનું ઘર... મહેશનાં મો માં થોડી કડવાશ આવી ગઇ. "આ બાનાં ખર્ચ માટે બોલાવ્યો હશે? તેણે મન મક્કમ કર્યું.

જમાવામાં ઘીથી લથબથ શીરો જોઇ વળી એનું કરકસરભર્યું જીવન અને મહિનાનાં અંતે ઘી-દૂધમાં થતો કચવાટ યાદ આવી ગયો અને તે શીરો વધુ ન ખાઇ શકયો. બા આગ્રહ કરતી રહી પણ તેણે આડો હાથ દઇ દીધો. રાત્રે તે હિંચકે બેઠો.

સામે બા બેઠી.

બન્ને આમ જ બેસતા. ખોરડું નાનું હતું. ઓસરી ઉપરાંત એક નાનો રૂમ અને રસોડું, તેથી ઓસરીએ મોકળાશ રહેતી.

"હં બા તારો કાગળ હતો."

"હા. મને થયું કે હિસાબ સમજાવી દઉં..."

"બા" મહેશનો બંધ છૂટી ગયો. આ થોડા થોડા વખતે હિસાબ, તને કંઇ સમજાય છે કે હું તને પૈસા કેવી રીતે મોકલું છું? મારું મન જાણે છે. નથી પહોંચાતું મારાથી. મારે પણ મારો કુટુંબ-કબીલો છે. મારે પણ મારી જવાબદારીઓ છે. અમે ત્યાં કેમ રહીએ છીએ તે તને ખબર છે? નથી કોઇ મોજશોખ રાખ્યા કે નથી વર્ષોથી કોઇ નવું ફર્નિચર ઘરમાં વસાવ્યું કે નથી રંગરોગાન કરાવ્યા.

મનની અભાવોની આગ જાણે-અજાણે નીકળી જ ગઇ. હતપ્રભ થઇ ગયા વિમળાબા. દીકરો આ રીતે તો આ પહેલા કદી તેની સામે બોલ્યો નહોતો.

"અને બા, આજે કહી દેવા દે, તારી પાસે મંગલસૂત્ર હતું. તે મારી દીકરીના પ્રસંગ માટે આપજે જે મને ટેકો થાય તે..."

"એ... તો હવે નથી." માંડ માંડ વિમળાબા ક્ષીણ અવાજે બોલ્યા.

ખલ્લાસ.

ફાળ પડી મહેશના પેટમાં... દીકરીના પ્રસંગની એક આશા હતી તે પણ ગઇ.

'ન...થી, કયાં, ગયું કયાં?' મહેશના અવાજની તીવ્રતા વિમળાબા માટે અસહ્ય હતી.

"કેમ એમ પૂછે છે?" મંદ અવાજે વિમળાબા બોલ્યા.

"કેમ તે, હું તારી સંભાળ લેતો હોઉં તો આટલું પૂછવાનો મને હક્ક નથી?"

"હવે એ કયા ખર્ચ્યા તેનો હિસાબ આપીશ મને? મહેશના અવાજમાં હજુ અકળામણ હતી "હતું કે મંગળસૂત્ર દીકરીના લગ્નમાં કામ આવશે? તું દેતી જઇશ, પણ આજ-કાલ માણસોના આયુષ્ય પણ એટલા લાંબા થઇ ગયા છે કે..." એકાએક મહેશ અટકી ગયો. ઉતાવળમાં કઇ વધુ જ બોલાઇ ગયું.

વિમળાબા અવાક થઇ ગયા. મા-દીકરાની આંખો મળી અને મહેશ તે આંખોને સહન ન કરી શકયો. ઊભા થઇ અંદરના ઓરડામાં જઇ દરવાજો બંધ કરી દીધો. વિમળાબા પત્થર બની ગયા. પૂતળાની જેમ ત્યાં જ બેસી રહ્યાં. ખબર નહીં કેટલા કલાક આમ જ પસાર થયા. તેનામાં ઊભા થવાની તાકાત જાણે હણાઇ ગઇ. તેમણે ધ્રૂજતા હાથે હિંચકાની સાંકળ પકડી ઊભા થવાનો પ્રયત્ન કર્યો. માંડ ઊભા થયા અને હિંચકા પર જ દાબ દઇ બેસી પડયાં અને ત્યાં જસૂઇ ગયાં.

***

અને વિમળાબાનું હાડ બેસી ગયું.

આયુષ્ય પૂરું થતું હોય કે આઘાત-ગમે તે હોય પણ બીજે દિવસે સવારે વિમળાબા ઊઠયા જ નહીં. મો પર ગજબની શાંતી હતી, પરંતુ એટલી જ અશાંતી મહેશના હૃદયમાં હતી. ગામ આખું ભેગું થઇ ગયું હતું. હજુ કાલ સુધી હાલતા ચાલતા હતાં. વિમળાબાનાં વહુ છોકરાવ અહીં આવવા નીકળી ગયાં હતાં.

આ બધાથી પર મહેશ જાણે નિષ્પ્રાણ થઇ ગયો હતો. બાનાં મૃત્યુમાં કયાંક પોતે નિમિત્ત બન્યાનો ખટકો કાળજુ કોરી ખાતો હતો. શૂન્ય નજરે તે બધુ જોયા કરતો હતો, પરંતુ જયારે વિમળાબાની અર્થી ઊઠી ત્યારે તે ધોધમાર ચોધાર આંસુએ રડી પડયો. તેને સંભાળવાવાળા ઓછા પડયા.

અંતે વિમળાબા રાખમાં ભળી ગયા.

સાંજે બન્ને પતિ-પત્ની ઓસરીએ બેઠા હતા. ગામ લોકોની અવરજવર ચાલુ જ હતી. બન્ને બાનાં કારજના ખર્ચની ચિંતામાં હતાં. ગામડા ગામમાં હજુ રિત રિવાજો વધારે હતા. મહેશ વિચારતો હતો અત્યારે પશાકાકા પાસેથી ઉછીના પૈસા લઇ લઇશ. પછી ખોરડું વેંચી પાછા આપી દઇશ.

ત્યાં તો પશાકાકા જ હળવેથી મહેશ પાસે આવ્યા અને ધીમેથી તેના કાનમાં ફૂંક મારી. "મહેશ, આ ટાણુ આવી વાત કરવાનું નથી પણ આપણા ગામમાં ધીરધારનું કામ કરતા રતીલાલ શેઠ પાસે દર મહિને તારી બા જતી. આ શેઠિયાએ જો ખોરડું ગીરવે લીધું હશે તો તારી મોકલાતી રકમ રતિલાલને વ્યાજ પેટે જ જતી હશે. અને વ્યાજ ભરી-ભરીને જ મરી ગઇ હશે. જો જે શેઠિયાનું જલદી તેડું આવશે એ કોઇને છોડે તેવો નથી."

મહેશનાં મોતીયા મરી ગયા. ખોરડું પણ જાશે તો બાનું કારજ પણ કેમ થશે? બાજુમાં બેઠેલી મનોરમા પણ સાંભળી ગઇ. તેનું મો પણ ફિક્કું પડી ગયું.

અને થયું પણ એમ જ. અનુકૂળતાએ શેઠને મળી જજો. શેઠનો નોકર આવીને કહી ગયો.

મહેશના મોતીયા મરી ગયા. છતાં બીજે દિવસે હિમ્મત ભેગી કરી તે શેઠની હવેલીએ પહોંચ્યો.

'આવ મહેશ' શેઠે મહેશને આવકારતા કહ્યું "વિમળાબા ગયા તેનું મને દુઃખ છે. ખૂબ ગુણવાન હતા તેઓ."

મહેશ મૂળ વાતની રાહ જોઇ રહ્યો. કદાચ બાનું મંગળસૂત્ર પણ વ્યાજમાં જ ગયું હશે.

જો મહેશ, ધ્યાનથી સાંભળ, તું જે રકમ તારી બાને મોકલતો હતો તે તારી બા દર મહિને મારી પાસે જમા કરાવી જતી હતા. તેનાં પર વ્યાજ સાથે કુલ રકમ દસ લાખ જેવી થઇ ગઇ છે, જે તને પરત સોંપું છું. બોલતા બોલતા શેઠે ખાનામાંથી રોકડા તથા હિસાબના કાગળ કાઢયા.

"આ રહ્યો બેટા હિસાબ, મેં તૈયાર જ રાખ્યું હતું."

સ્તબ્ધ થઇ ગયો મહેશ. જાણે તેની વાચા જ હરાઇ ગઇ.

"તો શેઠ" ભાંગતા અવાજે મહેશે પૂછી નાખ્યું "મારી બાએ ખોરડું ગીરો નહોતું મૂકયું? તેનું વ્યાજ દેવા નહોતી આવતી?"

"અરે ભલા માણસ, મૂકયું હતું ને ખોરડું ગીરો, વર્ષો પહેલા તારા કૉલેજનો ખર્ચ કાઢવા... તું તો શહેરમાં કૉલેજ કરતો હતો, તેને કયાંથી ખબર હોય? પણ બાઇ ઘણી સમજુ હતી એકવાર મંગલસૂત્ર આપી પોતાનું ખોરડું છોડાવી દીધું. મને કહેતા પણ ગયાં-બાપ-દાદાની એક માત્ર નીશાની થોડી જવા દેવાય? મંગળસૂત્રનું તો મારે કરવું છેય શું? મારા દીકરા ઉપર ખોરડું છોડાવવાનો ભાર નાખીને જઉં તો ઉપર એના બાપને શો જવાબ આપું?"

શેઠ હજુ બોલવા જતા હતા પણ અટકી ગયા, કારણ કે મહેશે ત્યાં જ ફસડાઇ પડયો હતો અને ચોવીસ કલાકમાં બીજી વાર તે ધોધમાર છૂટા મોં એ, ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડયો.■

---

અલખનો ઓટલો

# સંતસાધના-સંતવાણીમાં ક્યા પ્રકારના જાગરણની વાત છે?

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

અધ્યાત્મના ક્ષેત્રમાં આપણા સંતોએ પાંચ અવસ્થા- જાગૃત,સ્વપ્ન,સુષુપ્તિ,તુરિય અને ઉન્મુનિનાં વર્ણનો કર્યાં છે. એમાં સૌથી અગત્યની અવસ્થા છે જાગૃતિની. આત્મજાગૃતિની. આપણા ગુજરાતી ભાષાના આદ્યકવિ ગણાતા નરસિંહ મહેતાએ ગાયું છે કે -' જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઉંઘમાં અટપટા ભોગ ભાસે..' આ જાગવું તે ક્યું ? આ કઈ જાતની જાગૃતિની વાત છે ? નરસિંહ મહેતા ભરનિંદરમાંથી જાગ્યા છે તો આ ભરનિંદર ક્યા પ્રકારની ? એ તન્દ્રા છે કે નિદ્રા ? આજે આપણી સંતવાણીની સમૃદ્ધ પરંપરામાંથી આવી જાગૃતિ દર્શાવતી કેટલીક પંક્તિઓનો પ્રવાસ આદરવો છે.

મરમી કવિશ્રી મકરન્દભાઈ દવેએ લખ્યું છે- ' પગલું માંડું હું અવકાશમાં, જોઉં નીચે હરિવરનો હાથ, અજંપાની સદા સૂની શેરીએ, ગાતો આવે અદીઠો સંગાથ, જાગીને જોઉં તો કોઈ નથી એકલું...' નાનક સાંઈ નામના સંતકવિએ તો ગાયું છે-

*જાગીને જોઉં તો નિંદરા ન આવે,*
*ઊંચું રે જોઉં તો વરમંડ ડોલે,*
*સમજી સમજીને રે વાત કરો,*
*એવા ઘટડામાં ગુરુ ક્યાં બોલે રે...*
*જાગીને જોઉં તો નિંદરા ન આવે..*

પોતાના ગુરુ ભાણસાહેબે તો 'સ્વપ્ન ગયા ને સાહેબ પાયા' એમ ગાઈને પછી આમ પણ કહેલું કે- 'ભાણ કહે ભટકીશ મા, મથી જો ને માંહી, સમજીને જો સૂઈ રહે તો કરવાનું નથી કાંઈ..' છતાં રવિસાહેબ પણ ઉંઘની અને જાગૃતિની વાત વારંવાર કરતા રહે છે.

*મત કર નિંદરા જીવ અભાગી*
*થોડા દિવસ સારુ ક્યોં સોવે ?*
*મનખા જનમ હે રતન પદારથ,*
*એ હી જુગત ફીર નહીં હોવે,*
*હરિ ભજ્યા વિના ધીક હે જીવના ,*
*ક્યા મનખા એળે ખોવે ?*
*અનભે સરખા આનંદ છોડોકર ,*
*કરમ ક્રિયા મેં ક્યા મો'વે ?*
*અચ્છા નીર ગંગાજળ છોડકે,*
*મૂતે મુખડા ક્યા ધોવે ...*
*- મત કર નિંદરા જીવ અભાગી થોડા દિવસ સારુ ક્યોં સોવે ?..૦*
*એ હી શીખામણ સમજુ જનકું ,*
*મૂરખ મનમેં નહીં ગોવે,*
*કહે રવિદાસ ભાણ પ્રતાપે,*
*કરમ કાળ ધોખા ધોવે...*
*- મત કર નિંદરા જીવ અભાગી થોડા દિવસ સારુ ક્યોં સોવે ?..૦*

તો મૂળદાસજી સમસ્ત માનવજાતને જગાડવા પોકારી ઉઠે છે-



*' જાગજો નર ચેતજો , આ છે છેલ્લી સનંધનો પોકાર રે,*
*ભજનમાં ભરપૂર રહેજો, ભજનમાં તમે ભીના રહેજો, સત નામ તણે આધાર રે..*
*-જાગજો તમે ચેતજો....૦*
*'એક અૈદ્વૈત એમાં નથી. ત્રિપુટીભેદથી ભિન્ન જાણે,*
*સ્વપ્ન સુષપ્તિ વાત જાગી કરી ત્રણનાં રુપને એક જાણે...*
*જ્ઞાન-જ્ઞાતામાં જે આપ અરપી રહ્યો પાર ન પ્રીછે એ પ્રમાથી,*
*અંતઃકરણમાં ઈન્દ્રિ વિષે વાસના સકળ સૃષ્ટિ રાજે પ્રમાધી...*
*સકળ ઉપાધિ શમી એમ સમજતાં કહ્યું ન જાય પરમ પદ આહીં,*
*તુરીયાતીત પદ આપે ઓળખ્યું, સર્વનો સાક્ષી છે સર્વ માંહી...*
*શબ્દાતીત જ્યાં શબ્દ પહોંચે નહીં તે શબ્દબ્રહ્મ તું જાણે પોતે,*
*જે જન જાગે તે એમ જાણી લિયે મૂળદાસ કયે રહ્યો અૈત પોતે...*

*ફરી નરસિંહ મહેતાની પંક્તિઓ યાદ કરીએ-*
*આજ સખી રે વનરાવનમાં મધરાતે મોરલી વાગી રે,*
*સુણતાં ચિત્ત હર્યું મારી સજની ભર નિંદરથી જાગી રે..*
*જાગૃત સ્વપ્ન સુષુપતિ તુરિયા,ઉનમુનિએ લાગી તાળી રે,*
*ત્રિગુણ રહિત થયું મન મારું, કામ વાસના તહાં ભાગી રે...*
*સંતકવિ નિરાંત અધ્યાત્મક્ષેત્રની પાંચ અવસ્થા આ રીતે વર્ણવે છે-*
*જાગૃત સ્વપ્ન સુષુપ્તિ તુરિયા, તુરિયાતીત પદ તેહ,*
*સ્થૂળ સુક્ષ્મ ને કારણ કહીએ, મહા કારણથી પર જેહ,*
*પરાપારને પરખે રે,જેને નેતિ નેતિ વેદે કહ્યો..*
*- એ જી અનુભવ એવો રે...૦*
*હંસ હિતારથ જે જન કહીએ,જે જન સત્ય સ્વરુપ,*
*તે જનની હું જાઉં બલિહારી, જે સદગુરુનું રુપ,*
*નિરાંત નામ નિત્ય રે, નામી નામ અનામ ભયો..*
*- એ જી અનુભવ એવો રે...૦*

---

જીવનનું અમૃત

"અલૌકિક દર્શન"

# ભરતજીની વેદના-૩

ભાણદેવ
bhandev@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

ભગવાન ભરતજીને રાજધર્મ સમજાવે છે. હવે ભરતજીના મનનો ભાવ એવો છે કે કોઈ અવલંબન પામ્યા વિના, કોઈ આધાર મેળવ્યા વિના ભરતજીના મનમાં સંતોષ,સમાધાન અને શાંતિ થતી નથી. ભરતજીના મનનો આ ભાવ જાણીને ભગવાન શ્રીરામ તેમની ભાવના પરિપૂર્ણ કરે છે.

प्रभु करि कृपा पाँवरी दीन्हीं ।
सादर भरत सीस धरी लीन्हीं ।।


रामचरितमानस : अ.का. :३१६-२

" (ભરતજીના પ્રેમને વશ થઈને ) ભગવાન શ્રીરામે કૃપા કરીને ભરતજીને પોતાની પાદુકા આપી. ભરતજીએ આદરપૂર્વક પાદુકાને પોતાના મસ્તક પર ધારણ કરી."

સૌ અયોધ્યા આવે છે. પ્રભુની પાદુકાને વિધિવત્ અયોધ્યાના રાજસિંહાસન પર બિરાજમાન કરાવવામાં આવે છે.

ભરતજી અયોધ્યાના રાજમહેલમાં રહેતા નથી. પ્રભુરામ વનમાં રહે અને ભરતજી મહેલમાં કેવી રીતે રહી શકે?

ભરતજી નંદિગ્રામમાં કુટિયા બનાવીને રહે છે. વલ્કલ ધારણ કર્યા છે. જટા બાંધી છે વનમાં



કંદ, ફળ, મૂળનું ભોજન કરે છે! પ્રભુ રામ ધરતી પર શયન કરે છે. ભરતજી ધરતીમાં ખાડો ખોદીને તેમાં શયન કરે છે! તપસ્વીનું જીવન જીવે છે.

આ ચૌદ વર્ષ દરમિયાન પણ ભરતજીના ચિત્તમાં વેદના તો રહી જ છે, કારણ કે પ્રભુ રામ, લક્ષ્મણજી અને સીતાજી હજુ વનમાં છે. ભરતજીની આ વેદના વિરહની વેદના છે અને વિરહ-વેદના એક તીવ્ર તપશ્ચર્યા છે!

પ્રભુ રામ, લક્ષ્મણ અને સીતાજી ચૌદ વર્ષનો વનવાસ પરિપૂર્ણ કરીને પુષ્પક વિમાનમાં બેસીને અયોધ્યા પધારે.

રામ-ભરતનું મિલન થાય છે! સર્વત્ર આનંદ-મંગલ વરતાય છે. ભગવાન શ્રીરામનો રાજ્યાભિષેક થાય છે. પ્રભુ રામ અયોધ્યાના રાજસિંહાસન પર બિરાજમાન થાય છે. પ્રભુ રામ ભરતજીને યુવરાજપદે સ્થાપિત કરે છે!

ભરતજીની વેદના-તપશ્ચર્યા અહીં પરિપૂર્ણ થાય છે!

છં. : सिय राम प्रेम पियुष पूरन होत जनमु न भरतको ।
मुनि मन अगम जम नियम सम दम विषम ब्रत आचरत को ।
दुख दाह दारिद दंभ दूषन सुजस मिस अपहरत को ।
कलिकाल तुलसी से सठन्हि हठि राम सनमुख करत को ।।

रामचरितमानस : अ.का. :३२६

"શ્રી સીતારામજીના પ્રેમરૂપી અમૃતથી પરિપૂર્ણ ભરતજીનો જન્મ જો ન થયો હોત તો મુનિઓના મનને પણ અગમ, યમ, નિયમ, શમ, દમ, આદિ કઠિન વ્રતોનું આચરણ કોણ કરત? દુ:ખ, સંતાપ,દરિદ્રતા,દંભ આદિ દોષોનું પોતાના સુયશ દ્વારા કોણ હરત કરત? તથા કલિકાળમાં તુલસીદાસ જેવા શઠોને હઠપૂર્વક કોણ શ્રીરામજીની સન્મુખ કરત?"

આવા છે, આપણા રામાનુજ ભરતજી!■

---

ગીતા મહિમા


# દૃષ્ટિનો ભેદ

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

ગત અંકમાં પરમાત્માના જ્ઞાનથી મૃત્યુને તરી જવાની કળા બતાવીને હવે ભગવાન કૃષ્ણ ભક્તની એક વિશિષ્ટ દૃષ્ટિને ઉજાગર કરે છે, તે સમજીએ.

સામાન્ય રીતે ભક્ત વિશેની આપણી સમજ એટલે જે કથા, જપ, તપ, દાન કરતો હોય તથા દયા, નિર્માનીપણું, પ્રામાણિકતા વગેરે જેવા સદ્‌ગુણો ધરાવતો હોય તે મનુષ્ય. પણ અહીં ભગવાન ભક્તનું એક વિશિષ્ટ પાસું સમજાવતાં કહે છે -

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं य: पश्यति स पश्यति ।। १३/२७ ।।



"વિકાર પામતા સર્વ ભૂતોમાં સમાનપણે રહેતા પરમેશ્વરને જે અવિકારી જુએ છે તે યથાર્થ દ્રષ્ટા છે."

દર્શન, કથા, કીર્તન, ધ્યાન વગેરે વિવિધ પ્રકારની ભકિત તથા સદ્‌ગુણો કેળવવા ભક્ત માટે પાયાની શરત છે. પણ આવી રીતે ભગવાનને ભજતાં તો અસંખ્ય ભક્ત આ પૃથ્વી પર જોવા મળે છે. તો શું ભગવાન શ્રીકૃષ્ણ આ સર્વેની વાત કરે છે કે કોઈ વિશિષ્ટ ભક્તની વાત કરે છે? ભગવાન અહીં જે વિશિષ્ટ ભક્તની વાત કરે છે તે ભક્ત એટલે કોણ? ઉત્તમ ભક્ત માટેના લીટમસ ટેસ્ટ સમાન આ પ્રશ્નનું સમાધાન આપતાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે જે વિકારયુક્ત દેખાતી સ્થિતિમાં પણ પરમેશ્વરને અવિકારી સમજે તે સાચો ભક્ત છે. આ જગતના સર્વ જીવપ્રાણીમાત્રમાં પરમાત્માનો વાસ છે. આ જીવપ્રાણી માત્ર (જુઓ પાનું ૮)

# રનસંગ્રામ IPL-2024

## કૅરિબિયન પેસ બોલર શમાર જોસેફનું આઘાતજનક ડેબ્યૂ: એક બૉલમાં બન્યા '૧૪ રન'



કોલકાતા: ક્રિકેટજગતની સૌથી લોકપ્રિય અને સૌથી વધુ પૈસા આપતી ટી-૨૦ ટૂર્નામેન્ટ એટલે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) અને એમાં રમવા મળે એ ખેલાડીના પોતાના માટે, તેના દેશ માટે, તેના ક્રિકેટ બોર્ડ માટે અને તેના પરિવાર માટે મોટું ગૌરવ કહેવાય. જોકે ૧૬ વર્ષના ઇતિહાસમાં આપણે જોયું છે કે ઘણા ખેલાડીઓના ડેબ્યૂ નિરાશાજનક રહ્યા છે.

વેસ્ટ ઇન્ડિઝના ૨૪ વર્ષના રાઇટ-આર્મ ફાસ્ટ બોલર શમાર જોસેફને કૅપ્ટન કે. એલ. રાહુલે આજે કોલકાતા સામેની ઇનિંગ્સમાં સૌથી પહેલી ઓવર બોલિંગ કરવાની જવાબદારી આપી હતી. જોકે એ ઓવરમાં કુલ બાવીસ રન બન્યા હતા. તેના પહેલા પાંચ બૉલમાં એક ફોર સહિત કુલ આઠ રન બન્યા હતા, પણ પછીનો છઠ્ઠો બૉલ જોસેફ માટે અનેક મુસીબતો લઈને આવ્યો હતો.

તેણે છઠ્ઠા બૉલની શરૂઆત નો-બૉલથી કરી હતી, ત્યાર પછી વાઇડ ફેંકાયો હતો, ત્યાર પછી પણ વાઇડ ફેંકાયો જેમાં ચોક્કા સહિત વાઇડના પાંચ રન બન્યા હતા, તેણે ફરી નો-બૉલ ફેંક્યો હતો અને હવે એ છઠ્ઠો બૉલ લીગલ બૉલ હતો જેમાં ફિલ સૉલ્ટે છગ્ગો ફટકાર્યો હતો. આમ, એક બૉલમાં ૧૪ રન બન્યા હતા.

તે આ ખરાબ ઓવર પછી નિરાશ હાલતમાં ફીલ્ડિંગમાં પોતાની જગ્યાએ જઈ રહ્યો હતો ત્યારે કૅપ્ટન રાહુલે તેના ખભે હાથ મૂકીને તેને દિલાસો આપ્યો હતો. કોલકાતાની ઇનિંગ્સની ૧૦ ઓવરની રમતને અંતે જોસેફની કુલ ત્રણ ઓવરમાં ૩૩ રન બન્યા હતા અને તેને એકેય વિકેટ નહોતી મળી.

શમાર જોસેફ માંડ બે ટેસ્ટ અને બે ડોમેસ્ટિક ટી-૨૦ મૅચ રમ્યો છે ત્યાં તેને આઇપીએલમાં રમવા બોલાવાયો છે. લખનઊના ફ્રૅન્ચાઇઝીએ તેને ત્રણ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. ■

## સ્ટાર્ક, સૉલ્ટ, શ્રેયસ અને મિસ્ટર એક્સ્ટ્રાએ કોલકાતાને લખનઊ સામે પહેલો વિજય અપાવ્યો

કોલકાતા: કોલકાતા નાઇટ રાઇડર્સે લખનઊ સુપર જાયન્ટ્સને આઇપીએલમાં પહેલી જ વાર હરાવ્યું છે. આઇપીએલમાં અગાઉની ત્રણેય મૅચમાં કોલકાતા સામે લખનઊએ જ વિજય મેળવ્યો હતો.

ઈડન ગાર્ડન્સમાં યજમાન કોલકાતાએ ૧૬૨ રનનો લક્ષ્યાંક ૧૫.૪ ઓવરમાં માત્ર બે વિકેટના ભોગે મેળવી લીધો હતો. એ સાથે, કોલકાતાની ટીમ આઠ પૉઇન્ટ સાથે પૉઇન્ટ્સમાં બીજા નંબર પર આવી ગઈ હતી. રાજસ્થાન (૧૦ પૉઇન્ટ) હજીયે મોખરે છે.

પહેલાં તો કોલકાતાના સૌથી મોંઘા બોલર મિચલ સ્ટાર્કે (૪-૦-૨૮-૩) લખનઊની ટીમને કન્ટ્રોલમાં રાખી હતી અને પછી બૅટિંગમાં ઇંગ્લૅન્ડથી રમવા આવેલા ૨૭ વર્ષીય વિકેટકીપર-બૅટર ફિલ સૉલ્ટે (૮૯ અણનમ, ૪૭ બૉલ, ત્રણ સિક્સર, ૧૪ ફોર) બેનમૂન ઇનિંગ્સ રમ્યો હતો. તેની સાથે કૅપ્ટન શ્રેયસ ઐયર (૩૮ રન, ૩૮ બૉલ, છ ફોર) અણનમ રહ્યો હતો. બન્ને વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૨૦ રનની અતૂટ અને મૅચ-વિનિંગ ભાગીદારી થઈ હતી. કોલકાતાને એક્સ્ટ્રાના કુલ બાવીસ રન મળ્યા હતા.

ફિલ સૉલ્ટ ઇંગ્લૅન્ડ વતી ૪૦ ઇન્ટરનૅશનલ મૅચ રમી ચૂક્યો છે. તેણે બે કૅચ (સ્ટોઇનિસ, પૂરન)ના કૅચ પણ પકડ્યા હતા.

ઍક્ટર શાહરુખ ખાન તથા જૂહી ચાવલાની સહ-માલિકીવાળી



કોલકાતાની ટીમના ફ્રૅન્ચાઇઝીએ સૉલ્ટને ૧.૫ કરોડ રૂપિયામાં મેળવ્યો છે. ઇંગ્લૅન્ડનો જ જેસન રૉય આઇપીએલમાંથી નીકળી જતાં કોલકાતાની ટીમે સૉલ્ટને બોલાવ્યો હતો.

કોલકાતાનો બીજો ઓપનર સુનીલ નારાયણ (૬ રન) અને અંગક્રિશ રઘુવંશી (૭) સસ્તામાં આઉટ થઈ ગયા બાદ સૉલ્ટ-શ્રેયસ વચ્ચેની યાદગાર પાર્ટનરશિપે કોલકાતાને વિજય અપાવ્યો હતો.

કોલકાતાની બન્ને વિકેટ મોહસિન ખાને લીધી હતી. નવા કૅરિબિયન ફાસ્ટ બોલર શમાર જોસેફની ચાર ઓવરમાં ૪૭ રન બન્યા હતા અને તેને વિકેટ નહોતી મળી. તેની ડેબ્યૂ ઓવરમાં કુલ બાવીસ રન બન્યા હતા જેમાંના ૧૪ રન છઠ્ઠા બૉલમાં બન્યા હતા. એ ૧૪ રનમાં સ્કોરિંગ શૉટથી બનેલા રન ઉપરાંત નો-બૉલ અને વાઇડના એક્સ્ટ્રા રન પણ સામેલ હતા. લખનઊના કૃણાલ પંડ્યા, યશ ઠાકુર, અર્શદ ખાન અને રવિ બિશ્નોઈને પણ વિકેટ નહોતી મળી. એ પહેલાં, લખનઊએ સાત વિકેટે ૧૬૧ રન બનાવ્યા હતા જેમાં નિકોલસ પૂરન (ચાર સિક્સર, બે ફોરની મદદથી ૪૫ રન) ટૉપ-સ્કોરર હતો.

કોલકાતાના વિકેટકીપર-બૅટર ફિલ સૉલ્ટને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. ■

## વાનખેડેમાં ચેન્નઈના ચાર વિકેટે ૨૦૬, ધોનીની હૅટ-ટ્રિક સિક્સર સાથે ધમાલ

### મુંબઈની અસરહીન બોલિંગ સામે શિવમ-ગાયકવાડની ૯૦ રનની અસરદાર ભાગીદારી



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચેન્નઈ સુપર કિંગ્સે વાનખેડેમાં મુંબઈ ઇન્ડિયન્સ સામે બેટિંગ મળ્યા બાદ ચાર વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા. શિવમ દુબે (૬૬ અણનમ, ૩૮ બોલ, બે સિક્સર, દસ ફોર)એ શાનદાર પર્ફોર્મ કર્યું હતું, પરંતુ વાનખેડેમાં શક્યતઃ છેલ્લી મેચ રમનાર ધોની (૨૦ અણનમ, ચાર બોલ, ત્રણ સિક્સર)એ ધમાલ મચાવી દીધી હતી. તેણે આવતાંવેંત હાર્દિકની ૨૦મી ઓવરમાં ફટકાબાજી શરૂ કરીને ઉપરાઉપરી ત્રણ સિક્સર ફટકારી હતી. તેને માત્ર ચાર બોલ રમવા મળ્યા હતા. હાર્દિકની એ ખર્ચાળ ઓવરમાં ૨૬ રન બન્યા હતા.

હાર્દિકને ૪૩ રનમાં બે વિકેટ મળી હતી. એક-એક વિકેટ ગોપાલ અને કોએટ્ઝીને મળી હતી.

મિડલની કેટલીક ઓવર અને ખાસ કરીને હાર્દિકની ૨૦મી ઓવર મુંબઈ માટે ખર્ચાળ નીવડી હતી. ૧૦મી ઓવર હાર્દિકે કરી હતી જેમાં ૧૫ રન બન્યા હતા. ૧૪મી ઓવર શેફર્ડને અપાઈ હતી જેમાં બાવીસ રન બન્યા અને મઢવાલની ૧૫મી ઓવરમાં ૧૭ રન બન્યા હતા.

મૂંઝાયેલા હાર્દિકે બોલિંગમાં અભૂતપૂર્વ ફેરફાર કર્યા હતા:

ઓવર નંબર ૧-નબી, ૨-કોએટ્ઝી, ૩-નબી, ૪-બુમરાહ, ૫-કોએટ્ઝી, ૬-મઢવાલ, ૭-નબી, ૮-ગોપાલ, ૯-બુમરાહ, ૧૦-હાર્દિક, ૧૧-શેફર્ડ, ૧૨-મઢવાલ, ૧૩-કોએટ્ઝી, ૧૪-શેફર્ડ, ૧૫-મઢવાલ, ૧૬-હાર્દિક, ૧૭-બુમરાહ, ૧૮-કોએટ્ઝી, ૧૯-બુમરાહ, ૨૦-હાર્દિક.

ચેન્નઈનો કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ (૬૯ રન, ૪૦ બોલ, પાંચ સિક્સર, પાંચ ફોર) તેની શ્રેષ્ઠમાં ગણી શકાય એવી ઇનિંગ્સ રમ્યો હતો. ૩૮મા રન પર તેને જીવતદાન મળ્યું હતું. મઢવાલના બોલમાં મિડ વિકેટ પર રોહિતે તેનો કેચ છોડ્યો હતો. ગાયકવાડ અને શિવમ દુબે વચ્ચે ત્રીજી વિકેટ માટે ૯૦ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી. તેમણે જ ટીમનો સ્કોર ૬૦ ઉપરથી ૧૫૦ સુધી પહોંચાડ્યો હતો.

ચેન્નઈએ બીજી જ ઓવરમાં રહાણેની વિકેટ ગુમાવી હતી. કોએટ્ઝીના બોલમાં તે મિડ-ઓન પર હાર્દિકના હાથમાં કેચઆઉટ થયો હતો અને વાનખેડેમાં પ્રેક્ષકોમાંથી અભૂતપૂર્વ અવાજ સંભળાયો હતો. રહાણેને ઓપનિંગમાં પ્રમોટ કરવાની સીએસકેની ગણતરી ઊલટી સાબિત થઈ હતી.

આઠમી ઓવરમાં રાચિન વિકેટકીપર કિશનના હાથમાં કેચઆઉટ થયો હોવાની બોલર ગોપાલ અને સાથીઓએ અપીલ કરી હતી, પણ અમ્પાયરે આઉટ ન આપતાં રિવ્યુ લેવામાં આવી હતી અને થર્ડ અમ્પાયરે રાચિન (૨૧ રન)ને આઉટ જાહેર કર્યો હતો.

એ પહેલાં, હાર્દિકે ટોસ જીતીને ભેજને ધ્યાનમાં રાખી ફિલ્ડિંગ પસંદ કરી હતી કે જેથી રાત્રે ચેન્નઈના બોલર્સને બોલ પર ગ્રિપ મેળવવામાં તકલીફ થાય અને મુંબઈને ટાર્ગેટ ચેઝ કરવામાં મુશ્કેલી ન પડે. મુંબઈની ટીમમાં કોઈ જ ફેરફાર નહોતો કરાયો, પણ ચેન્નઈએ થીકશાનાના સ્થાને પથિરાનાને ટીમમાં સમાવ્યો હતો. ■



## સ્ટાર્કનો અસલી સ્પાર્ક, લખનઊની લડતને કાબૂમાં રાખી

### કોલકાતા સામે રાહુલની ટીમના સાત વિકેટે ૧૬૧ રન, પૂરનની મર્યાદિત ફટકાબાજી

કોલકાતા: ઈડન ગાર્ડન્સમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામે લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ની ટીમે બૅટિંગ મળ્યા પછી નબળી શરૂઆત કર્યા પછી મિડલ-ઓવર્સમાં સ્થિતિને થોડી મજબૂત કર્યા પછી બે-ત્રણ નાની સારી ઇનિંગ્સની મદદથી ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૬૧ રન બનાવ્યા હતા. કેકેઆર માટે ૧૬૨ રનનો લક્ષ્યાંક બહુ મોટો ન કહેવાય, પણ આ વખતની સીઝનમાં અનેક મૅચો છેલ્લી ઓવર કે આખરી બૉલ સુધી ખેંચાઈ છે, જ્યારે અમુક મૅચોમાં ચેઝ કરનારી ટીમને નાનો લક્ષ્યાંક મેળવવો પણ મુશ્કેલ પડ્યો છે.

આઠમી એપ્રિલે કેકેઆર સામે ચેન્નઈએ ૧૩૮ રનનો ટાર્ગેટ ૧૮મી ઓવરમાં, ૧૨મી એપ્રિલે લખનઊ સામે દિલ્હીએ ૧૬૮ રનનો ટાર્ગેટ ૧૯મી ઓવરમાં અને ૧૩મી એપ્રિલે પંજાબ સામે રાજસ્થાને માત્ર ૧૪૮ રનનો લક્ષ્યાંક છેક સેકન્ડ-લાસ્ટ બૉલ પર મેળવ્યો હતો.



આજે કોલકાતામાં લખનઊના નિકોલસ પૂરન (૪૫ રન, ૩૨ બૉલ, ચાર સિક્સર, બે ફોર)ની ઇનિંગ્સ સૌથી અસરદાર હતી. જોકે કોલકાતાએ ૨૪.૭૫ કરોડ રૂપિયાના સૌથી ઊંચા ભાવે ખરીદેલો ઑસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્કે ખરા અર્થમાં સ્પાર્ક (ચમકારો) બતાવ્યો હતો. તેણે લખનઊના બૅટર્સને કાબૂમાં રાખ્યા હતા, તેણે ૨૮ રનમાં ત્રણ વિકેટ લીધી હતી જેમાંની એક વિકેટ નિકોલસ પૂરનની અને બીજી ઓપનર દીપક હૂડાની હતી. પૂરનને સ્ટાર્કે ઇનિંગ્સની છેલ્લી ઓવરના પહેલા જ બૉલમાં આઉટ કરીને લખનઊના ટોટલને મર્યાદિત રખાવ્યું હતું. પૂરન ટી-૨૦ની પાંચ ઇનિંગ્સમાં ત્રીજી વાર સ્ટાર્કનો શિકાર થયો છે. આ આઇપીએલમાં પૂરનના સ્કોર્સ આ મુજબ રહ્યા છે: ૪૫, ૦, ૩૨*, ૪૦*, ૪૨ અને ૬૪*.

સુનીલ નારાયણે પણ આયુષ બદોની (૨૯ રન, ૨૭ બૉલ, એક સિક્સર, બે ફોર)ની મહત્ત્વની વિકેટ લેવા ઉપરાંત ઓપનર ક્વિન્ટન ડિકૉક (૧૦ રન, આઠ બૉલ, બે ફોર)નો કૅચ પણ પકડ્યો હતો. ક્વિન્ટનની વિકેટ પેસ બોલર વૈભવ અરોરાએ લીધી હતી.

કૅપ્ટન કેએલ રાહુલ (૩૯ રન, ૨૭ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)ની વિકેટ આન્દ્રે રસેલે લીધી હતી.

માર્કસ સ્ટોઇનિસ (૧૦ રન, પાંચ બૉલ, બે ફોર)ની વિકેટ પણ મહત્ત્વની હતી જેને સ્પિનર વરુણ ચક્રવર્તીએ વિકેટકીપર ફિલ સૉલ્ટના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. વરુણે સ્ટોઇનિસને હજી તો પહેલો બૉલ ફેંક્યો એમાં તે આઉટ થઈ ગયો હતો.

છેલ્લી ઓવર (૨૦મી ઓવર)ની જવાબદારી શ્રેયસ ઐયરે સ્ટાર્કને આપી હતી અને તેણે પોતાના પર મૂકવામાં આવેલા ભરોસા જેવું જ પર્ફોર્મ કર્યું હતું. એ ઓવરમાં ફક્ત છ રન બન્યા હતા અને સ્ટાર્કે પૂરન તેમ જ અર્શદ ખાનને એ જ ઓવરમાં આઉટ કર્યા હતા. છેલ્લી પાંચ ઓવરમાં લખનઊના બૅટર્સ માત્ર ૪૮ રન બનાવી શક્યા હતા.

એ પહેલાં, કોલકાતાના કૅપ્ટન શ્રેયસ ઐયરે ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી. કોલકાતાની ટીમમાં રિન્કુ સિંહના સ્થાને હર્ષિત રાણાને પસંદ કરવામાં આવ્યો હતો. બીજી તરફ, લખનઊની ટીમે વેસ્ટ ઇન્ડિઝના પેસ બોલર શમાર જોસેફને સિલેક્ટ કરીને આઇપીએલમાં ડેબ્યૂ કરવાનો મોકો આપ્યો છે તેમ જ દીપક હૂડા તથા મોહસિન ખાનને પાછા ઇલેવનમાં સામેલ કર્યા છે. ■

## લખનઊના ક્રિકેટરોના જર્સીના કલરમાં ફૂટબૉલ ટીમ મોહન બગાનનો ટચ



કોલકાતા: લખનઊ સુપર જાયન્ટ્સ ટીમના ખેલાડીઓની જર્સી આ વર્ષે ડાર્ક બ્લુ સહિતના મલ્ટિકલરની છે, પણ આજની કોલકાતા ખાતેની એની મૅચ ડ્રેસની દૃષ્ટિએ અલગ જ છે.

લખનઊના પ્લેયરો આજે કોલકાતા સામેની મૅચમાં મરુન અને ગ્રીન કલરની જર્સી પહેરીને રમી રહ્યા છે. આ રંગની જર્સી પહેરવાની પ્રેરણા તેમને કોલકાતાની લોકપ્રિય ફૂટબૉલ ટીમ મોહન બગાનના પ્લેયરોની જર્સી પરથી મળી છે.

લખનઊની ટીમના ફ્રૅન્ચાઇઝી અને મોહન બગાનની ટીમ, બન્નેના એક જ માલિક છે. ભારતીય બિલ્યનેર સંજીવ ગોએન્કા આ બન્ને ટીમના માલિક છે.

સ્વાભાવિક રીતે કોઈને પણ થાય કે ઈડન ગાર્ડન્સથી માત્ર છ કિલોમીટર દૂર આ બેમાંથી કઈ એક ટીમના માલિકોનું બેઝ છે એવું જો પૂછવામાં આવે તો તરત જવાબ મળશે કે કોલકાતાની ટીમના માલિકોનું. જોકે આ જવાબ સાચો નથી. ■

## મનોજ તિવારી કહે છે 'જૂનના વર્લ્ડ કપ માટે હાર્દિક કરતાં શિવમ દુબેને સિલેક્ટ કરજો'

કોલકાતા: ચેન્નઈ સુપર કિંગ્સના વિસ્ફોટક બૅટર અને પેસ બોલર શિવમ દુબેને જૂનના ટી-૨૦ વર્લ્ડ કપની ટીમમાં સમાવવો જ જોઈએ એવું ઘણા ક્રિકેટ-નિષ્ણાતો કહી ચૂક્યા છે અને એમાં ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મનોજ તિવારીનો ઉમેરો થયો છે. જોકે તિવારીનું મંતવ્ય અન્યોની સરખામણીમાં આંચકાજનક છે. તિવારીનું કહેવું છે કે જો શિવમ દુબેને વર્લ્ડ કપની ટીમમાં સ્થાન નહીં મળે તો એની જવાબદારી ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની કહેવાશે. ચાલો જાણીએ, તિવારી આવું શા માટે કહે છે.

મનોજ તિવારીએ તો હાર્દિક પંડ્યા આઇપીએલમાં પૂરતી બોલિંગ નથી કરી રહ્યો એના પર પણ સવાલ ઉઠાવ્યો છે. તિવારીએ સાફ શબ્દોમાં કહી દીધું છે કે હાર્દિકે જો જૂનના ટી-૨૦ વર્લ્ડ કપમાં રમવું હોય તો તેણે બોલિંગમાં પણ પોતાની ક્ષમતા પુરવાર કરવી પડશે, ફરી ઑલરાઉન્ડર તરીકે પોતાને પ્રેઝન્ટ કરવો પડશે. અહીં ખાસ જણાવવાનું કે હાર્દિકે છેલ્લી ત્રણ મૅચમાં એક જ ઓવર બોલિંગ કરી છે. તિવારી તેના વિશે એક જાણીતી વાત કહે છે, 'બધાએ જોયું હશે કે હાર્દિક હાલમાં બોલિંગમાં મોંઘો સાબિત થઈ રહ્યો છે. તેનો ઇકોનોમી-રેટ લગભગ ૧૧.૦૦નો છે જે ઘણો ખરાબ કહેવાય.'



તિવારીએ હાર્દિક ઉપરાંત શિવમ દુબે વિશે કહ્યું છે કે 'હાર્દિકનું અત્યારનું ફૉર્મ જોતાં તેને ટી-૨૦ વર્લ્ડ કપમાં કદાચ સિલેક્ટ નહીં કરવામાં આવે. અજિત આગરકર (ચીફ સિલેક્ટર) એવી પર્સનાલિટી છે જે બહાદુરીભર્યા નિર્ણયો લઈ શકે છે. શિવમ દુબેને જો વર્લ્ડ કપ માટે સિલેક્ટ નહીં કરવામાં આવે તો એની જવાબદારી સીએસકે પર રહેશે, કારણકે તેઓ દુબે પાસે બોલિંગ નથી કરાવી રહ્યા. પાંચમાંથી એક પણ મૅચમાં તેને બોલિંગ નથી આપવામાં આવી. હું ઘણા દિવસથી કહું છું કે હાર્દિકની જગ્યાએ શિવમ દુબેને તૈયાર કરો.'

૩૦ વર્ષનો શિવમ દુબે મુંબઈનો છે. તે લેફ્ટ-હૅન્ડ બૅટર અને રાઇટ-હૅન્ડ પેસ બોલર છે. ભારત વતી તે ૨૧ ટી-૨૦ રમ્યો છે જેમાં તેણે ૨૭૬ રન બનાવ્યા છે અને આઠ વિકેટ લીધી છે. શિવમ દુબેએ ૨૦૧૯માં રૉયલ ચૅલેન્જર્સ બૅંગલૂરું વતી રમીને આઇપીએલમાં કરીઅર શરૂ કરી હતી. બેન્ગલૂરુના ફ્રૅન્ચાઇઝીએ ત્યારે તેને પાંચ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. જોકે છેલ્લા બે વર્ષથી ચેન્નઈ વતી રમે છે અને ૨૦૨૨માં તેણે ૨૮૯ રન અને ૨૦૨૩માં ૪૧૮ રન બનાવ્યા હતા. ચેન્નઈના ફ્રૅન્ચાઇઝીએ શિવમને ૨૦૨૨માં ચાર કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ■

## ટોચની ચેસ સ્પર્ધામાં ત્રણ ભારતીય વચ્ચે તીવ્ર હરીફાઈ, ડી. ગુકેશ પાછો મોખરે આવી ગયો



ટૉરન્ટો: વિશ્વના બીજા નંબરના સૌથી મોટા દેશ કૅનેડાના સૌથી મોટા શહેર ટૉરન્ટોમાં કૅન્ડિડેટ્સ નામની ચેસ ટૂર્નામેન્ટ ચાલી રહી છે અને એમાં ભારતના ત્રણેય ખેલાડીઓ વિશ્વના દિગ્ગજોને ટક્કર આપી રહ્યા છે. એ તો ઠીક, પણ ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન મૅગ્નસ કાર્લસનને હરાવી ચૂકેલા ત્રણેય ભારતીય ખેલાડીઓ અંદર-અંદર પણ એકમેકને હરાવવા કોઈ કસર બાકી નથી રાખતા.

શનિવારની જ વાત કરીએ. ૧૭ વર્ષના ચેન્નઈના ડી. ગુકેશે નાશિકના વિદિત ગુજરાતીને ભારે રસાકસીવાળા મુકાબલામાં હરાવીને પૉઇન્ટ્સ-ટેબલમાં ફરી મોખરાનું સ્થાન મેળવી લીધું હતું. ગુકેશના સૌથી વધુ પાંચ પૉઇન્ટ છે. જોકે રશિયાનો ઇયાન નેપૉમ્નિયાચ્ચી પણ તેની સાથે અવ્વલ સ્થાને છે.

આ ટૂર્નામેન્ટમાં હજી છ રાઉન્ડ બાકી છે અને ગુકેશ (પાંચ પૉઇન્ટ) તથા નેપૉમ્નિયાચ્ચી (પાંચ પૉઇન્ટ) પછી ભારતનો જ આર. પ્રજ્ઞાનાનંદ ૪.૫ પૉઇન્ટ સાથે બીજા નંબરે છે. ચૅમ્પિયન બનવા માટે ફેવરિટ અમેરિકાનો હિકારુ નાકામુરાના પણ ૪.૫ પૉઇન્ટ છે.

જોકે વિદિત ગુજરાતી પણ ગુકેશ અને પ્રજ્ઞાનાનંદથી બહુ પાછળ નથી. વિદિત ૩.૫ પૉઇન્ટ મેળવી ચૂક્યો છે.

મહિલાઓમાં ભારતની કૉનેરુ હમ્પી ૩.૫ પૉઇન્ટ સાથે બીજા નંબરે અને પ્રજ્ઞાનાનંદની મોટી બહેન આર. વૈશાલીના ૨.૫ પૉઇન્ટ છે. ■

# કેલેન્ડર વર્ષના પ્રથમ ૧૦૦ દિવસમાં ઈક્વિટી કરતાં સોનામાં વધુ વળતર

મુંબઈ: શેરબજારમાં પાછલા નાણાકીય વર્ષમાં મળેલા ૨૫થી ૩૦ ટકાના વળતર સામે સોનાએ માંડ ૧૪ ટકા અને ચાંદી તો ચારેક ટકાનું વળતર આપ્યું છે. જોકે કેલેન્ડર વર્ષના પ્રથમ ૧૦૦ દિવસમાં રોકાણકારોને ઈક્વિટી કરતા સોનામાં વધુ વળતર આપ્યું છે અને ઇઝરાયલ-ઇરાન વચ્ચે યુદ્ધની સ્થિતિ તથા ફેડરલ દ્વારા વ્યાજ દરમાં સૂચિત ઘટાડાથી સોનાના ભાવને ટેકો મળી રહ્યો છે.

વર્તમાન કેલેન્ડર વર્ષના પ્રથમ ૧૦૦ દિવસની વાત કરીએ દેશમાં પરંપરાગત એસેટ કલાસમાં ઈક્વિટીઝની સરખામણીએ સોનામાં રોકાણકારોને નોંધપાત્ર ઊંચુ વળતર પ્રાપ્ત થયું છે. વર્તમાન વર્ષના પ્રથમ ૧૦૦ દિવસમાં સેન્સેકસ પર ચાર ટકા જેટલું વળતર છૂટયું છે. જ્યારે સોના પર રોકાણકારોને ૧૪ ટકા જેટલું વળતર છૂટયાનું એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયું હતું.

વર્તમાન વર્ષના પ્રથમ ૧૦૦ દિવસમાં એમસીએક પર સોનાના ભાવમાં દસ ગ્રામ દીઠ રૂપિયા ૮૧૦૦ જેટલો વધારો થયો છે, જ્યારે સેન્સેકસ ૭૫૧૨૪ નવી ઓલટાઈમ હાઈ સાથે ૨૮૮૪ પોઈન્ટ જેટલો વધ્યો છે.

એસેટ કલાસીસમાં સેફ હેવન તરીકે ગણાતા ગોલ્ડમાં ભૌગોલિક રાજકીય તાણને કારણે વૈશ્વિક સ્તરે નવી ઊંચી સપાટી જોવા મળી છે, જેને પરિણામે ઘરઆંગણે પણ નવા ઊંચા ભાવ જોવા મળ્યા છે.

રશિયા-યુક્રેન યુદ્ધ, ઈરાન-ઈઝરાયલ તાણ તથા ઈઝરાયલ-પેલેસ્ટાઈન કટોકટીને કારણે સોનામાં સેફ હેવન ખરીદીથી ભાવ ઊંચકાયા છે. આ ઉપરાંત ફેડરલ રિઝર્વ વ્યાજ દરમાં ઘટાડો કરશે તેવી ધારણાએ પણ સોનાના ભાવને ટેકો આપ્યો છે. નાણાં વર્ષ ૨૦૨૫માં ઈક્વિટીઝ કરતા ગોલ્ડ પરના રોકાણ પર સારું વળતર મળી રહેશે તેવી એક વિશ્લેષકે ધારણા વ્યકત કરી હતી.

# ઈરાનનું સંપૂર્ણ કક્ષાનું લશ્કરી આક્રમણ શૅરબજારની તેજી માટે ઘાતક બનશે, કરેકશન આગળ વધવાની સંભાવના

ફોરકાસ્ટ

નિલેશ વાઘેલા

શેરબજાર માટે એક તાણે ત્યાં તેર તૂટે, જેવો ઘાટ થયો છે. એક તરફ અમેરિકાની ફેડરલના રેટકટની ટાળમટોળને કારણે તેજી સામે અવરોધ સર્જાવાની ભીતિ છે, ત્યાં બીજી તરફ ઇરાન અને ઇઝરાયલ વચ્ચે શરૂ થયેલા લશ્કરી ઘસરણને કારણે વધુ મોટો ખતરો ઊભો થયો છે.

મધ્ય પૂર્વમાં તણાવની સૌથી મોટી અસર ક્રૂડ ઓઈલની કિંમતો પર પડી શકે છે. વાસ્તવમાં ગયા અઠવાડિયે જ, ત્રીજા ક્રમનો સૌથી મોટો ઓપેક ઉત્પાદક દેશ ઇરાન, દમાસ્કસમાં સ્થિત તેના દૂતાવાસ પર શંકાસ્પદ ઇઝરાયેલી યુદ્ધ વિમાનના હુમલાનો બદલો લઈ શકે છે, એવી અટકળો વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવ છ મહિનાની ટોચની નજીક પહોંચી ગયા હતા.

સપ્તાહને અંતે આ આશંકા સાચી ઠર્યા પછી, વિશ્લેષકો હવે એવો ભય વ્યક્ત કરી રહ્યાં છે કે ક્રૂડ ઓઈલના ભાવ, જે શુક્રવારે ૯૦ પ્રતિ બેરલના માર્કની નજીક સ્થિર થયા હતા,

તે આગામી થોડા દિવસોમાં ૧૦૦ ડોલરની સપાટીને પાર કરી શકે છે. સર્વકાલીન ઉચ્ચ સ્તરે જોખમી રીતે સ્થિત, સેન્સેક્સ અને નિફ્ટીને સોમવારે કદાચ જબરો આંચકો અનુભવી શકે છે કારણ કે ઇઝરાયેલ સામે ૩૦૦થી વધુ ડ્રોન અને મિસાઇલો સાથે ઇરાનના અભૂતપૂર્વ સંપૂર્ણ કક્ષાના લશ્કરી હુમલાના પરિણામ વિશે ઇક્વિટી ઇન્વેસ્ટર્સ અને હેજ ફંડો ચિંતિત છે.

અન્ય પરિબળો ઉપરાંત ભારત-મોરેશિયસ ટેક્સ સંધિમાં ફેરફારને લગતી ચિંતાઓ વચ્ચે એફઆઇઆઇએ લગભગ એક અબજ ડોલરની ચોખ્ખી વેચવાલી નોંધાવ્યા બાદ શુક્રવારે, સેન્સેકસમાં લગભગ ૮૦૦ પોઈન્ટ્સનો કડાકા નોંધાયો હતો.

અમેરિકાના ઇન્ફલેશનના વધારા પાછળ બોન્ડ યિલ્ડમાં ઉછાળો આવવા સાથે જૂનમાં રેટ કટની આશા ધોવાઇ જતાં સેન્સેક્સ અને નિફ્ટીમાં એક ટકાનો કડાકો નોંધાયો છે. શેરબજારમાં સત્રના અંતિમ દિવસે પીછેહઠ જોવા મળી હોવા છતાં નિષ્ણાતો અનુસાર સ્થાનિક અર્થતંત્રના ફંડામેન્ટલ્સ પણ સારા હોવથી બજારનો અંડરટોન મજબૂત છે. જોકે હવે ઇરાન-ઇઝરાયલના યુદ્ધના મંડાણને કારણે તેઓ રોકાણકારોને સાવચેતીનુ વલણ અપનાવવાની સલાહ આપી રહ્યાં છે.

ટેક્નિકલ ધોરણે જોઇએ તો નિફ્ટીએ તેની ૨૨,૬૦૦ની ટેકાની સપાટી પણ તોડી નાંખી હોવાથી ઘટાડો આગળ વધી શકે એવા સંકેત છે. શેરબજારે જે ઝડપથી આગેકૂચ કરી છે, તે જોતાં કરેકશન અનિવાર્ય જ હોય છે. સેન્સેક્સ પાછલા એક વર્ષમાં લગભગ ૨૫ ટકા વધ્યો છે અને તે ૨૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ બાવન સપ્તાહની ૫૯,૪૧૨.૮૧ પોઇન્ટની નીચી સપાટી સામે ૨૬ ટકાથી વધુ ઊછળ્યો છે.

ઝડપી ઉછાળા બાદ પ્રત્યાઘાતી ઘટાડો બજારના સ્વાસ્થ્ય માટે સારો ગણાય છે. આ ઉપરાંત ખાસ કરીને અમેરિકા તરફથી મળતા સંકેતમાં એવો સ્પષ્ટ ઇશારો છે કે વિદેશી ફંડોની વેચવાલી અટકવાની નથી. આ ઓછું હોય તેમ ઇરાન અને ઇઝરાયલની અથડામણને કારણે એફઆઇઆઇનો ઇનફ્લો તો ઘટશે જ પરંતુ આઉટફ્લો વધી શકે છે. અમેરિકા અને અન્ય મુખ્ય અર્થતંત્રોમાં વ્યાજ દરની સ્થિતિ, ભારતમાં ચોમાસાની પ્રગતિ, કોર્પોરેટ પરિણામો, વિદેશી ભંડોળનો પ્રવાહ અને આર્થિક ફંડામેન્ટલ્સ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર મોટી અસર કરશે. એક રાહતની બાબતમાં સ્કાયમેટે ૨૦૨૪ માટે સારા વરસાદની આગાહી કરી છે.

અમેરિકા અને ઇરાનના બાહ્ય પરિબળોને બાજુએ મૂકીને જોઇએ તો, એક વર્ગ માને છે કે આ ઇલેકશન રેલી છે અને તેથી થોડો સમય સુધી આગળ વધતી રહેશે. જ્યારે એક વર્ગ એવું માને છે કે ઇલેકશન રેલી હોવાને કારણે જ રોકાણકારોએ સંભાળવું જોઇએ, કારણ બજાર ગમે ત્યારે અચાનક ગબડી શકે છે.

જોકે, ઉક્ત પરિબળોને અવગણી શકાય એમ નથી. બજારને કરેકશન તરફ દોરી શકે એવા મુખ્ય અને પ્રત્યક્ષ બાહ્ય પરિબળોમાં ઇરાન મુખ્ય અવરોધ અને જોખમ છે. જ્યારે અમેરિકામાં ઇન્ફ્લેશનના ડેટા વધુ પડતા મજબૂત આવ્યા હોવાથી વિશ્વબજાર ડહોળાઇ ગયું છે. અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઇઝ ઇન્ડેક્સમાં માર્ચથી મજબૂત ડેટા જાહેર થતાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં જૂનમાં કપાત લાગુ કરે એવી શક્યતાઓ ધૂંધળી બની ગઇ છે. ફેબ્રુઆરીમાં ૩.૨ ટકાની સપાટીએ પહોંચેલો યુએસ સીપીઆઇ ઇન્ફ્લેશનનો આંક માર્ચમાં ૩.૫ ટકાના સ્તરે પહોંચ્યો છે.

યુદ્ધ અને તેની અસરોનું ચિત્ર આગામી દિવસોમાં સ્પષ્ટ થશે, પરંતુ માત્ર આર્થિક બાબતો જોઇએ તો અમેરિકન શેરબજારોના નકારાત્મક ટ્રેન્ડની અસર ભારતીય બજાર પર દેખાઇ શકે છે. ફેડરલ રિઝર્વ ઇન્ફ્લેશનમાં વધુ નોંધપાત્ર ઘટાડાની રાહ જોઇ રહી છે. ફેડરલે આ માટે બે ટકાનો લક્ષ્યાંક રાખ્યો છે, તે જોતા લાગે છે વ્યાજદરમાં કપાત જૂનમાં થવાની સંભાવના નથી અને ત્રણને સ્થાને વર્ષમાં બે જ વખત રેટ કટ શક્ય બનશે.

આ ઉપરાંત ક્રૂડ ઓઇલના ભાવમાં ઉછાળો નોંધાયો છે અને સેન્ટિમેન્ટને ખરડી શકે એવા બીજા પરિબળમાં અમેરિકાના ટ્રેઝરી બોન્ડની યિલ્ડમાં ઉછાળો આવ્યો છે.

ઇન્ફ્લેશનના ઊંચા આંક પછી અમેરિકન શેરબજારોમાં થયેલા ધોવાણ બાદ ૧૦ વર્ષના ટ્રેઝરી બિલની યિલ્ડ મંગળવારે ૪.૩૬ ટકા હતી તે ઉછળીને બુધવારે ૪.૫૪ ટકા સુધી પહોંચી ગઇ હતી. જ્યારે બે વર્ષની ઉપજ તો ૪.૭૪ ટકા સામે વધુ તીવ્રતાથી ઉછળીને ૪.૯૭ ટકા સુધી પહોંચી હતી. આ જોતા વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)ની વેચવાલી વધુ તીવ્ર બની શકે છે.

ભારતીય શેરબજાર માટે મજબૂત ફંડામેન્ટલ, કોર્પોરેટ ક્ષેત્રના ચોથા કવાર્ટરના મજબૂત પરિણામની સંભાવના અને ઇલેકશનના કરંટ જેવા પરિબળો આધાર આપી શકે છે, પરંતુ એફઆઇઆઇનું વલણ મહત્ત્વની ભૂમિકામાં રહેશે.

ટોચના ટેક્નિકલ એનાલિસ્ટે બજારની આગામી ચાલ સંદર્ભે કહ્યું હતું કે રેઝિસ્ટન્સ ઝોન ૨૨,૭૦૦-૨૨,૭૫૦ પોઇન્ટની રેન્જમાં છે, જ્યારે સપોર્ટ લેવલ ૨૨,૬૦૦ પોઇન્ટની સપાટીએ હતું.

નિફ્ટીએ શુક્રવારના સત્રમાં સપોર્ટ લેવલ તોડીને ૨૨,૫૦૦ની સપાટી બતાવી છે. બજાર રેન્જ-બાઉન્ડ રહેવાની સંભાવના હોવા સાથે અત્યારે તો રોકાણકારો માટે માત્ર નિરિક્ષકની ભૂમિકામાં રહેવું હિતાવહ જણાય છે.

# સરકાર કઠોળના ભાવ ડામવા કડક હાથે કામ લેશે, આજથી સાપ્તાહિક સ્ટોકનો રિપોર્ટ આપવો પડશે

મુંબઇ: ચૂંટણીઓ નજીક આવી રહી છે તેમ સરકાર મોંઘવારી ઘટાડવા વધુ પ્રયત્નશીલ બની રહી હોય ઓવું લાગે છે. હવે સરકારે કઠોળના ભાવ ડામવા કડક હાથે કામ લેવાનું નક્કી કયર્જું છે, જેની અંતર્ગતના એક પગલાંમાં આજથી ટ્રેડર્સ અને ઇમ્પોર્ટસર્ઈ સાપ્તાહિક સ્ટોકનો રિપોર્ટ આપવો પડશે.

કઠોળની વધતી કિંમતો અને તેની ઉપલબ્ધતા વધારવા માટે સરકારે મોટુ પગલું લીધુ છે.

કન્ઝયુમર બાબતોના સચિવ નિધી ખરેએ ૧૫ એપ્રિલ, ૨૦૨૪ દરમિયાન ઓનલાઈન સ્ટોક મોનિટરિંગના સંચાલન માટે દાળના ઈન્ડસ્ટ્રી લીડર્સ સાથે દાળની ઉપલબ્ધતાની સમીક્ષા કરી હતી.

તેમણે કહ્યું હતું કે, કઠોળના વાયદા ટ્રેડિંગમાં સામેલ કોઈપણ વ્યકિત વિરૂદ્ધ એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. વેરિફિકેશન માટે ઈન્ડસ્ટ્રી પાસેથી ફીડબેક અને અલગ-અલગ માર્કેટ પ્લેયર્સ સાથે મળી સ્ટોકની સ્થિતિ સંબંધિત માહિતી એકત્ર કરી હતી.

આયાતકારો અને અન્ય વેપારીઓએ જેમ કે, દાળ બનાવતા માલિકો, સ્ટોકિસ્ટો, રિટેલ વેપારીઓ સહિત તમામે ૧૫ એપ્રિલ, ૨૦૨૪થી સંબંધિત સરકારી પોર્ટલ પર સાપ્તાહિક ધોરણે આયાત પીળા વટાણા સહિત ઉપલબ્ધ તમામ દાળના સ્ટોક વિશે માહિતી રજૂ કરવાની રહેશે.

સરકારે મ્યાનમાર પાસેથી દાળની આયાત કરનારા વેપારીઓ માટે પેમેન્ટ મિકેનિઝમ સરળ અને અનુકૂળ બનાવ્યા છે.

કન્ઝયુમર બાબતોના મંત્રાલયે એક નિવેદન આપ્યું હતું કે, આયાતકારોએ પંજાબ નેશનલ બેન્ક મારફત સ્પેશિયલ રૂપિ વોસ્ટ્રો એકાઉન્ટ દ્વારા રૂપિ ક્યાત ડાયરેક્ટ પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરવા કહ્યું છે. ભારતની ઘરેલુ અછત દૂર કરવા ખાસ કરીને તુવેર અને અડદની દાળની આયાત મ્યાનમારથી થાય છે.

નવુ મિકેનિઝમ સમુદ્રી અને સીમા પારના વેપારો માટે પણ લાગુ થશે. ટ્રેડર્સ દ્વારા મિકેનિઝમ અપનાવવા કરન્સી કન્વર્ઝન સંબંધિત ખર્ચ ઘટશે. તેમજ ફોરેક્સ રેટ સંબંધિત પડકારો પણ દૂર થશે.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સહિત તમામ સ્ટોકહોલ્ડિંગ સંસ્થાઓ દ્વારા વીકલી સ્ટોક ડિસક્લોઝર લાગુ કરવા અને તેમના દ્વારા જારી સ્ટોકને વેરિફાઈ કરવા કહ્યું છે.

દરમિયાન ટોચના પોર્ટ્સ અને દાળ ઉદ્યોગ કેન્દ્રોમાં સ્થિત ગોડાઉનમાં ઉપલબ્ધ સ્ટોકનું સમયાંતરે વેરિફિકેશન કરવા અને ખોટી માહિતી આપનારા વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા નિર્દેશ કર્યો છે.

# ટેલિકોમ કંપનીઓ જૂન-જુલાઇથી ટેરિફ રેટ વધારવાની તૈયારીમાં: મોબાઇલ રિચાર્જ ૧૭% સુધી મોંઘું થઇ શકે

મુંબઇ: ટેલિકોમ કંપનીઓ અલગ-અલગ મોબાઈલ સર્વિસ પ્લાનના ટેરિફમાં વધારો કરવા જઈ રહી છે. એક રિપોર્ટ અનુસાર આ વર્ષે મોબાઈલ સર્વિસ ટેરિફમાં ૧૫થી ૧૭ ટકા સુધીનો વધારો થઈ શકે છે. તે જ સમયે, જીઓ અને એરટેલ તેમના પ્રીમિયમ વપરાશકર્તાઓને અમર્યાદિત ડેટા આપવાનું બંધ કરી શકે છે.

કંપનીઓ જૂન-જુલાઈ મહિના સુધીમાં ટેરિફ વધારવાનો નિર્ણય લઈ શકે છે. કેટલાક અન્ય નિષ્ણાતો માને છે કે મોબાઇલ ફોન સેવાઓ ૨૦ ટકા સુધી મોંઘી થશે. તે જ સમયે ફોર-જીની તુલનામાં ફાઇવ-જી સેવા માટે પાંચથી દસ ટકા વધુ ચાર્જ વસૂલવામાં આવી શકે છે.

બજાર હિસ્સાની દષ્ટિએ દેશની બીજી સૌથી મોટી ટેલિકોમ કંપની ભારતી એરટેલ ત્રણ વર્ષમાં, રેવેન્યુ પર યુઝર (આરપીયુ) એટલે કે વપરાશકર્તા દીઠ સરેરાશ કમાણી રૂ. ૨૦૮થી વધારીને રૂ. ૨૮૬ કરવા માગે છે. આ માટે કંપની ટેરિફમાં લગભગ પંચાવન રૂપિયાનો વધારો કરી શકે છે. જીઓ આ વર્ષે તેના ટેરિફમાં સરેરાશ ૧૫ ટકાનો વધારો કરી શકે છે. કંપનીઓ વાસ્તવમાં રોકાણ પર ઓછા વળતરની ભરપાઈ કરવાનો પ્રયાસ કરવા મગે છે. બેન્ક ઓફ અમેરિકા અનુસાર ભારતીય ટેલિકોમ કંપનીઓએ ફાઇવ-જી સ્પેક્ટ્રમ પર મોટી રકમ ખર્ચી છે. સરખામણીમાં આરઓસીઇ (રિટર્ન ઓફ કેપિટલ એમ્પ્લોયડ), એટલે કે ખર્ચના પ્રમાણમાં કમાણી, ઘણી ઓછી છે. અમર્યાદિત યોજનાઓના કારણે કંપનીઓની આવક અત્યાર સુધી ઓછી રહી છે. છેલ્લે નવેમ્બર ૨૦૨૧માં ટેરિફમાં વધારો કરવામાં આવ્યો હતો. મોબાઈલ ટેરિફમાં છેલ્લો વધારો નવેમ્બર, ૨૦૨૧માં કરવામાં આવ્યો હતો. તે સમયે વોડાફોન આઈડિયાએ ટેરિફમાં લગભગ ૨૦ ટકા, ભારતી એરટેલ અને જિયોએ ૨૫ ટકા જેટલો વધારો કર્યો હતો.

# ભારત દ્વારા આસિયાન સાથેની વેપાર ખાધમાં વધારો કરાવનાર ૧૪ વર્ષ જૂના વેપાર કરારની સમીક્ષા શરૂ

મુંબઈ : ૨૦૦૯ના ઑગસ્ટમાં સાઈન થયેલા અને ૨૦૧૦થી અમલી બનેલા એસોસિએશન ઓફ સાઉથઈસ્ટ એસિયન નેશન્સ (આસિયાન) સાથેના ૧૪ વર્ષ જુના વેપાર કરાર (એફટીએ)ની ભારતે સમીક્ષા શરૂ કરી છે.

વિવિધ પ્રોડકટસ ખાસ કરીને જેમાં ફિનિશ્ડ પ્રોડકટસ કરતા કાચા માલ પર વેરાના દર ઊંચા છે તેના પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. કેટલીક અસમતુલા જેને કારણે દેશના ઉત્પાદકોને સહન કરવું પડી રહ્યું છે તેને દૂર કરવા આ સમીક્ષા થઈ રહી હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

આયાત ડયૂટીમાં અસમાનતા, રૂલ્સ ઓફ ઓરિજિન તથા નોન-ટેરિફ અડચણોની ચકાસણી કરાશે. ઈન્વર્ટેડ ડયૂટી માળખા જેને કારણે ઉત્પાદકોને નુકસાન થઈ રહ્યું છે તેની વાણિજ્ય તથા ઉદ્યોગ મંત્રાલયે દેશના ઉદ્યોગો પાસેથી માહિતી પણ મંગાવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

નાણાં વર્ષ ૨૦૧૦-૧૧માં આસિયાન દેશો સાથે ભારતની વેપાર ખાધ જે પાંચ અબજ ડોલર હતી તે વેપાર કરારના ૧૩ વર્ષ બાદ નાણાં વર્ષ ૨૦૨૩માં વધી ૪૩.૬૦ અબજ ડોલર પહોંચી ગઈ હતી. દસ સભ્યના આસિયાનમાં દારુસલેમ, થાઈલેન્ડ, મલેશિયા, વિયેતનામ, સિંગાપુર, ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા, કમ્બોડિયા, લાઓસ તથા મ્યાનમારનો પણ સમાવેશ થાય છે.

હાલના એફટીએની દરેક જોગવાઈઓ તેર વર્ષ જુની છે અને હાલમાં વિદેશ વેપારમાં વ્યાપક ફેરબદલ આવી ગયા છે, માટે કરારને નવેસરથી કરવાની જરૂરત છે એમ ભારતના વાણિજ્ય મંત્રાલયના એક અધિકારીએ અગાઉ જણાવ્યું હતું.

લેપટોપ્સ, આઈટી હાર્ડવેર, ટેલિકોમ સાધનો, સ્ટેનલેસ સ્ટીલ પ્રોડકટસ વગેરેનો એસિયન દેશો ખાતેથી ભારતમાં આયાતમાં વધારો થયો છે.

# કઠોળ અને તેલીબિયાંનાં વાવેતર વિસ્તારમાં વધારો મોંઘવારીને કાબૂમાં રાખશે એવી આશા

નવી દિલ્હી: ઉનાળુ પાકની વાવણી પુરજોશમાં ચાલી રહી છે. ચાલુ ઉનાળાની સિઝનમાં કઠોળ, તેલીબિયાં પાક તેમજ ડાંગરના વાવેતરમાં વધારો જોવા મળી રહ્યો છે. કઠોળની વધતી મોંઘવારી વચ્ચે કઠોળના પાકના વિસ્તારમાં વધારો ગ્રાહકો માટે સારા સમાચાર છે.

વર્તમાન ઉનાળાની સિઝનમાં ડાંગરનો વાવેતર વિસ્તાર આશરે ૧૧ ટકા વધીને ૨૯.૪૪ લાખ હેક્ટર થયો છે. આ સિઝનનો મુખ્ય કઠોળ પાક મગ છે. પાંચમી એપ્રિલ સુધી ઉનાળાની ઋતુમાં ૬.૫૨ લાખ હેક્ટરમાં મગનું વાવેતર થયું છે. અગાઉના સમાન સમયગાળામાં આ આંકડો ૬.૩૩ લાખ હેક્ટર હતો. દેખીતી રીતે, આ ઉનાળાની સિઝનમાં મગના વિસ્તારમાં ૩ ટકાનો વધારો થયો છે. આ સિઝનના બીજા મુખ્ય કઠોળ પાક અડદના વિસ્તારમાં ૫.૬ ટકાનો વધારો થયો છે.

પાંચમી એપ્રિલ સુધી અડદનું વાવેતર ૨.૨૩ લાખ હેક્ટરમાં થયું છે, જ્યારે ગયા વર્ષે આ તારીખ સુધીમાં ૨.૧૧ લાખ હેક્ટરમાં અડદનું વાવેતર થયું હતું. ચાલુ ઉનાળાની સીઝનમાં કઠોળની કુલ વાવણી અત્યાર સુધીમાં ૮.૯૭ લાખ હેક્ટરમાં નોંધાઈ છે,

આ આંકડો અગાઉના સમાન સમયગાળામાં ૮.૭૦ લાખ હેક્ટરમાં થયેલી કુલ વાવણી કરતાં ૩.૧૦ ટકા વધુ છે. ચાલુ ઉનાળાની ઋતુમાં તેલીબિયાં પાકોના વિસ્તારમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આ સપ્તાહ સુધીમાં કુલ ૮.૪૮ લાખ હેક્ટરમાં તેલીબિયાં પાકનું વાવેતર થયું છે.

આ આંકડો અગાઉના સમાન સમયગાળામાં ૮.૨૬ લાખ હેક્ટરમાં વાવેલા કુલ તેલીબિયાં પાક કરતાં વધુ છે. મગફળી એ ઉનાળાની ઋતુનો સૌથી મોટો તેલીબિયાં પાક છે. આ સપ્તાહ સુધીમાં ૩.૮૯ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર થયું છે. અગાઉના સમાન સમયગાળામાં આ આંકડો ૩.૭૭ લાખ હેક્ટર હતો.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

PUBLIC NOTICE

One MR. AMARCHAND JEEVRAJ PAREKH, who was the original tenant of the Residential Tenanted Premises bearing Nos. 5&6, in Chetan Kunj, N. P. Thakkar Road, Vile Parle (East), Mumbai – 400 057, died on 11.11.2021. ('Said Tenanted Premises')

My client intends to purchase the tenancy rights in the 'Said Tenanted Premises' from 1) MRS. TARADEVI AMARCHAND PAREKH, 2) MR. ANAND AMARCHAND PAREKH, and 3) MR. SHRIPAL AMARCHAND PAREKH, the heirs and successors of late Amarchand Jeevraj Parekh.

All/any person/s having any right, title, interest, benefit, claim/objection, or demand, in respect of 'Said Tenanted Premises' or any part thereof described in the Schedule hereunder by way of sale, exchange, gift, transfer, lease, tenancy, license, mortgage, charge, lien, trust, inheritance, bequest, easement, possession, hypothecation, maintenance, Decree or Order of any Court of Law, agreement, or otherwise howsoever, are hereby requested to make the same known in writing supported by notarised certified true copies of all documentary proof in support thereof, to the undersigned at "Office No. 323, Gokul Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai – 400 057 (email:- prassociates.mumbai@gmail.com)" within fourteen days (14) days from the date of publication hereof, if no such or any claim, received it shall be deemed to have been waived and/or abandoned.

Sd/-
**(Adv. Pradeep A. Rane)**
Place: Mumbai Dt: 15/04/2024


# બેન્કિંગ સેક્ટરના આઉટલુક ૨૦૨૫ માટે સ્ટેબલ, પણ ક્રેડિટ ગ્રોથ ઘટીને ૧૧.૬ ટકા રહી શકે!

મુંબઇ: સ્થાનિક રેટિંગ એજન્સી ઇકરાએ ક્રેડિટ ગ્રોથ અને નફાકારકતામાં સામાન્ય સુધારાને પગલે બેન્કિંગ સેક્ટર માટે તેના આઉટલુકને પોઝિટિવમાંથી સ્ટેબલ કર્યું છે. એજન્સીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ક્રેડિટ ગ્રોથ ઘટીને ૧૧.૬-૧૨.૫૦ ટકા રહેશે જે નાણાકીય વર્ષ ૨૦૨૪ દરમિયાન ૧૬.૩૦ ટકા રહ્યો હતો.

બીજી તરફ ઉચ્ચ દરે ડિપોઝિટ પેઆઉટને કારણે નીચલા સ્તરે ઇન્ટરેસ્ટ ઇનકમ માર્જિનને કારણે પણ પ્રોફિટમાં ઘટાડો થશે. બેન્કિંગ સિસ્ટમની નોન પરફોર્મિંગ એસેટ્સનો ગુણોત્તર માર્ચ ૨૦૨૪ના ત્રણ ટકાથી ઘટીને માર્ચ ૨૦૨૫ સુધીમાં ૨.૨૦ ટકા પર પહોંચી શકે છે, જે સપ્ટેમ્બર ૨૦૧૧ બાદ સૌથી નીચલા સ્તરે રહેશે.

નાણાકીય વર્ષ ૨૦૨૫માં અનસિક્યોર્ડ રિટેલ એડવાન્સ તેમજ નોન બેન્કિંગ ફાઇનાન્સ કંપનીઓને લોનમાં ઘટાડો થશે જેના પરિણામે એકંદરે નોન ફૂડ ક્રેડિટ ગ્રોથમાં ઘટાડો જોવા મળશે. આરબીઆઇ દ્વારા ગત નવેમ્બર અનસિક્યોર્ડ લોન્સના વિતરણ પર અંકુશ માટે રિસ્ક વેઇટમાં વધારા બાદ આ પ્રકારની લોનનું વિતરણ પણ અગાઉના ૨૯.૪%થી ઘટીને ૨૩ ટકા નોંધાયું છે.

જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૫માં ડિપોઝિટ્સની હેરફેર ચાલુ રહેશે અને બેન્કોએ વધુ ફંડને આકર્ષિત કરવા માટે ડિપોઝિટના દરોમાં પણ વધારો કરવો પડશે. ઓપરેટિંગ ખર્ચમાં વધારાથી પણ પ્રોફિટને અસર થશે. એજન્સી અનુસાર ઓપરેટિંગ ખર્ચમાં વધારો થવાને કારણે પણ બેન્કિંગ સેક્ટરના પ્રોફિટને અસર થઇ શકે છે.

એ વાત પણ નોંધવી રહી કે, પ્રોફિટને અસર કરે તેવો ક્રેડિટ ખર્ચમાં ઘટાડો થશે.

# કોલસા આધારિત વીજ પ્લાન્ટોને ઓક્ટોબર સુધી કાર્યરત રાખવા સૂચના

મુંબઈ: વર્તમાન નાણાં વર્ષમાં દેશમાં કેપ્ટિવ તથા કમર્શિઅલ કોલ બ્લોકસમાંથી ૧૭ કરોડ ટન કોલસા ઉત્પાદનનો સરકારે ટાર્ગેટ નિશ્ચિત કર્યો છે. બીજી બાજુ સરકારે આયાતી કોલસા આધારિત વીજ પ્લાન્ટોને ઓકટોબર સુધી કાર્યરત રહેવા સૂચના આપી છે.

નાણાં વર્ષ ૨૦૨૪માં કેપ્ટિવ તથા કમર્સિઅલ બ્લોકસમાંથી ૧૪.૭૨ કરોડ ટન કોલસો કાઢવામાં આવ્યો હતો જે નાણાં વર્ષ ૨૦૨૩ની સરખામણીએ ૨૬ ટકા વધુ હતો.

જે લોકોને કોલ બ્લોકસ ફાળવાયા છે તેમને ૧૭ કરોડ ટન કોલસાના ઉત્પાદનની ખાતરી હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન અન્ય એક અહેવાલ પ્રમાણે સરકારે આયાતી કોલસા આધારિત વીજ પ્લાન્ટોને ૧૫ઓકટોબર સુધી સંપૂર્ણ ક્ષમતાએ કાર્યરત રહેવા સૂચના આપી છે. અગાઉ આ સૂચના ૩૦ જૂન સુધીની હતી.

વર્તમાન વર્ષના ઊનાળામાં વીજની માગ ઊંચી રહેવાની શકયતાને ધ્યાનમાં રાખી સરકારની આ સૂચના આવી પડી હોવાનું માનવામાં આવે છે. ગયા નાણાં વર્ષમાં દેશમાં વીજ માગમાં આઠ ટકા વધારો જોવા મળ્યો હતો.

# રિઝર્વ બેન્ક એલઆરએસનો દુરુપયોગ ટાળવા વિદેશ મોકલાતા ફંડની તપાસ કરશે

નવી દિલ્હી: જો તમે કોઇ બીજા દેશમાં પૈસા મોકલો છો અથવા પોતે લઇને વિદેશ જઇ રહ્યાં છો તો તમારે બેન્કના કેટલાક સવાલોના જવાબ આપવા પડી શકે છે. બેન્કોએ આવા પૈસાનો સ્રોત પૂછવાનું શરૂ કરી દીધું છે, ખાસ કરીને ત્યારે, જ્યારે તેનો ઉપયોગ વિદેશમાં પ્રોપર્ટી ખરીદવા માટે કરવાનો હોય.

એવા મામલા પણ સામે આવ્યા છે, જ્યારે બેન્કે ફંડના સ્રોત અંગે જાણકારી મેળવવા માટે ખાતાધારકની આવકની જૂની વિગતોને ચકાસી છે. બેન્કોએ ગ્રાહકોને એવું પણ પૂછ્યું છે કે જે પૈસા દેશની બહાર મોકલાઇ રહ્યા છે, તે કોઇ સંબંધીને ભેટમાં તો મળ્યા નથી ને. બેન્કિંગ સેક્ટરમાં આ નવી પ્રેક્ટિસ છે. પહેલા બેન્ક વિદેશ જતા પૈસાનો સ્રોત પૂછતી નહોતી, તેવું કરવું અનિવાર્ય નથી. શંકાસ્પદ મામલે જ તેની તપાસ કરાય છે.

રિઝર્વ બેન્કની લિબરલાઇઝ્ડ રેમિટન્સ સ્કીમ (એલઆરએસ) હેઠળ દેશના નાગરિકોને પ્રોપર્ટી, સિક્યોરિટીઝ (જેમ કે શેર્સ, બોન્ડ) ખરીદવા અને સંબંધીઓની જરૂરિયાત પૂરી કરવા જેવા નિર્ધારિત લક્ષ્યો માટે વાર્ષિક ૨.૫૦ લાખ ડોલર સુધી વિદેશ મોકલવાની અનુમતિ છે.

કેટલાક ટેક્સ પ્રોફેશનલ્સ અને બેન્કરોએ કહ્યું કે ઑથોરાઇઝ્ડ ડીલર એટલે કે બેન્કોએ હવે એલઆરએસ રેમિટન્સ ક્લિયર કરતા પહેલા પૂછપરછ વધારી છે. બેન્ક પહેલા ફંડનો સ્રોત પૂછતી નહોતી, પરંતુ અમુક કિસ્સાને કારણે આ નિર્ણય લેવાયો હોવાનું સાધનો જણાવે છે.

સુવિધાના ખોટા ઉપયોગની આશંકા: ઓછામાં ઓછી બે ખાનગી બેન્કોએ તાજેતરમાં જ ગ્રાહકોને ફંડના સ્રોતની પૂછપરછ શરૂ કરી છે. બેન્કને આશંકા છે કે કેટલાક લોકો એલઆરએસ વિન્ડોનો ઉપયોગ એ ઉદ્દેશ્ય માટે કરી રહ્યા છે, જેના માટે તે નથી. બેન્કોને ફંડનો સ્રોત જાણવાનો હક છે. બેન્કિંગ નિષ્ણાંતે જણાવ્યું કે બેન્કને એ અધિકાર છે કે તેઓ વિદેશ મોકલવામાં આવતા ફંડના સ્રોત અંગે સવાલ કરી શકે છે.


PUBLIC NOTICE

1. NOTICE OF CAUTION IS HEREBY GIVEN TO PUBLIC AT LARGE that under a Memorandum of Understanding dated 28th February, 2017 we have acquired valuable rights in respect of the property viz. land bearing CTS No.232 corresponding to Survey No.482, Hissa No.1 admeasuring 6731 Sq.mtrs. and land bearing CTS No.231, admeasuring 1325.6 Sq.mtrs. corresponding to Survey No.482, Hissa No.2 aggregating to 8591 Sq. mtrs. or thereabout situated lying and being at Village Malad(South), Mota Pada (Bhandarwada) near K.G. Mittal College, Liberty Garden, Malad(W), Mumbai-400 064 ("said property").

2. The aforesaid property has been developed under the SRA Scheme i.e. under a duly approved Development Plan Remark vide No. CHE/01/DPWS/P/N dated 15th May, 2015 issued by the Municipal Corporation of Gr. Mumbai r/w Annexure-II issued by the Addl. Collector, Mumbai bearing No. U/IV/D-13/33(10)/SR-141/97 dated 18th February, 1997 and Letter of Intent (LOI) bearing No. SRA/ENG/423/PN/PL/LOI dated 7th May, 2009, portion of the said larger land is reserved for hospital and municipal primary school. Under the terms of the said MoU all the benefits of the buildable reservation of the school to be constructed on the plot is with us only.

3. As there is internal dispute going on between ourselves and M/s. Sun-Vision Estate & Consultants Pvt. Ltd. (now known as "M/s. Sheth Creators and Sun-Vision Pvt. Ltd.") for which requisite Criminal complaint has already been filed with EOW, MPID Court vide C.R. No 412 of 2023.

4. It is therefore, informed to the PUBLIC AT LARGE that till resolution of the internal dispute and construction of the Primary Municipal School as per the aforesaid LOI in the plot under development, Occupation Certificate will not get issued in respect of the Buildings named "Irene" to be constructed on the said plot. Therefore, the PUBLC AT LARGER are hereby warned not to enter into any Agreement for Sale with M/s. Sheth Creators and Sun-Vision Pvt. Ltd. in respect of the aforesaid property. Inspite of the same, if anyone deals with the said Builder/Developers in connection with the said Building to be constructed on the said property, the same would be done at their own risks and consequences.

Dated this 12th Day of April, 2024

(RAJEEV MANMOHAN GUPTA)
(VICKY MADANMOHAN GUPTA)
Mob. No.: 9820797774

# યહ તો અભી ટ્રેલર હૈ... હમારી તાકત કો ઔર મત પરખો







(અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: 'યહ તો અભી ટ્રેલર હૈ... હમારી તાકત કો ઔર મત પરખો... ઈસકે બાદ ગોલિયાં ખાલી ઘર પર નહીં ચલેંગે...' જેલમાં બંધ ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈના ફેસબુક પેજ પર મૂકવામાં આવેલા ધમકીભર્યા મેસેજમાં આવા મતલબનું લખાણ હોવાનું પોલીસનું કહેવું છે.

બાન્દ્રામાં સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબારની ઘટનાના ગણતરીના કલાકો બાદ સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ ફેસબુક પરની એક પોસ્ટ વાયરલ (જુઓ પાનું ૪) ▶▶

## શિંદેની સુરક્ષાની ખાતરી
### વિપક્ષીઓ દ્વારા સરકારની ટીકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણી માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે એ બધાની વચ્ચે જાણીતા અભિનેતા સલમાન ખાનના બાંદ્રા ખાતેના નિવાસસ્થાનની બહાર બિશ્નોઈ ગેંગ દ્વારા કરવામાં આવેલા ગોળીબારને કારણે રાજકીય વાતાવરણ તંગ થયું છે. વિરોધીઓ દ્વારા સરકારની ટીકા કરવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાને સલમાનની સુરક્ષાની ગેરેન્ટી આપી છે.

રવિવારે વહેલી સવારે ફિલ્મ અભિનેતા સલમાન ખાનના બાંદ્રામાં આવેલા ગેલેક્સી (જુઓ પાનું ૪) ▶▶

## સલમાનના નિવાસસ્થાન ફરતેની સુરક્ષામાં વધારો

મુંબઈ: છેલ્લા એક વર્ષથી અભિનેતા સલમાન ખાનને મળી રહેલી ધમકીથી પોલીસે તેની સુરક્ષામાં વધારો કર્યો હતો. અભિનેતાને વાય પ્લસ સુરક્ષા પૂરી પાડવામાં આવી છે. એ સિવાય તેના પોતાના ખાનગી બૉડીગાર્ડ્સ પણ છે. જોકે રવિવારે બનેલી ગોળીબારની ઘટના પછી પોલીસે ગૅલેક્સી એપાર્ટમેન્ટ ફરતેની સુરક્ષામાં વધારો કરવાનો નિર્ણય લીધો હતો.

ગયા વર્ષના માર્ચમાં સલમાનની ઑફિસને એક ઈ-મેઈલ મોકલવામાં આવ્યો હતો. મેઈલમાં સલમાનને ધમકી આપવામાં આવી હતી. તે સમયે બાન્દ્રા પોલીસે લૉરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બ્રાર સહિત (જુઓ પાનું ૪) ▶▶

## શૂટરોએ બે દિવસથી પરિસરમાં રૅકી કરી?

મુંબઈ: બાન્દ્રાના ગૅલેક્સી એપાર્ટમેન્ટ બહાર ગોળીબાર કરનારા શૂટરોએ બે દિવસથી સમગ્ર પરિસરની રૅકી કરી હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું.

ક્રાઈમ બ્રાન્ચનાં સૂત્રોએ જણાવ્યું હતું કે બાઈક પર આવેલા બન્ને શખસ પ્રોફેશનલ શૂટર્સ હોવાનું જણાઈ રહ્યું છે. ગોળીબારની ઘટના ગૅલેક્સી એપાર્ટમેન્ટમાં લાગેલા સીસીટીવી કૅમેરામાં કેદ થઈ હતી. ગોળીબાર પછી બન્ને શૂટર બાઈક પર પવન વેગે ફરાર થઈ ગયા હતા. ગૅલેક્સી એપાર્ટમેન્ટના સિક્યોરિટી ગાર્ડ અને સલમાનના ગાર્ડે બાઈકનો પીછો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આરોપી હાથ લાગ્યા (જુઓ પાનું ૪) ▶▶

## કૃપાલ તુમાને, શિવતારે પછી ભાવના ગવળીને પણ સમજાવવામાં સફળ

# એકનાથ શિંદેએ અસંભવ લાગતી બાબતો શક્ય બનાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદે રાજ્યના સૌથી મજબૂત નેતા તરીકે સામે આવી રહ્યા છે. રાજ્યમાં ચૂંટણીની જાહેરાત થઈ ત્યારથી અનેક પક્ષોમાં નારાજગી અને અસંતુષ્ટિ જોવા મળી રહી છે. બધા નેતાઓમાં ફક્ત એકનાથ શિંદે પોતાના પક્ષમાં રહેલી બધી નારાજીને દૂર કરવામાં સફળ થયા હોવાનું જોવા મળી રહ્યું છે. સત્તાધારી યુતિમાં સામેલ હોવાને કારણે શિવસેનાના ઉમેદવારો બાબતે કેટલાંક નિયંત્રણો આવ્યાં હતાં અને તેને કારણે કેટલાક સંસદસભ્યોની ઉમેદવારી કાપવાની પણ ફરજ પડી હતી. અન્ય પક્ષોમાં આવી બાબતે ખાસ્સી નારાજી થાય અને બળવાખોરી થાય છે, પરંતુ શિવસેનાના સક્ષમ નેતા એકનાથ શિંદે બધાને ખાળવામાં સફળ રહ્યા હતા અને તેમની પાર્ટીમાંથી કોઈ નેતા ઉમેદવારી મેળવવાની લાલચે અન્ય પક્ષમાં જોડાયો નહોતો. જ્યારે શિસ્તબદ્ધ (જુઓ પાનું ૪) ▶▶

# કોસ્ટલ રોડને બાંદ્રા-વરલી સી-લિંક સાથે જોડશે ફૂટબોલના મેદાન જેટલો વિશાળ ગર્ડર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટમાં અત્યંત મહત્ત્વના ગણાતા ૧૩૬ મીટરના સ્પાનનું આગમન મુંબઈમાં થઈ ચૂક્યું છે. આ ૧૩૬ મીટરનો સ્પાન કોસ્ટલ રોડ અને બાંદ્રા-વરલી સી લિંકને જોડવામાં ખૂટતી કડી છે.

આ અંતિમ સ્પાનને જોડવાની સાથે જ કોસ્ટલ રોડ અને બાંદ્રા વરલી સી લિંક એકબીજા સાથે જોડાઈ જશે.

આ વિશાળ ગર્ડર મઝગાંવ ડોક જેટી (ન્હાવા) બંદર પર આવી પહોંચ્યો છે, જેની સાઈઝ મોટા ફૂટબોલ મેદાન જેટલી છે. બહુ જલદી વરલી સાઈટ પર તેને લાવવામાં આવવાનો છે અને તેને જોડવાનું કામ ચાલુ કરવામાં આવવાનું છે.



લગભગ ૨,૦૦૦ મેટ્રિક ટન વજનનો આ સ્પાન કોસ્ટલ રોડ બાંદ્રા વરલી લિંક સાથે જોડાઈ જવાની સાથે જ દક્ષિણ મુંબઈ તરફના ટ્રાફિકમાં મોટી રાહત મળવાની છે. આ સ્પાન જોડાઈ ગયા બાદ કોસ્ટલ રોડના અત્યારનો છેડો વરલી એ બાંદ્રા વરલી સી લિંક સાથે જોડાઈ જશે. મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ અને બાંદ્રા વરલી સી લિંકના વરલી ઈન્ટરચેન્જ વચ્ચે ૮૫૦ મીટરનો ગેપ છે.

અગાઉ ફેબ્રુઆરીમાં ગર્ડરને નાખવાનું કામ ચાલુ થયું હતું અને અત્યાર સુધીમાં ૪૪ અને ૪૬ મીટરના ગર્ડર બેસાડી દેવામાં આવ્યા છે અને હવે ૧૩૬મીટરના સ્પાનની સાથે જ ગેપ દૂર થઈ જશે. ■

## સ્કૂટર સ્કિડ થતાં કૉલેજની વિદ્યાર્થિનીનું મૃત્યુ

મુંબઈ: મિત્ર સાથે કૉલેજમાં જવા નીકળેલી ગુજરાતી યુવતીએ અકસ્માતમાં જીવ ગુમાવ્યો હોવાની ઘટના મીરા રોડમાં બની હતી. શુક્રવારની બપોરે મીરા રોડના ગોલ્ડન નેસ્ટ સ્થિત મેડતિયા નગર ખાતે બનેલી ઘટનામાં ફોરમ શાહ (૨૩)નું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે ફોરમના મિત્ર હર્ષ શાહ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

બોરીવલીમાં રહેતી ફોરમ અને ભાયંદરમાં રહેતો હર્ષ મીરા રોડની કૉલેજમાં ભણતાં હતાં. પરીક્ષા હોવાથી ફોરમ શુક્રવારે હર્ષના ઘરે આવી હતી. ત્યાંથી બન્ને જણ હર્ષના સ્કૂટર પર કૉલેજ જવા નીકળ્યાં હતાં. સ્કૂટર મેડતિયા નગર ખાતે પહોંચ્યું ત્યારે સામેથી આવતી બસને જોઈ હર્ષે એકાએક સ્કૂટરની બ્રેક મારી હતી. ■

મહાબળેશ્વર
સંપૂર્ણ સુરક્ષિતતા Pure Veg
Neeta's હોટેલ
SAKET PLAZA
૨ રાત, ૩ રાત પેકેજ
All AC રૂમ્સ, કોટેજીસ,ભારત બેન્ઝ બસ
નીતા ટ્રાવેલ્સ 8652222690 8652222656 8652222893 8652222825
www.neetaholidays.com
મહાબળેશ્વર :02168-260583/4/5

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## ગોખલે અને બરફીવાલા પુલને જોડવાનું કામ રવિવારથી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંધેરી પૂર્વ અને પશ્ચિમને જોડનારા ગોપાલ કૃષ્ણ ગોખલે પુલ અને સી.ડી.બરફીવાલા પુલ જોડવાનું કામ રવિવારથી ચાલુ કરી દેવામાં આવ્યું છે. આ કામ પાલિકાએ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી-બોમ્બે (આઈઆઈટી) અને વીરમાતા જીજાબાઈ ટેક્નોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટ (વીજેટીઆઈ)ના નિષ્ણાતોની દેખરેખ હેઠળ આ પુલનું કામ ચાલુ કરવામાં આવ્યું હતું. બંને પુલને જોડવાનું કામ જૂન અંત સુધીમાં પૂરું કરવાનો લક્ષ્યાંક પાલિકાએ રાખ્યો છે. આ બંને બે પુલ વચ્ચે લગભગ અઢી મીટરનું અંતર રહી ગયું છે.

નવનિર્મિત ગોખલે પુલની એક લેન ૨૬ ફેબ્રુઆરીએ ટ્રાફિક માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. પરંતુ ગોખલે અને બરફીવાલા પુલ વચ્ચે રહી ગયેલા અંતરને કારણે વાહનચાલકોને હેરાનગતીનો સામનો કરવો પડી રહ્યો છે. તેથી પાલિકાએ વીજેટીઆઈનો સંપર્ક કર્યો હતો, જેમાં તેમણે પોતાના અહેવાલમાં ચાર સ્પાનને ઊભા કરવાની ભલામણ કરી હતી. જોકે આઈઆઈટી-બોમ્બેએ આ (જુઓ પાનું ૪) ▶▶

## ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડની જોખમી ઈમારતોને નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચોમાસું નજીક હોઈ મુંબઈ મહાનગરપાલિકા તમામ તૈયારીઓ સાથે સજ્જ થઈ ગઈ છે, જે હેઠળ મુંબઈના જુદા જુદા વિસ્તારોમાં આવેલા ગટરો અને નાળાની સફાઈની સાથે જ જોખમી ઈમારતો પર ધ્યાન આપી રહી છે. તાજેતરમાં 'ડી' વોર્ડમાં આવતા ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડ વિસ્તારમાં આવેલી જોખમી ઈમારતોને તાત્કાલિક સમારકામ કરાવી લેવાની તેમ જ અત્યંત જોખમી હાલતમાં હોય તેવી ઈમારતોને ખાલી કરવાની સૂચના પાલિકાએ આપી હતી. ચોમાસામાં નાગરિકોને અગવડ પડે નહીં તે માટે પાલિકા દ્વારા દર વર્ષે ચોમાસા પહેલા ગટરો અને નાળાઓની સફાઈ પર ખાસ ધ્યાન આપતી હોય છે. એ સાથે જ મુંબઈની લાઈફલાઈન ગણાતી રેલવે લાઈનને વરસાદમાં ફટકો પડે નહીં તે માટે રેલવેની હદમાં આવેલા નાળાઓની પણ સફાઈ યોગ્ય રીતે થાય તેની ખાતરી પાલિકા પ્રશાસન કરતી હોય છે. રવિવારે ઝોન એકમાં આવતા મધ્ય અને (જુઓ પાનું ૪) ▶▶

# મોદી અને પુટિનમાં કોઈ ફરક નથી: શરદ પવાર

સોલાપુર: નેશનાલિસ્ટ કૉંગ્રેસ પાર્ટી (એસપી)ના સુપ્રીમો શરદ પવારે રવિવારે એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિન વચ્ચે કોઈ તફાવત નથી. તેઓ દેશમાં લોકશાહીનો ધીરે ધીરે નાશ કરી રહ્યા છે. શરદ પવાર સોલાપુર જિલ્લાના અકલુજ ખાતે પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા, જ્યાં તેમણે માઢા અને સોલાપુર લોકસભા બેઠકોના ઉમેદવારો અંગે ચર્ચા કરવા ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન વિજયસિંહ મોહિતે પાટિલના નિવાસસ્થાનની મુલાકાત લીધી હતી. મોદી ઈચ્છતા નથી કે વિપક્ષમાંથી કોઈ પણ ચૂંટાય. વડા પ્રધાનનું આ વલણ દર્શાવે છે કે તેમના અને રશિયાના વ્લાદિમીર (જુઓ પાનું ૪) ▶▶

## રખડી પડેલા પ્રોજેક્ટોને નાણાકીય કંપનીઓને સોંપવાની વિચારણા

મુંબઈ: મુંબઈ શહેરમાં અનેક ઝૂંપડપટ્ટી પુનઃવિકાસ માટેના અનેક પ્રકલ્પો રખડી પડ્યા છે. સ્લમ રિહેબિલીટેશન ઓથોરીટી (એસઆરએ) હેઠળના ૪૭ અધૂરા પ્રોજેક્ટને જલદીથી શરૂ અને પૂર્ણ કરવા માટે ૧૬ નાણાકીય કંપનીઓએ ઈચ્છા વ્યક્ત કરી છે, જેથી ઝૂંપડપટ્ટીઓના પુનઃવિકાસનું કામકાજ ટૂંક સમયમાં શરૂ થવાની શક્યતા છે. લોકોને ઘર પૂરું પાડવા માટે એસઆરએ દ્વારા નાણાકીય કંપનીઓને આ પ્રકલ્પ સોંપવા બાબતે વિચાર કરવામાં આવી રહ્યો છે. એક અધિકારીએ કહ્યું હતું કે અમુક કંપનીઓએ તો એક કરતાં વધારે પ્રોજેક્ટમાં સામેલ થવા માટે રુચિ બતાવી છે. આ પ્રોજેકટને નાણાકીય કંપનીને આપવા માટે જરૂરી પરવાનગી મળ્યા પછી પ્રોજેકટને નાણાકીય કંપનીઓને સોંપવામાં આવશે.

એસઆરએ દ્વારા મુંબઈમાં અનેક પ્રકલ્પો શરૂ કર્યા છે. આ પ્રોજેકટ માટે ઝૂંપડપટ્ટી (જુઓ પાનું ૪) ▶▶

# અંધેરી સબ-વે પૂરમુક્ત કરવા વધુ ૨૦૯ કરોડનો ખર્ચ

### કામ પૂરું થતા ત્રણ વર્ષ લાગશે

મુંબઈ: ચોમાસામાં અંધેરી સબ વેમાં પાણી ભરાઈ ન જાય એ માટે મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસને વિવિધ કામ હાથમાં લીધા છે. પાણીનો નીકાલ ઝડપથી થાય એ માટે સબ વેને સમાંતર રેલવે લાઈન નીચે પર્જન્ય જલવાહીની બેસાડવામાં આવશે. એની સાથે નાળાની પહોળાઈ વધારવાની જવાબદારી પણ હાથ ધરવામાં આવશે. કામનો કુલ ખર્ચ અંદાજે ૨૦૯ કરોડ રૂપિયા થશે. (જુઓ પાનું ૪) ▶▶



સમાવેશ: ઍરફેર ⋮ ટુરિસ્ટ વિઝા ⋮ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ ⋮ લક્ઝરિયસ હોટેલ
સાઈટીંગ માટે પ્રવેશ ફી ⋮ ઍક્ટિવીટીઝ ⋮ ભારતીય ટૂર મેનેજર
રાજસ્થાની મહારાજ* ⋮ ટીપ્સ અને બીજું ઘણું બધું
AURORA TRAVEL-TOURS PVT. LTD
ઑરોરા ટ્રાવેલ્સ ટુર્સ પ્રા. લી.
સંપર્ક : બ્રીચ કેન્ડી, મહાલક્ષ્મી, મુંબઈ ૪૦૦ ૦૨૬. ઑફિસ: 022-23519710 / 11 / 12 / 13 / 14
નીલ 98218 90405 | જેસલ 98331 00845 | ખુશ્બુ 9820798588 | જતીન સંઘવી 98206 22417

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**